શાન–એ–ઈરાન | ચાતુર્માસમાં બિરાજમાન આચાર્યશ્રીઓ | એશિયન ગેઈમ્સ–૨૬ માટે ક્વોલિફાય થયેલ દેવયાનીબા ઝાલા | ઝૂંપડપટ્ટીની દિવાલોને કલાસરૂમ બનાવતી શિક્ષિકા રૂબલ નગી | ડાંગનો નાયગ્રા 'ગીરાધોધ' | વર્લ્ડ એસ્ટ્રોઈડ ડે



વિકાસની આ વ્રાઈબ્રન્ટ સમિટ વડોદરાને બનાવશે સ્માર્ટસિટી


ઝંખના કેવળ સત્યને પામવાની

# શ્રી ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

જુલાઈ-૨૦૨૬ | કિંમત ₹ ૬૦/-

Global Edition


AMERICA 250 SPECIAL

# અમેરિકા @ 250

## સ્વતંત્રતાની ભવ્ય ઉજવણી

## વિકાસની વિરાટ ગાથા અને વિશ્વ નેતૃત્વના ૨૫૦ વર્ષ



Read online : **www.feelingsmultimedia.com**

# PRIDE HOTELS & RESORTS

## PRIDE HOTELS LIMITED

**TRULY INDIAN.TRADITIONALLY LUXURIOUS.**




## Own. Develop. Manage. Operate.

- 2,723 keys across 34 operational hotels and resorts in 32 cities*
- A confirmed upcoming addition of 32 hotels and 2341 keys across 30 cities in India
- Operate more than 90+ Banquets & 50 F&B outlets (Restaurants, Bars, Coffee shops and Bakeries)**
- 4th largest among domestic chains within family promoted hotel companies*
- Ranked 27th in the prestigious Ernst & Young's DEI 100 List
- 6th Largest hotel chain in India in terms of chain-owned inventory in the upscale, upper midscale and midscale segments
- Presence in major cities, including Delhi, Ahmedabad, Kolkata, Pune, Bengaluru, Chennai, Bhopal, Indore and Nagpur.
- Resorts across India including Goa, Puri, Mussoorie, Jaipur and Jodhpur.

*As of June 30, 2025 | **As on date of this Draft Herring Prospectus

PRIDE PLAZA | PRIDE PREMIER | PRIDE ELITE | Biznotel BY PRIDE

**Over 38 years of experience managing a diverse range of hotels and resorts.**

USE Promocode :
**FEELINGS26** for exclusive offers

1800 209 1400 | pridehotel.com | centralreservations@pridehotel.com

PRIDE HOTELS LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the DRHP dated September 30, 2025, with SEBI and the Stock Exchanges on September 30, 2025. The DRHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.pridehotel.com and on the websites of the Book Running Lead Managers ("BRLMs"), i.e. Motilal Oswal Investment Advisors Limited and JM Financial Limited at www.motilaloswalgroup.com and www.jmfl.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see 'Risk Factors' on page 41 of the DRHP filed with SEBI and the Stock Exchanges. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges for making any investment decision and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision. The Equity Shares offered in the Offer have not been have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "U.S. Securities Act"), and may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside of the United States in "offshore transactions" in reliance on Regulation S and the applicable laws of the jurisdiction where those offers and sales occur.

NK Proteins

# TIRUPATI®
Edible Oils

હૅલ્ધીવાળી
હૅપ્પીનેસ



રથયાત્રાના પાવન પર્વ પર સર્વે નગરજનો ને
ખુબ ખુબ શુભકામનાઓ....

**જય જગન્નાથજી!**




**SHOP ONLINE ON** Shop.tirupatioils.com

૨૯ વર્ષ, ૫૫ દેશો, ૪૦ લાખથી વધુ વાચકો

Celebrating 29 YEARS POSITIVE MEDIA

'Feelings'-International Gujarati Family Magazine

ઝંખના કેવળ સત્યને પામવાની

# ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

# બુલંદ ભારત

## વાર્ષિક વિશેષાંક

### Architect of Modern India



આવી રહ્યો છે...

## ફીલિંગ્સનો ૨૮મો વાર્ષિક વિશેષાંક

# બુલંદ ભારત

પરમકૃપાળુ પરમાત્માની અસીમકૃપાથી રથયાત્રાના પાવન અવસરે ૧૯૯૮માં શરૂ થયેલ **'ફીલિંગ્સ'** મેગેઝિન સકારાત્મક પત્રકારત્વના પથ પર ૨૯માં વર્ષમાં પ્રવેશી રહ્યું છે. છેલ્લા ૨૮ વર્ષોથી અડીખમ રહી પોતાની સફળ શબ્દયાત્રા થકી વિશ્વના ૫૫ દેશોમાં ૪૦ લાખથી વધુ વાચકો ધરાવતું આ મેગેઝિન ભારતના કોર્પોરેટ જગતમાં પણ આદરથી વંચાય છે.

આ પાવન અવસરે આપણા કર્મઠ વિકાસ પુરુષ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સબળ અને સફળ નેતૃત્વમાં ભારત વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ તમામ ક્ષેત્રે આગળ વધી રહ્યું છે.

વિકાસની આ સફરમાં 'ફીલિંગ્સ' વાર્ષિક વિશેષાંક પ્રસિદ્ધ કરશે. જેમાં 'બુલંદ ભારત' કોન્સેપ્ટ અંતર્ગત વિવિધ વિષયોને ઉજાગર કરતા ખ્યાતનામ લેખકોની કલમે આર્ટિકલ્સનો સમાવેશ કરવામાં આવશે.

- બુલંદ ભારતની સંસ્કૃતિના આધાર સ્તંભ... ધર્મસ્થાનો એવમ્ ધર્મગુરુઓ
- નવું ભારત એટલે તક, તાકાત અને ટેકનોલોજીનો સંગમ
- આર્કિટેકટ ઓફ મોર્ડન ઈન્ડિયા... ઉદ્યોગપતિઓ, અર્થશાસ્ત્રીઓ, રાજકારણીઓ, IAS, IPS, વૈજ્ઞાનિકો, કલાકારો અને સાહિત્યકારો
- વિદેશમાં વસતા બુલંદ ભારતના રત્નો
- ભારતીય શેરબજારમાં NRIનો વધતો વિશ્વાસ
- વિદેશમાં વસતા ભારતીયો હવે બુલંદ ભારત તરફ
- મેડિકલ ટુરિઝમ ક્ષેત્રે અગ્રેસર બનતું ભારત
- યુવાધન આપી રહ્યું છે સપનાને હુન્નરની પાંખો
- વાઈબ્રન્ટ ગુજરાત દેશની પ્રગતિનું ગ્રોથ એન્જીન
- ભારતીય મહિલાઓનું ઉદ્યોગજગત, ભારતીય સેના, શેરબજાર, રાજકારણ, આર્કિટેકટ, ખેલજગત, તબીબીક્ષેત્ર, IAS, IPS, કલાજગત, અવકાશક્ષેત્ર તથા ન્યાયતંત્રમાં વધતું પ્રભુત્વ

જાહેરાત માટે સંપર્ક : 97129 45133

Email : info@feelingsmultimedia.com

Website : www.feelingsmultimedia.com

# અનુક્રમણિકા

'Feelings'-International Gujarati Family Magazine

ઝંખના કેવળ સત્યને પામવાની

ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

**૧૨**
અમેરિકાની સ્વતંત્રતાથી
સુપર પાવર સુધીની ગૌરવગાથા
- પ્રદીપ ત્રિવેદી



**૨૦**
વિકાસની આ વાઈબ્રન્ટ સમિટના
પગલે સ્માર્ટ સિટી બનવા
થનગનતું વડોદરા
- ફીલિંગ્સ ટીમ



**30**
સંબંધોનું સંકટ કે સંસ્કારોની ખામી?
સિયા-કેતન કેસમાંથી મળતા કડવા પાઠ
- કેતન નાણાવટી



**૩૮**
ઓવર ટુરિઝમ...
ભીડમાં ભગવાન અને હિલ સ્ટેશન
પર ઠંડક ગાયબ.!
- સંજય થોરાત 'સ્વજન'



**૪૪**
એશિયન ગેઈમ્સ તરફ ચિત્તા જેવી દોડ:
રાજકોટની સ્પ્રિન્ટ ક્વીન
દેવયાનીબા ઝાલાની ગૌરવગાથા
- પ્રદીપ ત્રિવેદી




**૪૬**
મુંબઈની શિક્ષિકા રૂબલે
ઝૂંપડપટ્ટીઓની દીવાલોને
કલાસરૂમ બનાવ્યા
- યજ્ઞેશ આચાર્ય




**૧૦** ચાર વૃદ્ધો - ડૉ. આઈ. કે. વીજળીવાળા

**૧૮** બી.એ.પી.એસ.ના સંતરત્ન પૂ. જ્ઞાનવત્સલ સ્વામીજીનું અમેરિકાના રોનોક બાદ હવે વિલ્મિંગટન શહેરના મેયર દ્વારા વિશેષ 'મેયોરલ ટ્રિબ્યુટ' અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું - ફીલિંગ્સ ટીમ

**૨૪** ખગોળવિજ્ઞાનથી ગ્રહ સંરક્ષણ સુધી : એસ્ટ્રોઈડનું રહસ્ય અને ભારતની તૈયારી - ફાલ્ગુની વસાવડા

**૨૬** વેનેઝુએલાનો વિનાશક ભૂકંપ - દીપક જગતાપ

**૨૮** શાન-એ-ઈરાન ! - નિલેશ ધોળકિયા

**૩૨** પરિચિત દુનિયાની પેલે પાર અજાણી સફરનો આનંદ માણતા અલગારી અમિત દેસાઈ - ફીલિંગ્સ ટીમ

**૩૪** પ્રકૃતિ પ્રેમી પર્યટકોની પહેલી પસંદ ડાંગનો નાયગ્રા વઘઈનો 'ગીરાધોધ' - મનોજ ખેંગાર

**૩૬** વર્ષાઋતુમાં સ્વસ્થ રહેવાનો વૈજ્ઞાનિક માર્ગ સરળ, સુરક્ષિત જીવન - પ્રો. મનોજ જગતાપ

**૪૦** વિક્રમ સંવત ૨૦૮૨માં ચાતુર્માસ બિરાજમાન આચાર્યશ્રીઓ - સંકલનઃ દીપક શાહ

**૪૨** પાંપણને ભીંજવતી ગુજરાતી ફિલ્મ 'જો જો પાંપણ ના ભીંજાય' - મુકેશ પારેખ

**૪૮** જેલની કાળમીંઢ દીવાલો પાછળ કણસતું માતૃત્વ - મુકેશ પારેખ

**૫૦** ભેંસ આગળ બીન - 'બધિર' અમદાવાદી

**૫૨** રાશી ભવિષ્ય - ગણેશા સ્પીક્સ

**૫૪** પ્રેસનોટ

**૫૬** ફીલિંગ્સ મિર્ચી

Read online : www.feelingsmultimedia.com

CELEBRATING 50 YEARS OF TRUST AND LIFETIME BOND

RAJANI® GROUP

Since : 1975




चाय, अगरबत्ती, माचिस, बोडी स्प्रे, मसाले, मुखवास, मीठी सुपारी, साबुन, पावडर और लिक्विड

## પ્રતિભાવ મોકલાવો આ રીતે

**આપના પ્રતિભાવ ફોટા સાથે અહીં મોકલો**

૧૦૨–૦૩–૦૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ,
કારેલીબાગ, વડોદરા–૧૮. (ગુજરાત) ભારત.
મો. ૯૮૨૫૩ ૨૮૪૮૮

**ઈ–મેલ દ્વારા**

info@feelingsmultimedia.com
atulshah496@gmail.com

**વેબસાઈટ /ઈ–મેગેઝિન દ્વારા**

www.feelingsmultimedia.com

**FOLLOW US ON:**

@feelingsmultimedia

# વાચકોના પ્રતિભાવ, વાચકોની કલમે...

વડોદરાના લોકલાડીલા જનનેતા સ્વ. યોગેશ પટેલને ફીલિંગ્સના તાજેતરના અંકમાં અપાયેલી શ્રદ્ધાંજલિનો લેખ વાંચીને આંખોમાં આંસુ આવી ગયા. યોગેશકાકાને સાચી શ્રદ્ધાંજલિ માટે આ આર્ટિકલ પૂરતો છે.

**– કોકિલાબેન પટેલ, અંકિતા પવાર (વડોદરા)**

'ગુજરાતમાં ફૂટબોલની રમતને લોકપ્રિય બનાવવા કમર કસતા પરિમલ નથવાણી' એ આર્ટિકલ પણ સુંદર લાગ્યો.


**– મહેશ પંચાલ (પાલનપુર)**

દેશ-વિદેશના અનેક ક્ષેત્રોના, વિભિન્ન વિષયોથી વાચકોને સારી રીતે પરિચિત કરવાની, 'ફીલિંગ્સ'ની પરંપરા રહી છે. તેના પરિણામે આ પ્રકાશનનો વ્યાપ પણ વધતો જાય છે. ધ્રાંગધ્રાના પથરા અને તેને બોલતા કરનાર સોમપુરાઓનું કામ તો જગત મંદિર (દ્વારિકા) અને પ્રથમ જ્યોતિર્લિંગની ધરોહર સાચવનાર તરીકે સોમનાથથી લઈને અયોધ્યાના નવા રામમંદિર સુધી વિસ્તરેલું છે.

**– અવિનાશ મણિયાર (વડોદરા)**

જૂન-૨૬ના અંકમાં વિદેશ જેવા લાગતા ભારતના મનોહર દરિયાકિનારાઓ વિશેનો આ લેખ વાંચવાની ખૂબ મજા આવી. ફીલિંગ્સ ટીમને અભિનંદન.

**– જગતપ્રકાશ તિવારી (દહાણુરોડ)**




ફીલિંગ્સ જૂન-૨૬ના અંકના કવરપેજ પર શોભતા શ્રીનાથજી બાવાના દર્શન અને જયેશ શાહ દ્વારા લખાયેલ શ્રીનાથદ્વારાનો મનોરમ્ય આર્ટિકલ વાંચીને આનંદવિભોર થઈ જવાયું. આ અંક દરેક વૈષ્ણવે કાયમી સાચવી રાખવા જેવો બન્યો છે.

**– કૃષ્ણકાંત જે. પરીખ, સુલભા શાહ, વૈભવ કપાસી (અમદાવાદ)**

તાજેતરમાં ચાલી રહેલા ફિફા વર્લ્ડ કપની રસપ્રદ માહિતી અને અગાઉના વર્ષોના રેકોર્ડ સાથે જૂન-૨૬ના અંકમાં પ્રદીપ ત્રિવેદીજીનો લેખ લા-જવાબ છે. ફૂટબોલ વિશેની આટલી ઝીણવટભરી માહિતી પ્રથમવાર વાંચવા મળી.

**– જયમિન, ભવ્ય ચૌહાણ (ભાવનગર)**

રાજસ્થાનના શ્રી સાંવરિયા શેઠ મંદિરના દર્શન, ઈતિહાસ અને અપરંપાર મહિમાની વાતો જૂન-૨૬ના અંકમાં વાંચવાની ખૂબ મજા આવી. આમ તો આખો અંક સુંદર બન્યો છે.

**– ઐશ્વર્યા જાદવ, ઋષિકેશ નાયક (બિલિમોરા)**

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ ફીલિંગ્સનો અંક વાંચ્યો. તેમાં ડૉ. અભિજીત પવાર દ્વારા સ્પાઈનની સારવારમાં આવી રહેલી ક્રાંતિ અંગેનો લેખ ખૂબ જ પ્રભાવશાળી લાગ્યો. હજારો દર્દીઓ માટે આશાનું કિરણ સમાન આ લેખ પ્રકાશિત કરીને ફીલિંગ્સે માનવસેવાનું ઉત્તમ કાર્ય કર્યું છે.

**– ક્રિસ્ટોફર એન્ડ મેરી (વલ્લભ વિદ્યાનગર)**

**ફીલિંગ્સના ૨૯મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે પત્રો, ઈમેલ, ફોન કોલ્સ તેમજ સોશિયલ મીડિયાના વિવિધ માધ્યમો થકી અસંખ્ય વાચકોએ કરેલ અભિનંદનની વર્ષા બદલ ફીલિંગ્સ અહોભાવની લાગણી વ્યક્ત કરે છે.**

Greetings! Thank you for Publishing Feelings and providing Excellent Articles and lot of food for thought wish you well.

**– Dr. Manu Chandaria (Africa)**

The June 2026 edition of Feelings magazine is truly inspiring. Its insightful national and international articles make it a wonderful family reading experience. We feel proud to be regular readers.

**- Jashubhai Patel & Nirali Pandya (California, USA)**

Congratulations almost 3 decades ,you must be feeling proud the time you started and now. You have to go miles ahead. Once again congratulations.

**- Sanjive Pathak (Ahmedabad)**

Heartiest Congratulations. Well done. Great accomplishment. Best wishes for a greater success.

**- Sureshbhai Patel (Neonz)**

ફીલિંગ્સ મીડિયાને ૨૯મા વર્ષમા પ્રવેશ બદલ ખૂબ ખૂબ અભિનંદન. હુ અને મારો પરિવાર દર મહીને ફીલિંગ્સ મેગેઝિનની રાહ જોઈએ છીએ. અંક મળે કે તરત હાશકારો થાય અને ગ્રુપમાં પણ તરત જ મોકલી આપુ છું. આ મેગેઝિનમાં વિવિધ પ્રકારના લેખો, તેમજ રસપ્રદ માહિતીઓ વાંચી મન પ્રફુલ્લિત થઈ જાય છે. તંત્રીશ્રી અતુલભાઈને તેમજ ફીલિંગ્સ પરિવારને હાર્દિક શુભકામનાઓ.

**– ઉમાકાંત જોષી તેમજ પરિવાર પૂર્વ મેયરશ્રી, વડોદરા (યુએસએ)**

ફીલિંગ્સ મેગેઝિનના ૨૯મા વર્ષમાં પ્રવેશ બદલ ખૂબ ખૂબ અભિનંદન.

**– સી.બી. પટેલ (યુએસએ)**

**कोटि कोटि अभिनंदन एवं हार्दिक मंगल शुभकामनाएं।**

**– કે.કે. શાહ, તંત્રી–'ગુજરાતી બોલ' તથા ચંદ્રકાંત ચોથાણી (મસ્કત)**

આપની સખત મહેનત તથા દીર્ઘદ્રષ્ટિના પરિણામે ફીલિંગ્સ આજે સફળતાપૂર્વક ૨૯મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. જેમ જગન્નાથજીની રથયાત્રા ૧૫૦મા વર્ષમાં પ્રવેશી છે, તેમ ફીલિંગ્સ પણ આવનારા અનેક વર્ષો સુધી સફળતાના નવા શિખરો સર કરતું રહે તેવી પ્રભુને હાર્દિક પ્રાર્થના.

**– અનિલભાઈ પાઠક (સિનિયર જર્નાલિસ્ટ, અમદાવાદ)**

**સમગ્ર વિશ્વ આજે યુદ્ધ, આતંકવાદ અને કુદરતી આફતોથી ઘવાયેલું છે. જળ–વાયુ પરિર્વતનના કારણે માનવજાતિ તન, મન, ધનથી નિર્બળ બની રહી છે. મનુષ્ય અજંપો, બેચેની, હતાશા જેવી માનસિક સમસ્યાઓનો શિકાર બનતો જાય છે. સમાજમાં આત્મહત્યાના કિસ્સા વધી રહ્યાં છે. 'ફીલિંગ્સ ફાઉન્ડેશન' આવી પરિસ્થિતિમાં મુકાયેલા આબાલ–વૃધ્ધ દરેક વ્યક્તિઓની સહાયતા માટે 24x7 સદૈવ તત્પર છે. જો આપ આવી કોઈપણ સમસ્યાથી ઘેરાયેલા હોય તો નીચે દર્શાવેલ નંબર પર વોટ્સઅપ મેસેજ/ઇ–મેલ કરશો. ફીલિંગ્સ આપના માટે હર સંભવ તમામ પ્રયાસો કરશે. આપની ઓળખ અને સમસ્યા સંપૂર્ણપણે ગોપનીય રહેશે.**

**Whatsapp No**
**+91-98253 28488**

Feelings Foundation

**Email**
**feelingsfoundation2010@gmail.com**



II Shree Satya II
DAMODARDAS
JEWELLERS
DMC Group SINCE 1961
દરેક પળે, દરેક પ્રસંગે ઝગમગતું સૌંદર્ય
અલકાપુરી આર્કેડ, અલકાપુરી, વડોદરા. ફોનઃ ૮૭૫૮૫ ૭૮૭૮૭
એમ.જી.રોડ, માંડવી, વડોદરા. ફોનઃ ૯૦૯૯૦ ૭૦૧૫૧

'Feelings'-International Gujarati Family Magazine

ફીલિંગ્સ
ઝંખના કેવળ સત્યને પામવાની
વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

**તંત્રી-માલિક-પ્રકાશક : અતુલ શાહ**

| | |
|---|---|
| ડાયરેક્ટર | : સંગીતા શાહ, ખ્યાતિ શાહ |
| એક્ઝિ. ડાયરેક્ટર | : દીપ્તિ દેઢિયા |
| ફાઈનાન્સિયલ કન્સલ્ટન્ટ | : દેવાંશી શાહ |
| માર્કેટિંગ કન્સલ્ટન્ટ | : અરવિંદ પુરોહિત |
| એડવાઈઝર | : મહેન્દ્ર શાહ |
| સરક્યુલેશન | : નિલેશ બારીયા |
| ફોટોગ્રાફર | : ચેતન મિસ્ત્રી |

**ઈન્ટરનેશનલ ઓફિસ**

**FEELINGS MULTIMEDIA LTD**
USA
**Atlanta Georgia**
**Khyati Shah (Director)** Ph.: +001 404 952 5304
**Email -** khyatishah88@gmail.com
**New Jersey :** Sanjeev Pandya
Dr. Arun Mehta - Promotional Exe. PH.: 732-261-8392
**California (West Coast) :** Vijay Shah Journalist
**Chicago :** 2609 W. Devon Avenue, Chicago IL 60659
U.K. : Mkt. Head - Ashish Popat - M.: +44(O)7753386909
KENYA OFFICE :
P. O. BOX 1980-00232 - Ruiru (Nairobi) - KENYA-E.AFRICA

**રિજિયોનલ ઓફિસ**

**મુંબઈ**
૫૯, બીજો માળ, રત્નજ્યોત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઈરલા લેન, અંબા માતા ચોક, વિલે-પારલે (પૂર્વ) મુંબઈ ૪૦૦૦૫૬. મો. ૯૮૨૫૩ ૨૮૪૮૮

**અમદાવાદ**
બ્યુરો ચીફ : જિજ્ઞા પુજારા - મો. ૯૦૯૯૦ ૧૦૩૦૯
સુરેશ ઠક્કર - મો. ૯૮૨૫૦ ૦૮૫૭૭,
જર્નાલિસ્ટ : અપુર્વ ઠક્કર - મો. ૭૪૩૫૦ ૧૭૮૫૦

**ગાંધીનગર** - કેતન નાણાવટી - મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫

**સુરત** - મો. ૦૯૮૨૪૩ ૧૩૧૩૨

**રાજકોટ** (સૌરાષ્ટ્ર) :
માર્કેટિંગ એડવાઈઝર : નીતિન વસાણી - મો. ૯૮૨૫૨ ૫૮૪૫૧
પ્રદીપસિંહ જાડેજા - મો. ૯૪૨૬૨ ૬૩૪૪૬

**આણંદ :** બી.આર. રાઠોડ - મો. ૭૬૦૦૭ ૬૮૧૨૦
મેગેઝિન વર્લ્ડ - ફો. ૦૨૬૯૨-૨૪૪૫૮૨

**વાર્ષિક લવાજમ**

ભારતમાં : રૂા. ૧૧૦૦/-
વિદેશમાં : **100 US Dollars**
**આજીવન સભ્યપદ**
ભારતમાં : રૂા. ૫૧,૦૦૦/- વિદેશમાં : **7000 US Dollars**
ચેક/ડ્રાફ્ટ **Feelings Multimedia Ltd.**ના નામે મોકલવો

**જુલાઈ – ૨૦૨૬**

**વર્ષ-૨૯ સળંગ અંક : ૫૭૪**

**મુખ્ય કાર્યાલય**



**FEELINGS**
MULTIMEDIA LIMITED
૧૦૨-૩-૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત. (મો.) ૦૯૮૨૫૩ ૨૮૪૮૮

E-mail : info@feelingsmultimedia.com
atulshah496@gmail.com
Web : www.feelingsmultimedia.com

**Feelings Foundation**
80-G(5)No BRD/CIT-III/104/80-G/119-F/2011-12/486

Member
INS THE INDIAN NEWSPAPER SOCIETY

## તંત્રીસ્થાનેથી



# ૨૯મા વર્ષમાં પ્રવેશતું 'ફીલિંગ્સ'

વર્ષ ૧૯૯૮મા રથયાત્રાના પાવન પર્વે વડોદરાથી શરૂ થયેલ 'ફીલિંગ્સ' મેગેઝિન પોતાની ૨૮ વર્ષની સુદીર્ઘ શબ્દયાત્રા પૂર્ણ કરી ૨૯મા વર્ષમાં પ્રવેશ્યું છે. આ મેગેઝિન આજે વિશ્વના ૫૫ દેશોમાં ૪૦ લાખ જેટલા વાચકોના હૃદયસિંહાસન પર રાજ કરે છે. આ પાવન અવસરે ફીલિંગ્સ પોતાના તમામ સુજ્ઞવાચકો, વિજ્ઞાપનદાતાઓ-વિતરકો તથા શુભેચ્છકોનો આભાર માને છે.

ફીલિંગ્સના (જુલાઈ-૨૬ના) આ અંકમાં આપ માણી શકશો અમેરિકાની સ્વતંત્રતાથી સુપરપાવર સુધીની ગૌરવયાત્રા. તાજેતરમાં વડોદરાના આંગણે યોજાઈ ગયેલ રિજનલ વાઈબ્રન્ટ સમિટની નોલેજેબલ વાતો પણ આ અંકનું જમા પાસું છે.

આ અંકમાં એક તરફ જેલની કાળમીંઢ દીવાલોમાં કણસતું માતૃત્વ છે જ્યારે બીજી તરફ મુંબઈમાં ઝૂંપડપટ્ટીઓની દીવાલોને કલાસરૂમ બનાવી ત્યાંના બાળકોને ભણાવતી શિક્ષિકા રૂબલ નગીની સંઘર્ષયાત્રાનું પણ દર્શન છે. હવે વાત કરીએ નારી શક્તિની... એશિયન ગેમ્સ-૨૬ માટે ક્વોલિફાય થયેલ રાજકોટની એથ્લેટ્સ દેવયાનીબા ઝાલાની, જેમની સફળતા મહિલા જગત માટે પ્રેરણાસ્રોત ગણી શકાય.


તદ્ઉપરાંત આ ચાતુર્માસમાં વિવિધ સ્થાનોએ બિરાજમાન જૈન આચાર્ય - ભગવંતોના દર્શન પણ અંકમાં સમાવિષ્ટ છે. સમગ્ર દેશમાં ચર્ચાના ચકડોળે ચઢેલ રામમંદિર અયોધ્યાના દાનની હેરા-ફેરીના સમાચારોએ કરોડો હિન્દુઓની આસ્થાને ઠેસ પહોંચાડી છે. જેનો રંજ છે.

આપણાં વિવિધ ધર્મસ્થાનોમાં બિરાજમાન ભગવાન પણ હવે દાનની ચોરીથી હતપ્રભ બન્યા છે... ત્યારે પ્રભુને એટલી પ્રાર્થના કરીએ કે, 'સબકો સન્મતિ દે ભગવાન...'

જય જગન્નાથ

અતુલ શાહ

એડિટર




AsoPalav®

Celebrating 50 Years

50 Years • 5 Eras • One Legacy

An ode to the Women who chose
Us through the Years

Campaign By An All-Women Crew

AHMEDABAD I SURAT I VADODARA

asopalav.com I follow us on



ડૉ. આઈ. કે. વીજળીવાળા

# ચાર વૃદ્ધો

એક સવારે એક સ્ત્રીએ પોતાના ઘરનું બારણું ખોલીને જોયું તો બે વૃદ્ધ સ્ત્રી અને લાંબી દાઢીવાળા બે પુરુષ એમ ચાર જણ એના ફળિયામાં બેઠાં હતાં. અજાણ્યા ચહેરાઓને પોતાના ફળિયામાં જોઈ એને થોડો ખચકાટ થયો. જરાક બીક પણ લાગી. સાવ અજાણ્યા માણસોને પોતાના ઘરે આવેલા જોઈ એને નવાઈ લાગી. થોડીક હિંમત એકઠી કરીને એ એમની પાસે ગઈ. આદરપૂર્વક એમનું અભિવાદન કરી એણે પૂછ્યું, 'માફ કરજો વડીલો ! પરંતુ મેં તમને કોઈને ઓળખ્યા નહીં. તમે કોઈ કામ અંગે આવ્યા હો તો મને કહી શકો છો. જો ભૂલા પડ્યા હો અને વિશ્રામ કરવો હોય તો મારા ઘરમાં પધારો. હું આપના આરામ તેમજ ભોજનની વ્યવસ્થા કરી આપીશ.'

'બેટા! તારા આવાં વાક્યોથી અમને આનંદ થયો, પરંતુ શું તારો ઘરવાળો એટલે કે ઘરનો માલિક ઘરે હાજર છે?' આ ચારમાંથી એક વૃદ્ધે કહ્યું.

'ના દાદા! એ આજે વહેલી સવારથી કામ પર જવા નીકળી ગયા છે. બપોર સુધીમાં એ ઘરે આવી જશે, પરંતુ તમે લોકો એમની રાહ જોયા વગર અંદર આવો એવી મારી વિનંતી છે.' પેલી સ્ત્રીએ નમ્રતાપૂર્વક કહ્યું.

'નહીં દીકરી! અમારો નિયમ છે કે ઘરના માલિકની ગેરહાજરીમાં અને તેની મંજૂરી વિના અમે કોઈ ઘરમાં પ્રવેશ કરતા નથી. તું તારે જા અને તારો પતિ આવે ત્યારે અમને જણાવજે. અમે ચારેય સામેના ઝાડ નીચે બેઠા છીએ.' એટલું કહી એ ચાર જણ દૂર એક ઝાડ નીચે જઈ બેઠા.

બપોરે એ સ્ત્રીનો પતિ કામેથી આવ્યો ત્યારે એણે બધી વાત કરી. વાત સાંભળીને એ સ્ત્રીનો પતિ બહાર ગયો. પેલા ઝાડ પાસે જઈને એણે છાંયડે બેઠેલા ચારેય વૃદ્ધોને પોતાના ઘરમાં આવવા વિનંતી કરી.

'અમે ચારેય એક સાથે ભાગ્યે જ કોઈના ઘરમાં જઈએ છીએ. અમારામાંથી કોઈ પણ એક જ જણ તારી સાથે આવશે. તારે તારા ઘરના સભ્યો સાથે ચર્ચા કરીને અમને જણાવવું પડશે કે અમારામાંથી કોણ ઘરમાં આવે એવું તમે ઈચ્છો છો !' એક વૃદ્ધ બોલ્યો.

પેલા માણસને નવાઈ લાગી. થોડુંક રહસ્ય જેવું પણ લાગ્યું. એ બોલ્યો 'વડીલો! તમારા આગમન અને વાત બંનેથી હું થોડોક મૂંઝાયો છું. સૌથી પહેલા તો હું પૂછી શકું કે તમે સૌ કોણ છો? તમારા અંગે જાણ્યા વિના જઈશ તો હું મારા ઘરના સભ્યો સાથે કઈ રીતે ચર્ચા કરી શકીશ?'

'હમ્...મ્...મ્...! તારી વાત તો સાચી છે.' સૌથી લાંબી અને સફેદ દાઢીવાળા વૃદ્ધે કહ્યું, 'તો સાંભળ! હું પ્રેમ છું. મારાથી નાની દાઢીવાળો આ પુરુષ છે વૈભવ અને આ બે સ્ત્રીઓ છે શાંતિ અને સફળતા! હવે તું જા અને તારા ઘરના સભ્યો પાસે જઈને નક્કી કરતો આવ કે અમારામાંથી કોણ એક તારા ઘરમાં આવે? યાદ રાખજે કે કોઈ એક જ જણ તારા ઘરમાં આવી શકશે !'

પેલો માણસ પોતાના ઘરમાં પાછો આવ્યો. ઘરના સભ્યોને બધી વાત કરી પછી એ ચાર વૃદ્ધોમાંથી કોને ઘરમાં બોલાવવા એ નક્કી કરવાનું કહ્યું. ઘરના દરેક જણે પોતપોતાની રીતે વિચાર કર્યો અને પોતાના મંતવ્યો રજૂ કર્યા.

'આપણે વૈભવને જ ઘરમાં બોલાવીએ!' એ માણસની પત્ની બોલી, 'આપણા ઘરે વૈભવ આવશે તો પાડોશીઓ બળીને ખાક થઈ જશે! મને તો એ વાત વિચારતા પણ આનંદ આવે છે એટલે મારું

માનો તો વૈભવને જ બોલાવો!'

'ના! ના! એના કરતા તો સફળતાને જ આમંત્રણ આપીએ' એ માણસ પોતે જ બોલ્યો, 'મારી નવી ફેક્ટરીનો પ્રોજેક્ટ અને મારા આર્થિક સાહસો સફળતાને ઝંખે છે. એટલે આપણે સફળતાને જ બોલાવીએ!'

'નહીં પિતાજી!' એ માણસનો યુવાન પુત્ર બોલ્યો, 'તમારી તથા મારી નાની ટકટક અને લડાઈ ઝઘડાઓથી હું બરાબરનો કંટાળી ગયો છું. એટલે હું તો ઈચ્છું છું કે આપણા ઘરમાં હવે શાંતિ આવે! મારે હવે બીજું કંઈ નથી જોઈતું. બસ! જાવ અને શાંતિને જ આપણા ઘરમાં પધારવા કહો!'

આ બધી વાતો દરમિયાન એમની પુત્રવધૂ ચૂપચાપ બેઠી બેઠી પોતાનું કામ કરી રહી હતી. પેલા માણસનું ધ્યાન એની પુત્રવધૂ પર પડ્યું. એણે કહ્યું, 'વહુ બેટા! તમે પણ આ બાબતમાં કંઈક કહો તો સારું. ઘરના દરેક જણનો અભિપ્રાય લેવાનું એ વૃદ્ધોએ મને કહ્યું છે.'

'બા-બાપુજી!' પુત્રવધૂએ પૂરા આદર સાથે કહ્યું, 'આમ જોઈએ તો આપણા ઘરમાં કોઈ જ વસ્તુની કમી નથી. આપણે લોકોએ બસ એકબીજા પ્રત્યે આદર અને પ્રેમભાવ વધારવાની જરૂર છે. આખો દિવસ આપણે એકબીજાને વડચકા જ ભરતા હોઈએ છીએ અને એટલે જ આપણને સુખનો અનુભવ નથી થઈ શકતો એટલે મારું માનો તો પ્રેમને જ આપણા ઘરમાં આવવાનું કહો. પ્રેમ ઘરમાં હશે તો આપણને અન્ય કોઈ વાતની કમી નહીં લાગે! બાકી તો તમે સૌ મારા કરતા મોટા છો એટલે તમે લોકો જે કંઈ નક્કી કરશો એ યોગ્ય હશે!'

ઘરના દરેકને પુત્રવધૂની વાત વધારે યોગ્ય લાગી. થોડીક મસલત કર્યા પછી એ માણસ બહાર ગયો. ઝાડ નીચે બેઠેલા પેલા વૃદ્ધો પાસે જઈ એ બોલ્યો, 'વડીલો! અમે તો એવું ઈચ્છીએ છીએ કે તમે સૌ અમારા મહેમાન બનો, પરંતુ તમારી શરત પ્રમાણે જો તમારામાંથી કોઈ એક જ આવી શકે તેમ હોય તો અમે તમારામાંથી વયોવૃદ્ધ એવા પ્રેમને જ આમંત્રણ આપીશું. એટલે હે પ્રેમ! તમે અમારા ઘરમાં પધારો અને અમારા મહેમાન બનો!'

પ્રેમ ઊભો થયો. એણે એ માણસની સાથે ચાલવાનું શરૂ કર્યું. એ વખતે પાછળથી કંઈક અવાજ આવતા પેલા માણસે પાછળ જોયું. એની આંખો નવાઈથી પહોળી થઈ ગઈ. એમની પાછળ પાછળ વૈભવ, શાંતિ અને સફળતા પણ આવી રહ્યા હતા. એ ઊભો રહી ગયો. એણે કહ્યું, 'માફ કરજો વડીલો! પરંતુ તમે તો કહેતા હતાને કે તમારામાંથી એક જ જણ મારી સાથે આવશે. તો તમે સૌ કેમ આવો છો? જોકે તમે બધા આવો તો પણ મને વાંધો નથી. તમે સૌ મારા મહેમાન થાવ એ તો અમને ગમશે, પરંતુ મને આ ગૂંચવાડો સમજાયો નહીં! તમે લોકો આ અંગે કંઈક સ્પષ્ટતા કરો એવી મારી વિનંતી છે!'

'જો ભાઈ!' જેનું નામ વૈભવ હતું એ વૃદ્ધે કહ્યું, 'તે પ્રેમ સિવાયના કોઈપણને આમંત્રણ આપ્યું હોત તો એ એક જ જણ તારા ઘરમાં આવી શકત, પરંતુ અમારા બધા વચ્ચે એક વણલખ્યો નિયમ છે કે જે ઘરમાં પ્રેમ જાય અને પ્રેમ રહે તે ઘરમાં વૈભવ, સફળતા અને શાંતિએ જોડે જ જવું! તેં તારા ઘરમાં પ્રેમને આમંત્રણ આપ્યું છે એટલે અમે સૌ પણ એની જોડે જ તારા ઘરમાં આવીશું!'

એ માણસે અને તેના ઘરના સૌએ હરખભેર એ ચારેય વૃદ્ધોને પોતાના ઘરમાં આવકાર્યા.

# ટૂંકી વાર્તા, બાળવાર્તા તથા હાસ્યવ્યંગ કટાક્ષ વાર્તાઓના માધ્યમથી ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરતા સુષમા શેઠ



સંસ્કાર નગરી વડોદરાનું ગૌરવ વધારતા લેખિકા સુષ્મા શેઠનું ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તા, બાળવાર્તા તેમજ હાસ્ય-વ્યંગ્ય કટાક્ષ વાર્તાના ક્ષેત્રે અદ્ભૂત યોગદાન રહ્યું છે. તેમનો સૌપ્રથમ પ્રકાશિત ટૂંકી વાર્તા સંગ્રહ 'વાર્તાઓ મારી તમારી'ને ગુજરાત સાહિત્ય અકાદમી તથા અંજુ નરશી પારિતોષિક પ્રાપ્ત થયાં છે. હાસ્ય-વ્યંગ્ય કટાક્ષ શ્રેણીમાં તેમનું 'હસતા રહો હસાવતા રહો' પુસ્તક ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રથમ પુરસ્કારથી સન્માનિત થયેલું છે.

તદુપરાંત, ચિત્રલેખા સાપ્તાહિકમાં તેમની 'હસગુલ્લા તરબતર' કોલમ બસ્સોથી વધુ સપ્તાહોથી સતત પ્રકાશિત થઈ રહી છે. અનેક વાર્તા સ્પર્ધાઓમાં તેમની લખેલી વાર્તાઓ વિજેતા નીવડી છે. સુષમા શેઠ વાર્તાલેખન ઉપરાંત અનેક વાર્તાપઠન સ્પર્ધાઓમાં પણ વિજેતા બની ચૂક્યાં છે અને વિવિધ પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે.

તેમને હાર્મની આર્ટ એન્ડ કલ્ચર સંસ્થા (અંજાર-કચ્છ) તરફથી ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપવા બદલ એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યાં છે.

તેમની આ સફળ શબ્દયાત્રા વિશાળ ફલક પર વિસ્તરી છે. સંદેશ, દિવ્ય ભાસ્કર, ગુજરાત ગાર્ડિયન, ગુજરાત સમાચાર જેવા પ્રતિષ્ઠિત અખબારો તેમજ અભિયાન, ચિત્રલેખા, ગુજરાત, અખંડ આનંદ, પરબ, ફીલિંગ્સ તથા કચ્છગુર્જરી જેવા મેગેઝિનમાં તેમની વાર્તાઓ પ્રકાશિત થઈ છે.

શ્રી વિરલ રાચ્છ દ્વારા 'ચિયર્સ જિંદગી', 'ગુજ્જુ જલસો' તેમજ 'જમાવટ' કાર્યક્રમોમાં તેમની વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રી રાજુલ દિવાનની 'છોટી સી કહાની'માં પણ તેમની વાર્તાઓ પસંદગી પામી છે.

આર.જે. ધ્વનિત દ્વારા સંપાદિત બાળવાર્તા પુસ્તકોમાં તેમની બાળવાર્તાઓ પસંદગી પામી છે.

તદ્ઉપરાંત, એકત્ર ફાઉન્ડેશન માટે શરીફાબેન વીજળીવાળા સંપાદિત 'નારી સંપદા'માં પણ તેમની વાર્તાને સ્થાન મળ્યું છે. તેમજ શ્રી હિતેન આનંદપરાની પરિકલ્પનાના 'નાટકમાં નાટક' કાર્યક્રમ અને 'સ્ત્રી એટલે' મોનોલોગ્સની ભજવણીમાં પણ સુષમા શેઠની વાર્તાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાતી વાર્તા જગતનું આ ઝળહળતું નારીરત્ન ભવિષ્યમાં પણ વધુ ને વધુ ઝળહળે તેવી ફીલિંગ્સ પરિવાર તરફથી અનેક-અનેક શુભકામનાઓ.




પ્રદીપ ત્રિવેદી

# અમેરિકાની સ્વતંત્રતાથી સુપર પાવર સુધીની ગૌરવગાથા

**૨૫૦મી સ્વતંત્રતા વર્ષગાંઠની ભવ્ય ઉજવણી, અમેરિકાનો ઇતિહાસ, વિશ્વને આપેલી અમૂલ્ય ભેટો અને ભારતીયો–ગુજરાતીઓનું ગૌરવપૂર્ણ યોગદાન**

દુનિયાને બંધારણ, બલ્બ, ટેલિફોન, વિમાન, ઈન્ટરનેટ, પીસી (પર્સનલ કોમ્પ્યૂટર), એસેમ્બલી લાઈન, ક્રેડિટ કાર્ડ, માઈક્રોવેવ ઓવન, જી.પી.એસ., એ.ટી.એમ., હીયરિંગ એઈડ, ઈમ્પ્લાન્ટેબલ પેસમેકર, ટ્રાન્ઝિસ્ટર, લેસર, 3D પ્રિન્ટર, સોલાર સેલ, ઈપી પેન, પોર્ટેબલ વેક્યુમ ક્લીનર, વીડિયો ગેમ, રિપ્લેસેબલ બેટરી, સ્મોક ડિટેક્ટર તેમજ વિવિધ રસીઓ જેવી અનેક ભેટો આપનાર અને ચંદ્ર પર સૌપ્રથમ પગ મૂકવાનું માનવજાતને ઐતિહાસિક ગૌરવ અપાવનાર અમેરિકાએ ૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ તેની સ્વતંત્રતાની ૨૫૦મી વર્ષગાંઠની ભવ્ય ઉજવણી કરી. આ અવસરે ભવ્ય આતશબાજી, વિવિધ પ્રકારની પરેડ, ડ્રોન લાઈટ શો, ફેરી વ્હીલ તથા અનેક કોન્સર્ટનું આયોજન કરીને આ ઉજવણીને યાદગાર બનાવી દેવામાં આવી.

આ ઐતિહાસિક દિવસની ઉજવણી સમગ્ર અમેરિકામાં અભૂતપૂર્વ ઉત્સાહ સાથે કરવામાં આવેલ. પ્રથમ વખત અમેરિકાના આઠેય ટાઈમ ઝોનમાં 'ટાઈમ્સ સ્કવેર' જેવી બોલ ડ્રોપ વિધિ આઠ વખત યોજાઈ હતી. ૩ અને ૪ જુલાઈની મધ્યરાત્રિએ દરેક અમેરિકન ટાઈમ ઝોનમાં બોલ ડ્રોપ યોજાયો હતો. ન્યૂયોર્કથી લઈને હવાઈ સુધી સમગ્ર દેશમાં એકસાથે મધ્યરાત્રિની ઉજવણી થઈ હતી.

આ પ્રસંગે એક વિશેષ 'ટાઈમ કેપ્સ્યુલ'ને ઈન્ડિપેન્ડન્સ હોલની નીચે દફનાવવામાં આવી, જે હવે આગામી ૨૫૦ વર્ષ બાદ એટલે કે ઈ.સ. ૨૨૭૬માં અમેરિકાની ૫૦૦મી સ્વતંત્રતા વર્ષગાંઠ નિમિત્તે ખોલવામાં આવશે. આ કેપ્સ્યુલમાં દરેક રાજ્યની ઐતિહાસિક અને યાદગાર વસ્તુઓ, ઓલિમ્પિક ગોલ્ડ મેડલ, સુપ્રીમ કોર્ટના જજોની સહી ધરાવતું બંધારણ સહિત અનેક મહત્ત્વપૂર્ણ સ્મૃતિચિહ્નો રાખવામાં આવ્યા છે.

આ ૨૫૦મી સ્વતંત્રતા વર્ષગાંઠની ઉજવણી માટે ટ્રમ્પ વહીવટી તંત્રએ 'Greatest and Biggest Celebration of Fireworks Ever'નું આયોજન કર્યું હતું. "Freedom-250" દ્વારા ૮,૬૦,૦૦૦થી વધુ ફટાકડા આકાશમાં છોડવામાં આવ્યા હતા. નવો વિશ્વવિક્રમ સ્થાપિત કરતી આ ભવ્ય આતશબાજીએ અમેરિકાના આકાશને ઉત્સાહ, ગૌરવ અને રંગબેરંગી પ્રકાશથી ઝળહળી ઊઠતું બનાવ્યું હતું. આ ફાયરવર્કસે ફિલિપાઈન્સના અગાઉના વિશ્વવિક્રમને પાછળ છોડી દીધો હતો.

ઉપરાંત નેશનલ મોલ ખાતે ૧૬ દિવસ સુધી 'Great American State Fair'નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૧૧૦ ફૂટ ઊંચું ફેરી વ્હીલ, રોડિયો, બટર સ્કલ્પચર, વિશાળ કોળા સહિત અનેક આકર્ષણો રજૂ કરવામાં આવ્યા હતા. સમગ્ર અમેરિકા સ્વતંત્રતાના લહેરાતા ધ્વજ સાથે ઉત્સવના રંગમાં રંગાઈ ગયું હતું.

### ડોનાલ્ડ ટ્રમ્પ

અમેરિકાના વર્તમાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦૨૪ની રાષ્ટ્રપતિની ચૂંટણી દરમિયાન જ 'White House Task Force on Celebrating America's 250th Birthday' દ્વારા અમેરિકાની ૨૫૦મી વર્ષગાંઠની અદ્ભૂત ઉજવણી કરવાનું વચન આપ્યું હતું. ૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ 'Freedom-250 Task Force'ના અધ્યક્ષ તરીકે લિંકન મેમોરિયલ સામે સંબોધન કરતાં તેમણે ત્રણ મહત્ત્વપૂર્ણ વાતો કરી હતી. સૌપ્રથમ તેમણે કહ્યું કે, 'This will be the greatest fireworks show in the history of the world. We are showing the world what America looks like at 250.'



તેમણે બીજી મહત્ત્વપૂર્ણ વાત કરતાં જણાવ્યું કે, 'The Unfinished American Experiment.' '250 years ago we declared independence. Tonight we declare that the American Dream is not dead. It is just beginning. We the People are writing the next 250 years.'

આ સાથે તેમણે અમેરિકાના બંધારણ, સરહદ સુરક્ષા અને અમેરિકન


Read online : www.feelingsmultimedia.com



ઉત્પાદનોને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

ત્રીજી મહત્ત્વપૂર્ણ વાત કરતાં તેમણે જણાવ્યું કે, 'America First, But Not America Alone. We celebrate ourselves, but we also thank the 190 nations whose people came here with dreams. You made America GREAT. This is your Home too.'

તેમના આ ભાષણ બાદ 'God Bless America' ગીત ગવાયું હતું અને સમગ્ર નેશનલ મોલ મોબાઈલ ફોનની લાઈટોથી ઝળહળી ઊઠ્યો હતો.

**પ્રથમ**

America 250, Freedom 250 અને First America જેવા સૂત્રોથી ગુંજતું અમેરિકા આજે વિશ્વના વિકાસનું એન્જિન ગણાય છે. દુનિયાના પ્રથમ આધુનિક પ્રજાસત્તાક દેશ તરીકે અમેરિકાની ઓળખ છે. તેનું લોકશાહી બંધારણ We the People શબ્દોથી શરૂ થાય છે, જે ૧૭૮૯માં અમલમાં આવ્યું હતું.

We the People of the United States, in order to form a more perfect Union, establish Justice, insure domestic Tranquility, provide for the common defense, promote the general Welfare, and secure the Blessings of Liberty to ourselves and our Posterity, do ordain and establish this Constitution for the United States of America.

આ એ અમેરિકા છે, જેના વિજ્ઞાની થોમસ એડિસને ૧૮૭૯માં વીજળીનો બલ્બ વિકસાવીને સમગ્ર વિશ્વની રાતોને પ્રકાશમય બનાવી દીધી. અમેરિકાએ ૧૯૦૩માં દુનિયાને વિમાનની ભેટ આપી. તે જ વર્ષે રાઈટ બ્રધર્સે કિટ્ટી હોક ખાતે સૌપ્રથમ વખત લગભગ ૧૨ સેકન્ડ સુધી અને આશરે ૧૨૦ ફૂટનું અંતર કાપતી ઐતિહાસિક ઉડાન ભરી હતી. પરિણામે આજે સમગ્ર વિશ્વ હવાઈ મુસાફરીનો આનંદ લઈ રહ્યું છે.

૧૯૬૯માં અમેરિકાએ સૌપ્રથમ વખત ચંદ્ર પર માનવને પહોંચાડીને ઈતિહાસ રચ્યો. અવકાશયાત્રી નીલ આર્મસ્ટ્રોંગ એપોલો મિશન દ્વારા ચંદ્ર પર પહોંચ્યા અને માનવજાત માટેનું ઐતિહાસિક પગલું ભર્યું.

આ પછી અમેરિકાએ વિશ્વને સૌથી ક્રાંતિકારી ભેટ તરીકે ઈન્ટરનેટ આપ્યું. ૧૯૬૯માં UCLAથી Stanford વચ્ચે સૌપ્રથમ 'LO' સંદેશ મોકલવામાં આવ્યો હતો. આજે સમગ્ર વિશ્વ ડિજિટલ યુગમાં જીવી રહ્યું છે.

આજે વિશ્વમાં સૌથી વધુ કાર અમેરિકાના રસ્તાઓ પર દોડે છે, જેનો શ્રેય હેનરી ફોર્ડને જાય છે. તેમણે ૧૯૧૩માં એસેમ્બલી લાઈન દ્વારા Model-Tનું મોટા પાયે ઉત્પાદન શરૂ કરીને મધ્યમવર્ગના લોકોનું કારનું સ્વપ્ન સાકાર કર્યું.

દુનિયાના લાખો બાળકોને પોલિયોથી બચાવનાર ડૉ. જોનાસ સાલ્કે ૧૯૫૫માં સફળ પોલિયો રસી વિકસાવી હતી. ૧૯૭૮માં GPS સિસ્ટમ વિકસાવવામાં આવી, જે આજે સમગ્ર વિશ્વમાં સેટેલાઈટ આધારિત નેવિગેશન માટે ઉપયોગમાં લેવાય છે.

૧૯૨૭માં અલ જોલ્સન અભિનીત The Jazz Singer ફિલ્મ વિટાફોન સિસ્ટમ દ્વારા રેકોર્ડ કરાયેલા સંવાદો સાથે રજૂ કરવામાં આવી હતી, જેને વિશ્વની પ્રથમ બોલતી ફીચર ફિલ્મ તરીકે ઓળખવામાં આવે છે.

આ ઉપરાંત ૧૮૭૬માં એલેકઝાન્ડર ગ્રેહામ બેલ દ્વારા ટેલિફોન, ૧૯૦૨માં એર કન્ડિશનર, ૧૯૩૦માં સુપરમાર્કેટ, ૧૯૫૦માં ક્રેડિટ કાર્ડ, ૧૯૬૦માં લેસર અને ૧૯૭૧માં માઈક્રોપ્રોસેસર જેવી અનેક શોધોએ અમેરિકાને વિશ્વના અગ્રણી નવીનતા કેન્દ્ર તરીકે સ્થાપિત કર્યું અને માનવજીવનને વધુ સરળ તથા સુવિધાસભર બનાવ્યું.

**અમેરિકા વિશ્વમાં શ્રેષ્ઠ કેમ છે? તેનો જવાબ આ રહ્યો.**

વિશ્વની સર્વશ્રેષ્ઠ ૧૦ યુનિવર્સિટીઓમાં અમેરિકાની ૭ યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે. જેમાં Harvard, MIT, Stanford, Caltech વગેરે જેવી વિશ્વવિખ્યાત યુનિવર્સિટીઓમાં દુનિયાભરના ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

અવકાશ સંશોધન ક્ષેત્રે અમેરિકાએ જબરદસ્ત પ્રગતિ કરી છે. NASA ઉપરાંત SpaceX જેવી સંસ્થાઓ આજે વિશ્વમાં સૌથી વધુ સક્રિય અવકાશ સંસ્થાઓમાં સ્થાન ધરાવે છે.






મનોરંજન ક્ષેત્રે જોઈએ તો Hollywood, Disney, Netflix, NBA, NFL અને Super Bowl જેવી સંસ્થાઓ તથા કાર્યક્રમો આજે સમગ્ર વિશ્વમાં સૌથી વધુ લોકપ્રિય છે.

ટેક્નોલોજીના ક્ષેત્રમાં ઈન્ટરનેટ, GPS, Google Search, iPhone, Artificial Intelligence (AI), Tesla જેવી અદ્યતન ટેક્નોલોજી અને નવીનતાઓને કારણે અમેરિકા વિશ્વનું ટેક્નોલોજી હબ ગણાય છે.

એટલું જ નહીં, સેવા અને દાનના ક્ષેત્રે પણ બિલ ગેટ્સ અને વોરેન બફેટે સેવાકીય સંસ્થાઓને અબજો ડોલરનું દાન આપીને સમગ્ર વિશ્વ માટે પ્રેરણારૂપ કાર્ય કર્યું છે.

અમેરિકા વિશ્વમાં એક અલગ જ ઓળખ ધરાવતો 'સપનાઓ સાકાર કરતો દેશ' છે. અહીં વ્યક્તિની મહેનત, પ્રતિભા અને પોતાના કાર્ય પ્રત્યેનું સમર્પણ તેને સફળતાના શિખરે પહોંચાડી શકે છે.

તેના શ્રેષ્ઠ ઉદાહરણોમાં સ્ટીવ જોબ્સની ગેરેજથી Apple સુધીની સફર, ઓપ્રા વિનફ્રેની ગરીબીમાંથી બિલિયોનેર બનવા સુધીની સફર તેમજ ઈલોન મસ્કની દક્ષિણ આફ્રિકાથી અમેરિકા આવી Tesla અને SpaceX જેવી વિશ્વપ્રસિદ્ધ કંપનીઓ સુધીની ઉડાનનો સમાવેશ થાય છે.

અમેરિકાની બીજી મહત્વપૂર્ણ ઓળખ 'Innovation Nation' તરીકે છે. જેના પરિણામે વિશ્વનું શ્રેષ્ઠ બૌદ્ધિક ધન અહીં આકર્ષાય છે. વિશ્વના ૫૦ ટકાથી વધુ નોબેલ પારિતોષિક વિજેતાઓ અમેરિકામાં કાર્યરત રહ્યા છે અથવા અમેરિકાની સંસ્થાઓ સાથે જોડાયેલા રહ્યા છે.

સિલિકોન વેલી, Google, Apple, Meta, NVIDIA અને ChatGPT જેવી અદ્યતન ટેક્નોલોજી પાછળનું મુખ્ય કેન્દ્ર અમેરિકા છે. અહીં દર વર્ષે Research Development (RD) પાછળ આશરે ૭૦૦ બિલિયન ડોલર જેટલું રોકાણ કરવામાં આવે છે. અમેરિકાની ત્રીજી ઓળખ વિશ્વની સુપર પાવર તરીકેની છે. તેની પાછળ વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા, આશરે ૩૧.૮૭ ટ્રિલિયન ડોલરનું GDP અને વૈશ્વિક સ્તરે સૌથી વધુ સ્વીકાર્ય ચલણ 'ડોલર' મુખ્ય કારણો છે.

અમેરિકા પાસે ૧૧ એરક્રાફ્ટ કેરિયર્સ, ૭૫૦થી વધુ મિલિટરી બેઝ, NATOનું નેતૃત્વ તેમજ વિશ્વની અનેક મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની મુખ્ય કચેરીઓ આવેલી છે. તેથી વિશ્વમાં કોઈપણ મોટી ઘટના બને ત્યારે સૌપ્રથમ નજર અમેરિકાની પ્રતિક્રિયા પર જ રહેતી હોય છે.

આ ઉપરાંત અમેરિકા એક 'Free Country' તરીકે પણ ઓળખાય છે. અહીં અભિવ્યક્તિની સ્વતંત્રતા, ધર્મની સ્વતંત્રતા અને પ્રેસની સ્વતંત્રતા જેવા મૂળભૂત અધિકારો પ્રાપ્ત છે. આત્મરક્ષાનો અધિકાર હોવાથી ગન સંબંધિત કાયદાઓ પણ અન્ય ઘણા દેશોની સરખામણીએ વધુ સરળ છે.

અમેરિકા એક 'Melting Pot' છે, એટલે કે વિવિધતામાં એકતા ધરાવતો દેશ. વિશ્વના ૧૯૦થી વધુ દેશોના લોકો અહીં વસે છે. સ્ટેચ્યુ ઓફ લિબર્ટી પર લખ્યું છે, 'Give me your tired, your poor, your huddled masses yearning to breathe free.' એટલે આજે પણ વિશ્વભરના લાખો લોકોને અમેરિકા આવીને પોતાના સપનાઓ સાકાર કરવાની પ્રેરણા આપે છે.

**અમેરિકાની સ્વતંત્રતાનો ઈતિહાસ**

આજથી ૨૫૦ વર્ષ પહેલાં, ૪ જુલાઈ, ૧૭૭૬ના રોજ અમેરિકાની ૧૩ કોલોનીઓએ બ્રિટનથી પોતાની સ્વતંત્રતાની ઘોષણા કરી હતી. આ ઐતિહાસિક ઘોષણાપત્ર પર ૫૬ પ્રતિનિધિઓએ સહી કરી હતી. ત્યારથી દર વર્ષે ૪ જુલાઈ અમેરિકાનો 'સ્વતંત્રતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ સ્વતંત્રતાની ઘોષણાનો દસ્તાવેજ થોમસ જેફરસને તૈયાર કર્યો હતો, જેને Declaration of Independence તરીકે ઓળખવામાં આવે છે.

અમેરિકાની સ્વતંત્રતા માટેનું યુદ્ધ વાસ્તવમાં ૧૭૭૫માં શરૂ થયું હતું અને ૧૭૮૩માં થયેલી સંધિ Treaty of Paris દ્વારા બ્રિટને અમેરિકાની સ્વતંત્રતાને સત્તાવાર માન્યતા આપી હતી. તેમ છતાં, ૪ જુલાઈ, ૧૭૭૬ના રોજ સ્વતંત્રતાનું જાહેરનામું સ્વીકારવામાં આવ્યું હોવાથી આ દિવસને અમેરિકાના સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.



ઈ.સ. ૧૭૬૦થી ૧૭૭૦ના દાયકામાં અમેરિકાની ૧૩ કોલોનીઓ પર બ્રિટનનું શાસન હતું. તે સમયની 'Taxation Without Representation' નીતિ સામે ભારે અસંતોષ હતો. એટલે કે, બ્રિટન ટેક્સ તો વસૂલતું હતું, પરંતુ અમેરિકન વસાહતોને બ્રિટિશ સંસદમાં કોઈ પ્રતિનિધિત્વ આપતું નહોતું.

૧૭૭૩માં ચા પર લાદવામાં આવેલા કરના વિરોધમાં Boston Tea Party દરમિયાન ક્રાંતિકારીઓએ ચાની પેટીઓ સમુદ્રમાં ફેંકી દીધી હતી. આ ઘટનાને અમેરિકાની સ્વતંત્રતા ચળવળનો નિર્ણાયક વળાંક માનવામાં આવે છે. તેથી જ બોસ્ટનને અમેરિકાની આઝાદીની લડતનું પ્રથમ શહેર પણ કહેવામાં આવે છે.

અમેરિકાની ૨૫૦મી સ્વતંત્રતા વર્ષની ઉજવણી મુખ્યત્વે બે સંસ્થાઓ દ્વારા કરવામાં આવી હતી. America-250 અમેરિકન કોંગ્રેસની સત્તાવાર અને બિનપક્ષીય (Non-Partisan) સંસ્થા છે, જે ૨૦૧૬થી કાર્યરત છે. જ્યારે Freedom-250 વ્હાઈટ હાઉસની Task Force હેઠળ ૨૦૨૫થી કાર્યરત છે, જેના અધ્યક્ષ ખુદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ છે.

આ ઐતિહાસિક પ્રસંગની સૌથી ભવ્ય ઉજવણી અમેરિકાના પાંચ મુખ્ય શહેરોમાં કરવામાં આવી હતી.

**વોશિંગ્ટન ડી.સી.:** રાષ્ટ્રની રાજધાની તરીકે વોશિંગ્ટન ડી.સી. સત્તાવાર Federal Freedom 250 અને Salute to America ઉજવણીનું મુખ્ય કેન્દ્ર રહ્યું હતું. તેના કારણે નેશનલ મોલ ખાતે ૧૦ લાખથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. કેપિટોલ અને વોશિંગ્ટન મોન્યુમેન્ટ વચ્ચે આવેલા નેશનલ મોલ ખાતે ત્રણ કલાકની ભવ્ય પરેડ યોજાઈ હતી, જેમાં અમેરિકાના ૫૦ રાજ્યોની સંસ્કૃતિ, પરંપરા અને વિકાસનું પ્રતિબિંબ રજૂ કરતાં વિવિધ ટેબ્લો અને ફ્લોટ્સ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

૧૭૭૬થી ૨૦૨૬ સુધીના ઐતિહાસિક યુનિફોર્મ, લશ્કરી ફ્લાયઓવર, મિલિટરી સલામી પરેડ તેમજ એરોબેટિક શોના ભવ્ય કાર્યક્રમો યોજાયા હતા. આ ઉપરાંત ૧૧ એરક્રાફ્ટ કેરિયરના મોડેલો પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. સંગીતમય કાર્યક્રમો અને માર્ચિંગ બેન્ડની વિશાળ રેલીએ સમગ્ર વાતાવરણને દેશભક્તિના રંગમાં રંગી દીધું હતું.

ઈન્ડિપેન્ડન્સ હોલની માટી અહીં લાવીને 2276 Time Capsuleને દફનાવવામાં આવી હતી, જે અમેરિકાની ૫૦૦મી સ્વતંત્રતા વર્ષગાંઠ નિમિત્તે ખોલવામાં આવશે. આ કેપ્સ્યુલમાં દરેક રાજ્યની માટી, AI ચિપ, ઓલિમ્પિક ગોલ્ડ મેડલ તથા સુપ્રીમ કોર્ટના જજોની સહી ધરાવતું બંધારણ સહિતની મહત્ત્વપૂર્ણ વસ્તુઓ રાખવામાં આવી હતી. નેશનલ આર્કાઈવ્સ ખાતે Declaration of Independenceનું જીવંત વાચન કરવામાં આવ્યું હતું. ઉપરાંત National Geographic Museum of Explorationનું નવું મ્યુઝિયમ પણ જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

વોશિંગ્ટન મોન્યુમેન્ટના મેદાનમાં ઈતિહાસ સર્જતી ૩૦ મિનિટ સુધી ચાલેલી ૮,૬૦,૦૦૦ ફટાકડાની રેકોર્ડબ્રેક આતશબાજી યોજાઈ હતી, જેના રંગબેરંગી પ્રકાશથી સમગ્ર આકાશ ઝળહળી ઊઠ્યું હતું.

**ફિલાડેલ્ફિયા:** તેને અમેરિકાની આઝાદીનું જન્મસ્થાન માનવામાં આવે છે. આ એક ઐતિહાસિક શહેર છે, કારણ કે ૧૭૭૪થી ૧૮૦૦ સુધી ફિલાડેલ્ફિયા અમેરિકાની રાજધાની રહ્યું હતું. વોશિંગ્ટન ડી.સી. રાજધાની બન્યા પહેલાં દેશના તમામ મહત્વપૂર્ણ નિર્ણયો અહીં લેવામાં આવતા હતા. ૨ જુલાઈ, ૧૭૭૬ના રોજ અહીં મળેલી બીજી Continental Congressએ યુનાઈટેડ કોલોનીઝની સ્વતંત્રતા માટે ઠરાવ પસાર કર્યો હતો. ત્યારબાદ થોમસ જેફરસનની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની સમિતિએ તૈયાર કરેલા ડ્રાફ્ટના આધારે ૪ જુલાઈ, ૧૭૭૬ના રોજ સ્વતંત્રતાની ઘોષણા કરવામાં આવી હતી.

બેન્જામિન ફ્રેન્કલિન, થોમસ પેઈન અને જોન એડમ્સ જેવા મહાન નેતાઓ પણ અહીં રહેતા હતા. 'Common Sense' જેવા ક્રાંતિકારી પેમ્ફ્લેટો પણ અહીંથી પ્રકાશિત થયા હતા, જેણે લોકોને આઝાદી માટે જાગૃત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

૧૭૭૭માં બ્રિટિશ સેનાએ ફિલાડેલ્ફિયા પર કબજો કર્યો હતો, પરંતુ ૧૭૭૮માં તે ફરી અમેરિકન દળોના નિયંત્રણમાં આવ્યું હતું. જો ૧૭૭૬માં ફિલાડેલ્ફિયાના Independence Hallમાં Declaration of Independence પર સહી ન થઈ હોત, તો આજે કદાચ ૪ જુલાઈ અમેરિકાના સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવાતો ન હોત. આ જ સ્થળે બાદમાં અમેરિકાના બંધારણ પર પણ સહી કરવામાં આવી હતી. આ ઐતિહાસિક ઈમારતને યુનેસ્કોએ World Heritage Site તરીકે



જાહેર કરી છે. ૧૭૮૭માં અહીં અમેરિકાનું બંધારણ તૈયાર કરવામાં આવ્યું હતું. We the Peopleનો અવાજ સૌપ્રથમ ફિલાડેલ્ફિયાની ધરતી પર ગુંજ્યો હતો. અહીં આવેલા National Constitution Centerમાં બંધારણની ઐતિહાસિક નકલો તથા સાઈનિંગ રૂમ આજે પણ સાચવી રાખવામાં આવ્યા છે.

અમેરિકાનો સૌપ્રથમ ૧૩ સ્ટાર ધરાવતો ધ્વજ Betsy Ross દ્વારા અહીં તૈયાર કરવામાં આવ્યો હતો. તેમનું નિવાસસ્થાન Betsy Ross House આજે પણ ઐતિહાસિક સ્મારક તરીકે જાળવી રાખવામાં આવ્યું છે.




અહીં આવેલ Liberty Bell, જેનું વજન લગભગ ૨,૦૦૦ પાઉન્ડ છે, તેમાં તિરાડ હોવા છતાં અમેરિકાની આઝાદીનું પ્રતીક માનવામાં આવે છે. તેના પર લખાયેલા શબ્દો Proclaim Liberty Throughout All the Land. આજે પણ સ્વતંત્રતાનો સંદેશ આપે છે.

આ ઉપરાંત અહીં Museum of the American Revolution, National Constitution Center, FIFA World Cup સંબંધિત કાર્યક્રમો, Baseball All-Star Game, છ કલાક ચાલેલો One Philly Unity Concert તથા Welcome America Festival જેવા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

**બોસ્ટન:** બોસ્ટન બ્રિટિશ શાસન સામે અમેરિકાનું પ્રથમ વૈચારિક અને ક્રાંતિકારી કેન્દ્ર તરીકે ઓળખાય છે. ૧૭૭૦માં બ્રિટિશ સૈનિકોએ પાંચ વસાહતીઓ પર ગોળીબાર કર્યો હતો, જેના કારણે વિરોધની ભાવનાને વધુ વેગ મળ્યો હતો. ૧૭૭૩માં Tea Actના વિરોધમાં Sons of Libertyના સભ્યોએ બોસ્ટન બંદરમાં ૩૪૨ ચાની પેટીઓ સમુદ્રમાં ફેંકી દીધી હતી. આ ઘટનાને Boston Tea Party તરીકે ઓળખવામાં આવે છે અને તે અમેરિકાની સ્વતંત્રતા ચળવળનો મહત્વપૂર્ણ ટર્નિંગ પોઈન્ટ માનવામાં આવે છે. આથી જ બોસ્ટનને 'આઝાદીનું પ્રથમ શહેર' પણ કહેવામાં આવે છે.



૨૫૦મી વર્ષગાંઠની ઉજવણી દરમિયાન Boston Pops Orchestraએ ચાર્લ્સ રિવર એસ્પ્લેનેડ ખાતે દેશભક્તિથી ઓતપ્રોત ભવ્ય સંગીતમય કાર્યક્રમ રજૂ કર્યો હતો, જેનું સમાપન વિશાળ સિંક્રોનાઈઝ્ડ ફાયરવર્ક્સ શોથી થયું હતું. ૧૭૭૩ની Boston Tea Partyની ઘટનાનું જીવંત પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું, જેમાં પ્રતીકાત્મક રીતે ચાની પેટીઓ ફરી સમુદ્રમાં ફેંકવામાં આવી હતી.

આ ઉપરાંત Freedom Trail Light Show દ્વારા અંદાજે ૨.૫ માઈલ લાંબા માર્ગ પર ૨૫૦ વિશેષ પ્રોજેક્શન દ્વારા અમેરિકાના ઈતિહાસનું જીવંત પ્રદર્શન કરવામાં આવ્યું હતું. Sail Boston કાર્યક્રમ અંતર્ગત ઊંચાં જહાજો તથા વિવિધ દેશોના નૌકાદળના જહાજોનો આંતરરાષ્ટ્રીય કાફલો બોસ્ટન બંદરે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

**ન્યૂયોર્ક સિટી:** આ અમેરિકાના ક્રાંતિકારી યુદ્ધ દરમિયાન લાંબા સમય સુધી વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વનું શહેર રહ્યું હતું. અંગ્રેજોએ લગભગ સાત વર્ષ સુધી આ શહેર પર કબજો જાળવી રાખ્યો હતો અને ઉત્તર અમેરિકામાં પોતાના મુખ્ય લશ્કરી મથક તરીકે તેનો ઉપયોગ કર્યો હતો.

અમેરિકાનું બંધારણ અમલમાં આવ્યા બાદ ન્યૂયોર્ક સિટી યુનાઈટેડ સ્ટેટ્સની પ્રથમ સત્તાવાર રાજધાની બની હતી. અહીં આવેલી વોલ સ્ટ્રીટ પર જ અમેરિકાના પ્રથમ રાષ્ટ્રપતિ જ્યોર્જ વોશિંગ્ટને શપથગ્રહણ કર્યા હતાં. ૨૫૦મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે મેનહટ્ટન સ્કાયલાઈનની પૃષ્ઠભૂમિમાં ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી.

International Parade of Sail દરમિયાન લગભગ ૫૦ વિશાળ જહાજોએ સ્ટેચ્યુ ઓફ લિબર્ટી નજીક હડસન નદીમાં પોતાની હાજરી નોંધાવી હતી. ટાઈમ્સ સ્ક્વેર ખાતે વિશેષ Ball Drop કાર્યક્રમ યોજાયો હતો. આ ઉજવણીની સૌથી યાદગાર ક્ષણોમાંથી એક એ હતી કે એલિસ આઈલેન્ડ પરથી અમેરિકામાં આવેલા ઈમિગ્રન્ટ્સના વંશજોને મંચ પર આમંત્રિત કરીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

**એટલાન્ટા:** આ શહેરમાં વિશ્વવિખ્યાત AJC Peachtree Road Race યોજાઈ હતી, જેને વિશ્વની સૌથી મોટી ૧૦ કિલોમીટરની દોડ તરીકે ઓળખવામાં આવે છે. અમેરિકાના ૫૦ રાજ્યો તથા ૩૦થી વધુ દેશોના હજારો દોડવીરોએ લેનોક્સ સ્ક્વેરથી પીડમોન્ટ પાર્ક સુધી યોજાયેલી આ દોડમાં ભાગ લીધો હતો.

સ્ટોન માઉન્ટેન પાર્ક ખાતે Fantastic Fourth કાર્યક્રમ અંતર્ગત સિંક્રોનાઈઝ્ડ ડ્રોન, લેસર અને સંગીત સાથે ખાસ તૈયાર કરાયેલ ૨૫૦મી વર્ષગાંઠનો ભવ્ય ડ્રોન અને લાઈટ શો રજૂ કરવામાં આવ્યો હતો, જે સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. જિમી કાર્ટર પ્રેસિડેન્શિયલ લાઈબ્રેરી અને મ્યુઝિયમ ખાતે અમેરિકાના ઈતિહાસને રજૂ કરતી વિશેષ પ્રદર્શની યોજાઈ હતી. સેન્ટેનિયલ ઓલિમ્પિક પાર્કમાં ભવ્ય આતશબાજી સાથે ૨૫૦ ડ્રોન દ્વારા અદ્ભૂત લાઈટ શો રજૂ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત પીટર્સબર્ગ, ચાર્લસ્ટન, ટામ્પા, ચાટાનૂગા, હવાઈ સહિત અનેક શહેરોમાં પણ ભવ્ય ડ્રોન લાઈટ શો, હોટ એર બલૂન શો તથા અન્ય વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આમ, સમગ્ર અમેરિકાએ તેની ઐતિહાસિક ૨૫૦મી સ્વતંત્રતા વર્ષગાંઠની ઉજવણી ખરેખર ભવ્યતાથી બેનમૂન રીતે કરી હતી.




**અમેરિકાના વિકાસ અને સમૃદ્ધિમાં ભારતીયો અને ગુજરાતીઓનું યોગદાન**

અમેરિકાને 'સુપર પાવર' બનાવવામાં ભારતીય પ્રોફેશનલ્સ, ઉદ્યોગપતિઓ અને વૈજ્ઞાનિકોનો અત્યંત મહત્વનો ફાળો રહ્યો છે. ટેક્નોલોજી અને સિલિકોન વેલી, આરોગ્ય અને ફાર્માસ્યુટિકલ્સ, બિઝનેસ અને હોટેલ ઉદ્યોગ, શિક્ષણ અને સંશોધન સહિતના અનેક ક્ષેત્રોમાં ભારતીયોએ નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

અમેરિકાની લગભગ ૫૦ ટકા યુનિકોર્ન સ્ટાર્ટઅપ્સમાં ઓછામાં ઓછા એક ભારતીય મૂળના ફાઉન્ડરનો સમાવેશ થાય છે. Google, Microsoft અને Adobe જેવી અગ્રણી ટેક્નોલોજી કંપનીઓમાં ૩૦થી ૪૦ ટકા જેટલા એન્જિનિયરો ભારતીય મૂળના હોવાનું માનવામાં આવે છે.

ભારતીય IT કંપનીઓ જેવી કે TCS, Infosys અને Wiproએ અમેરિકામાં ૧.૫ લાખથી વધુ લોકોને રોજગારી પૂરી પાડે છે. અમેરિકામાં કાર્યરત દર દસ ડોક્ટરોમાંથી એક ડોક્ટર ભારતીય મૂળનો છે. ભારતની ફાર્માસ્યુટિકલ કંપનીઓ જેવી કે Dr. Reddy's અને Sun Pharma અમેરિકામાં સસ્તી જેનેરિક દવાઓ ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

બિઝનેસ ક્ષેત્રે ખાસ કરીને હોટેલ ઉદ્યોગમાં લગભગ ૬૦ ટકા મોટેલ્સ ગુજરાતી પટેલ સમુદાય દ્વારા સંચાલિત હોવાનું માનવામાં આવે છે. આ વ્યવસાયને વિશ્વભરમાં Patel Motel Empire તરીકે ઓળખવામાં આવે છે, જે આશરે ૪૦ બિલિયન ડોલરનો ઉદ્યોગ ગણાય છે. શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે Harvard, MIT અને Stanford જેવી વિશ્વવિખ્યાત યુનિવર્સિટીઓમાં ભારતીય મૂળના અનેક પ્રોફેસરો અને સંશોધકો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), કેન્સર સંશોધન, અવકાશ વિજ્ઞાન સહિતના અદ્યતન વિષયો પર કાર્ય કરી રહ્યા છે. એટલું જ નહીં, ભારતીય મૂળના અંદાજે ૧૬ જેટલા લોકોને નોબેલ પારિતોષિક પ્રાપ્ત થયું છે. વિશ્વની ટોચની પાંચ કંપનીઓમાંથી ત્રણ કંપનીઓના CEO ભારતીય મૂળના છે. તેમાં Google અને Alphabetના સુંદર પિચાઈ, Microsoftના સત્ય નડેલા તથા Adobeના શાંતનુ નારાયણનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત IBMના અરવિંદ કૃષ્ણ, Chanelના લીના નાયર, Palo Alto Networksના નિકેશ અરોરા, VMwareના રઘુરામ તથા Visaના વસંત પ્રભુ જેવી અનેક પ્રતિભાઓ પણ વૈશ્વિક સ્તરે સર્વોચ્ચ નેતૃત્વની જવાબદારી નિભાવી રહી છે. આ સમગ્ર ભારતીય સમુદાય માટે ગૌરવની બાબત છે. માત્ર કોર્પોરેટ ક્ષેત્રમાં જ નહીં, પરંતુ અમેરિકાના રાજકારણમાં પણ ભારતીય મૂળના અનેક નેતાઓ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. તેમાં ઉષા વાન્સ, વિવેક રામાસ્વામી, કાશ પટેલ, રો ખન્ના, પ્રમિલા જયપાલ તથા અમી બેરા જેવા નામોનો સમાવેશ થાય છે.

**ગુજરાતીઓ**

અમેરિકાના વિકાસ અને સમૃદ્ધિમાં ગુજરાતીઓનો પણ નોંધપાત્ર ફાળો રહ્યો છે. ગૌતમ અદાણી, મુકેશ અંબાણી, દિલીપ સંઘવી, કરશનભાઈ પટેલ સહિતના ગુજરાતી ઉદ્યોગપતિઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

આમ, અમેરિકાને સુપર પાવર બનાવવામાં ભારતીયો અને ગુજરાતીઓનો ફાળો અત્યંત મહત્વપૂર્ણ રહ્યો છે. પોતાના જ્ઞાન, પરિશ્રમ, નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને સંશોધન દ્વારા તેમણે માત્ર અમેરિકાના વિકાસમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વની પ્રગતિમાં પણ આ યોગદાન ગણાવી શકાય. ફી











ફીલિંગ્સ ટીમ

# બી.એ.પી.એસ.ના સંતરત્ન પૂ. જ્ઞાનવત્સલ સ્વામીજીનું અમેરિકાના રોનોક બાદ વિલ્મિંગટન શહેરના મેયર દ્વારા વિશેષ 'મેયોરલ ટ્રિબ્યુટ' અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું

**'આભમાં કે દરિયામાં તો એક પણ કેડી નથી, અર્થ એનો એ નથી કે કોઈએ સફર ખેડી નથી.'**

કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન'નો આ શેર હવે બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંતરત્ન પૂ. ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીજીની સાધુતાનો શણગાર બન્યો છે.

કારણ કે આવનારી પેઢીઓને વર્ષો સુધી નૈતિક જીવનશૈલી અને ચારિત્ર્ય નિર્માણ માટે માનવકલ્યાણનો રાજમાર્ગ કંડારી આપનાર પૂ. જ્ઞાનવત્સલ સ્વામીજી તેમના નામ પ્રમાણે જ જ્ઞાન અને વાત્સલ્યનો સુભગ સમન્વય ધરાવે છે. પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજના પરમ પાવન હસ્તે દીક્ષિત આ જિનિયસ સંતવિભૂતિએ અસંખ્ય લોકોના પાનખરભર્યા જીવનમાં વસંત લાવી તેને નવપલ્લવિત કર્યું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયનું અને સમગ્ર દેશનું ગૌરવ વધારનાર સંતવર્ય પૂ. ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીજીનું તાજેતરમાં અમેરિકામાં એક જ સપ્તાહ દરમિયાન બીજી વખત વિશેષ બહુમાન સાથે સન્માન કરવામાં આવ્યું છે. આ ક્ષણ વડોદરા માટે પણ ગૌરવપ્રદ ગણાય, તેમાં જરા પણ અતિશયોક્તિ નથી. અમેરિકાના રોનોક શહેરના મેયર જોસેફ એલ. કોબ દ્વારા ૨૨ જૂનના રોજ 'ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી ડે' જાહેર કરવામાં આવ્યો હતો. સ્વામીજીની મૂલ્યનિષ્ઠ જીવનશૈલી, સમાજસેવા, માનવકલ્યાણની ભાવના તેમજ દેશ-વિદેશમાં અત્યાર સુધી આપેલાં ૧૫,૫૦૦થી વધુ પ્રેરણાદાયી ઉદ્બોધનોને ધ્યાનમાં રાખીને આ સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ૨૫ જૂનના રોજ યુ.એસ.એ.ના ડેલાવર સ્ટેટના વિલ્મિંગટન શહેરના મેયર જોન કાર્ની દ્વારા 'મેયોરલ ટ્રિબ્યુટ' અર્પણ કરીને સ્વામીજીનું સન્માન કરવામાં આવ્યું હતું. ડેલાવર સ્ટેટના પૂર્વ ગવર્નર તેમજ પૂર્વ સાંસદ એવા મેયર કાર્નીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'જ્ઞાનવત્સલ સ્વામીજીએ વિશ્વભરના અસંખ્ય લોકોને કરુણા, સેવા અને વ્યક્તિગત જવાબદારીસભર જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડી છે. તેમનો સંદેશ ધર્મ અને સંસ્કૃતિની સરહદોને ઓળંગીને સીધો વ્યક્તિના હૃદય સુધી પહોંચે છે.'

વિશ્વના વિવિધ ખંડોમાં ભારતીય સંસ્કૃતિ, સનાતન મૂલ્યો અને માનવતાનો દિવ્ય સંદેશ પહોંચાડનાર પૂ. જ્ઞાનવત્સલ સ્વામીજી આજે માત્ર બી.એ.પી.એસ. સંસ્થાના જ નહીં, પરંતુ સમગ્ર ભારતના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક દૂત તરીકે પ્રતિષ્ઠિત થયા છે. તેમના વ્યક્તિત્વ અને કૃતિત્વને મળેલ આ આંતરરાષ્ટ્રીય સન્માન દરેક ભારતીયને ગૌરવની અનુભૂતિ કરાવે છે.

આ રીતે આભમાં કે દરિયામાં પણ માનવમાત્ર માટે સદ્ગુણોની કેડી કંડારનાર પૂ.જ્ઞાનવત્સલ સ્વામીજીને યુ.એસ.એ.માં પ્રાપ્ત થયેલા આ અદ્ભૂત અને અજોડ સન્માન બદલ 'ફીલિંગ્સ' પરિવાર અત્યંત હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે. આપ ભવિષ્યમાં પણ આવી જ અનેક સિદ્ધિઓ હાંસલ કરીને B.A.P.S. સંસ્થાનું તથા સમગ્ર દેશનું ગૌરવ વધારતા રહો તેવી ભગવાન સ્વામિનારાયણના ચરણોમાં પ્રાર્થના. ફી



અમેરિકાના મિસિસિપી રાજ્યના જેક્સન શહેરના માનનીય મેયર શ્રી જોન હોર્ને ૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ 'ધ હિલ્ટન', જેક્સન ખાતે યોજાયેલા ભવ્ય સમારોહમાં ૧,૦૦૦થી વધુ લોકોની ઉપસ્થિતિમાં 'પૂ. જ્ઞાનવત્સલ સ્વામી દિવસ' તરીકે આ દિવસની સત્તાવાર ઘોષણા કરી હતી.

આ ગૌરવપૂર્ણ સન્માન પૂ. જ્ઞાનવત્સલ સ્વામીશ્રીએ વિશ્વભરમાં અસંખ્ય લોકોને પ્રામાણિકતા, કરુણા અને નિઃસ્વાર્થ સેવાના મૂલ્યો પર આધારિત જીવન જીવવા માટે પ્રેરિત કર્યા છે, તેમજ સમાજ અને માનવતાના કલ્યાણ માટે આપેલા તેમના અમૂલ્ય યોગદાન અને પ્રેરણાદાયી નેતૃત્વની કદરરૂપે અર્પણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે માનનીય મેયર શ્રી જોન હોર્ને જણાવ્યું હતું કે, 'આ સન્માન દ્વારા અમે જેક્સન શહેરના તમામ નાગરિકોને પૂ. જ્ઞાનવત્સલ સ્વામીશ્રીના વર્ષો સુધીના નિઃસ્વાર્થ સેવાકાર્યને, તેમના પ્રેરણાદાયી નેતૃત્વને અને માનવતાલક્ષી યોગદાનને બિરદાવવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ.'



Read online : www.feelingsmultimedia.com



PATEL® BROTHERS
પટેલ બ્રધર્સ...છવાય ગુજરાતી, ખવાય ગુજરાતી ને ગવાય ગુજરાતી..
Patel Brothers is U.S. based grocery retail chain that focuses on flavors and foods found in the Indian sub-continent and the Middle East.
we strive to reconnect people with the familiar flavors of India.
Guarantee the best spices and freshest foods
Our mission is to bring the best ingredients from around the world, right to your doorstep.
ORGANIC
Wide variety Grocery & Spice products
North American retail locations Found 51 locations
Patel Brothers
Patel Family's journey to build their own business.
Groceries including dry goods, frozen items & fresh produce.
PATEL BROTHERS FARMERS MARKET
"Celebrating Our Food...Our Culture"
PATEL BROTHERS
All Online orders are fulfilled ONLY at
Patel Brothers
2410 Army Trail Rd. Hanover Park, IL 60133 P: 630-213-2222 F: 630-213-2259
Website : www.patelbros.com / www.patelbrothersusa.com



ફીલિંગ્સ ટીમ

# વિકાસની આ વાઈબ્રન્ટ સમિટના પગલે સ્માર્ટ સિટી બનવા થનગનતું વડોદરા

તાજેતરમાં વડોદરાના આંગણે જી.એસ.એફ.સી. યુનિ ખાતે ભવ્યતાથી યોજાઈ ગયેલ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી તથા કેન્દ્રીય કેબિનેટ પ્રધાન શ્રી મનોહરલાલ ખટ્ટરની ગરિમામયી ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્યથી શાનદાર પ્રારંભ થયો હતો.

અમદાવાદ, મહેસાણા, રાજકોટ અને સુરત બાદ વડોદરામાં યોજાયેલ આ ચોથી રિજનલ વાઈબ્રન્ટ સમિટમાં થયેલ વિવિધ એમ.ઓ.યુ.ને જોતાં એક વાત હવે વડોદરા માટે ચોક્કસ કહી શકાય કે વિકાસની આ વાઈબ્રન્ટ સમિટના પગલે સ્માર્ટ સિટી બનવા તરફ આગેકૂચ કરી રહેલા વડોદરાની આ સફર હવે વણથંભી રીતે આગળ ધપશે એમાં બે મત નથી.

આ વાઈબ્રન્ટ સમિટમાં અમેરિકા, જાપાન, યુક્રેન અને આઈલેન્ડ સહિત દુનિયાના સાત જેટલા અગ્રણી દેશોના રાજકારણીઓ તેમજ મલ્ટિનેશનલ કંપનીઓના ઉદ્યોગ સમૂહોની હાજરી ઉડીને આંખે વળગે તેવી હતી.

આ સમિટને સંબોધતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાના મનનીય ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, મધ્ય ગુજરાત રાજયના વિકાસનું હૃદય છે. આ અગાઉની ત્રણ રિજનલ સમિટમાં ૯૪૯૯ જેટલા એમ.ઓ.યુ. દ્વારા રૂા. ૧૩.૩૦ લાખ કરોડના રોકાણો રાજ્યમાં આવ્યા છે. વધુમાં મધ્ય ગુજરાતના વડોદરા, આણંદ, ખેડા, પંચમહાલ, છોટા-ઉદેપુર અને દાહોદ જેવા જિલ્લાઓ એન્જિનિયરિંગ, ફાર્મા, એગ્રોફૂડ, મેન્યુફેક્ચરિંગ અને M.S.M.E. ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા હોવાનું આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું.




આ સમિટમાં તેમણે થનાર ડિસ્કશનને ડિસિઝનમાં, આઈડીયાને પ્રોજેક્ટસમાં અને પ્રોજેક્ટસને પ્રોસ્પેરિટીમાં ફેરવવા સાથે મળીને આગળ વધવાનું આહવાન કર્યું હતું. તદ્ઉપરાંત સમિટના પ્રથમ દિવસે ભારતમાં યુક્રેનના રાજદૂત ડૉ. એલેકઝાન્ડર સાથે બેઠક યોજી ફાર્માસ્યુટિકલ, એગ્રિકલ્ચર અને રિન્યુએબલ એનર્જી અને ગ્રીન હાઈડ્રોજન જેવા ક્ષેત્રોમાં બંને દેશોની વ્યૂહાત્મક ભાગીદારી અંગે તેમણે પરામર્શ કર્યો હતો. ગુજરાત આ ક્ષેત્રોમાં સક્રિય રીતે આગળ વધી રહ્યું છે. યુક્રેનના ઉદ્યોગોને વિશ્વસનીય ભારતીય ભાગીદાર તરીકે સહયોગ કરવા તેમણે ઈજન આપ્યું હતું. આયર્લેન્ડના મુંબઈ ખાતેના કોન્સુલ જનરલ પેડ્રિક સાથે પણ મુખ્યપ્રધાને બેઠક કરી હતી અને ગુજરાત તથા આયર્લેન્ડ વચ્ચે આર્થિક ભાગીદારી વધુ મજબૂત બનાવવા આ બેઠકમાં ચર્ચા-વિચારણા હાથ ધરાઈ હતી.

આ સમિટમાં મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં ૩૬૧૧ એકરમાં આઠ નવા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ વિકસાવવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. જેમાં ખેડા, અમદાવાદ, પંચમહાલ, છોટાઉદેપુર અને ભાવનગર જિલ્લાના વિવિધ સ્થળોનો સમાવેશ કરાયો છે.




જેના થકી ગુજરાતના ઔદ્યોગિક રોકાણને વેગ મળશે તેમજ રોજગારની નવી તકો ઉભી થશે અને સ્થાનિક વિકાસને પણ ગતિ મળશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ વડોદરા ઉપર અઢળક વરસ્યા હતાં. કેન્દ્રીય કેબિનેટ મંત્રીશ્રી મનોહરલાલ ખટ્ટરની ઉપસ્થિતિમાં જી.એસ.એફ.સી. ગેટ નં.-૧



ખાતેથી વડોદરા શહેરના નાગરિકોને શહેરી બસ સુવિધા પૂરી પાડવા માટે અદ્યતન સુવિધા સજ્જ ૩૦ નવી એ.સી. ઈલેક્ટ્રિક એસ.ટી. બસોનું પણ લોકાર્પણ કરાયું હતું. આ બસો ઝીરો એમિશન ટેકનોલોજીથી સજ્જ હોઈ પર્યાવરણને પ્રદૂષિત કરશે નહીં.

આ શાનદાર સમિટને વધુ અસરકારક બનાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, 'મધ્ય ગુજરાતની પ્રગતિની આ તો માત્ર શરૂઆત થઈ છે.' મધ્ય ગુજરાત ઈકોનોમિક માસ્ટર પ્લાન હેઠળ તેમણે આગામી વીસ વર્ષ માટેની વિકાસની રૂપરેખા તૈયાર કરાઈ હોવાનું જણાવેલ. જેમાં છોટઉદેપુરને આવનારા સમયમાં ભારતનું સ્પોર્ટસ ઈક્વિપમેન્ટ હબ બનાવવાની સાથે વડોદરાને પણ બાયો ઈકોનોમીનું હબ બનાવવા અંગે કામ ચાલી રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ અંગે વધુમાં જણાવ્યું હતું કે, 'આ સમિટ ગ્લોબલ પાર્ટનરશિપનું પ્રતીક બની છે.' ગુજરાતની કુલ ઉત્પાદન ક્ષમતામાં લગભગ ૨૮ ટકા જેટલું યોગદાન મધ્ય ગુજરાતનું હોવાનું પણ તેમણે કહ્યું હતું. ગત વર્ષે મધ્ય ગુજરાતના વિવિધ એકમો દ્વારા ૨૦.૫ અબજ ડોલરથી પણ વધુ રકમના ઉત્પાદનોની નિકાસ કરી હતી.

આ અંગે વધુ પ્રકાશ પાડતા તેમણે જણાવ્યું કે, વિકસિત ગુજરાત ઔદ્યોગિક પોલિસી ૨૦૨૪ હેઠળ આવતા પાંચ વર્ષમાં ગુજરાતમાં રૂા.૧૦ લાખ કરોડના નવા રોકાણો લાવવાનો સરકારનો લક્ષ્યાંક છે.

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી મનોહરલાલ ખટ્ટરે જણાવ્યું હતું કે, 'વર્ષ ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન પ્રધાનમંત્રીશ્રી મોદીજીના નેતૃત્વમાં શરૂ થયેલ વાઈબ્રન્ટ ગુજરાતની આ સફર દેશ-વિદેશના રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. જેના થકી ગુજરાતના વિકાસને પણ એક ચોક્કસ દિશા મળી છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે વર્ષ ૨૦૨૯-૩૦ સુધીમાં ૨૦૦૦ કિ.મી.નું મેટ્રો નેટવર્ક પૂર્ણ થતાં ભારત અમેરિકાને પાછળ છોડી વિશ્વમાં બીજા ક્રમે પહોંચી જશે.'

વડોદરાને પશ્ચિમ ભારતનું એક સશક્ત મેન્યુફેક્ચરિંગ, લોજિસ્ટિક્સ સર્વિસ અને ઈનોવેશન હબ બનવાની ક્ષમતા ધરાવતું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. માનનીય કેન્દ્રીય મંત્રીશ્રીએ વડોદરા મ્યુ. કોર્પોરેશનની પાણી પુરવઠા વિતરણ પ્રણાલી, સીવરેજ તથા રૂફટોપ સોલાર જેવા પર્યાવરણલક્ષી કાર્યોને બિરદાવ્યા હતા. વધુમાં તેમણે વર્ષ ૨૦૩૬માં ગુજરાતમાં યોજાનાર ઓલિમ્પિક રમતોત્સવ અને ૨૦૩૦માં યોજાનારી કોમન વેલ્થ ગેમ્સને









રોકાણકારો અને રમતપ્રેમીઓ માટેની સુવર્ણ તક ગણાવી ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી બનવા સમગ્ર ઉદ્યોગ જગતને અનુરોધ કર્યો હતો.

આ ભવ્ય વાઈબ્રન્ટ કોન્ફરન્સને કાયમી સંભારણું બનાવવાના ઉદ્દેશથી કેન્દ્રીય મંત્રીશ્રી મનોહરલાલ ખટ્ટર એવમ્ ઉપસ્થિત મહાનુભાવોના વરદ્ હસ્તે ગુજરાતના વિકાસને વેગ આપતી કોફી ટેબલ બુકનું પણ વિમોચન રાજ્ય સરકારશ્રી દ્વારા કરાયું હતું. જેમાં વડોદરાના રાજકીય મહાનુભાવો એવમ્ મ્યુનિસિપલ કમિશનરશ્રી સહિત અધિકારી વર્ગની ઉપસ્થિતિ ધ્યાન આકર્ષક હતી.

ગુજરાતમાં એરો સ્પેસ ઈકોસિસ્ટમ વિકસાવવાની જરૂરિયાત અંગે આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે હાજર રહેલ બિઝનેસમૅન સુનિલ દવેએ વડોદરામાં ટાટા એર બસ પ્રોજેક્ટ્સની સ્થાપના થતાં ગુજરાત માટે આ ક્ષેત્રમાં વૈશ્વિક લીડર બનવાના દ્વાર ખુલ્યા હોવાનું જણાવેલ.

કૃષિ ક્ષેત્રમાં 'કેમિકલ મુક્ત ખેતીથી સમૃદ્ધ ખેડૂત' જેવા વિષય ઉપર યોજાયેલ સેમિનારમાં ઉપસ્થિત કૃષિ ક્ષેત્રના અગ્રણીઓ તથા પ્રગતિશીલ ખેડૂતોની હાજરીમાં ટકાઉ કૃષિ વિકાસ માટેનો વ્યવહારુ રોડમેપ રજૂ કરાયો હતો. જેમાં નેશનલ સેન્ટર ફોર ઓર્ગેનિક એન્ડ નેચરલ ફાર્મિંગ (NCONF) ના ડાયરેક્ટર ડૉ. ગગનેશ શર્માએ દેશમાં પ્રાકૃતિક ખેતીને વધુ નફાકારક અને ટકાઉ બનાવવા મજબૂત ઈકો સિસ્ટમ ઉભી કરવી એ આજના સમયની માંગ ગણાવી હતી. અલબત્ત કેન્દ્ર અને રાજ્ય સરકારો ખેડૂતોને પ્રેરિત કરવા કટિબદ્ધ હોવાનું પણ તેમણે જણાવેલ. આમ, પ્રાકૃતિક ખેતી માત્ર પર્યાવરણ નહીં માનવ સ્વાસ્થ્ય અને કૃષિ અર્થતંત્ર માટે પણ અત્યંત મહત્વપૂર્ણ હોવાનું તેઓશ્રીએ જણાવ્યું હતું.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના બીજા દિવસે કેન્દ્રીય સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથસિંહે ડિફેન્સ સેમિનારને સંબોધતાં કહ્યું હતું કે, દેશની પહેલી પ્રાઈવેટ મિલિટરી એરક્રાફ્ટ ફેસિલિટીનું કેન્દ્ર વડોદરા બન્યું છે. ટાટા એરબસ ઈ-૨૯૫ પ્રોજેક્ટ એ માઈલ સ્ટોન છે અને આપણા સૌના માટે ગર્વની વાત છે. વધુમાં તેમણે જણાવ્યું કે, એક દાયકામાં ડિફેન્સ સેક્ટરમાં ઘણાં ફેરફારો થયાં છે.

ગુજરાત આ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ગુજરાતમાં સંરક્ષણ ક્ષેત્રે રોકાણ માટે રૂા. ૨૫૫૦/- કરોડના એમ.ઓ.યુ. કરાયા હોવાનુ પણ તેઓશ્રીએ જણાવ્યું હતું.

કોન્ફરન્સમાં યોજાયેલ પ્રદર્શનમાં જ્યોતિ લિમિટેડ કંપની દ્વારા વડોદરામાં જ ડિઝાઈન અને ઉત્પાદિત કરાયેલ વિવિધ એન્જિનિયરિંગ ઉત્પાદનો મૂકવામાં આવ્યા હતાં. જ્યોતિ લિમિટેડના ડાયરેક્ટર તેજલ અમીને બહુ સરસ માહિતી આપતાં કહ્યું કે, 'ભારતમાં બનેલી પહેલી ન્યુકલીયર સબમરીનના ઉત્પાદનમાં જ્યોતિ લિમિટેડના પંપ વપરાયા છે. આ દરેક પંપની કિંમત અંદાજે રૂા. ૨.૫૦ કરોડ જેટલી હોય છે તેમ તેમણે જણાવ્યું હતું.'

આ રીતે તમામ ક્ષેત્રે સંતુલિત વિકાસને પ્રાધાન્ય આપની આ વાઈબ્રન્ટ સમિટ વડોદરાની દશા અને દિશા બંને બદલી વડોદરાને વધુ સ્માર્ટ સિટી બનાવશે એ નિઃશંક બાબત છે. ફી




SWASTHYA SETU®
IMMUNITY ASSURANCE
PARABEN FREE
CRUELTY FREE
SILICON FREE
SULPHATE FREE
सबकी जुबा पे
एक ही नारा,
स्वास्थय सेतु
सबको प्यारा
NOVEL
SWASTHYA SETU IS THE NEW NORMAL
Amines® Biotech Pvt. Ltd.
Mfd. by:
Amines Biotech Pvt. Ltd.
(Under Technical Guidance & Brand "SWASTHYA SETU")
Works: 28-A, Gandhi Oil Mill Compound,
Near BIDC, Gorwa, Vadodara - 390 016
Ph. : +91 265 2280588 | +91 972 371 4441
Mob. : +91 972 354 4465
Email : info@swasthyasetu.co.in | sales@swasthyasetu.co.in
Website : www.swasthyasetu.co.in
Customer Care No.:
+91 97237 07339
Follow us:
Available at:
JPOINT®

ફાલ્ગુની વસાવડા



# ખગોળવિજ્ઞાનથી ગ્રહ સંરક્ષણ સુધી

## એસ્ટ્રોઈડનું રહસ્ય અને ભારતની તૈયારી


૩૦ જૂન વર્લ્ડ એસ્ટ્રોઈડ ડે! શું છે એસ્ટ્રોઈડ? અને એનાથી આપણને શું નુકસાન થઈ શકે?

હિન્દુ સંસ્કૃતિમાં જો કોઈ વિષયને સૌથી વધુ મહત્વ આપવામાં આવ્યું હોય તો તે ખગોળશાસ્ત્ર છે. ગ્રહ-નક્ષત્રોના સ્થાનના આધારે વાર, તિથિ, મહિના તેમજ સૂર્યવર્ષ અને ચંદ્રવર્ષની ગણતરી કરવામાં આવે છે, જેને આપણે પંચાંગ કહીએ છીએ. નાસા અને ઈસરો જેવી સંસ્થાઓની સ્થાપના પણ નહોતી થઈ, ત્યારથી જ આપણી સંસ્કૃતિના ઋષિમુનિઓના બહોળા જ્ઞાનના આધારે સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ, ચોઘડિયા તથા ગ્રહ-નક્ષત્રોની ગોઠવણી અનુસાર રાશિ, તિથિનો ક્ષય, એક જ તિથિ બે વખત આવવી જેવી ખગોળીય ઘટનાઓની અત્યંત ચોક્કસ ગણતરી કરીને આખા વર્ષનું પંચાંગ તૈયાર કરવામાં આવતું હતું.

હવે સમજીએ કે આ એસ્ટ્રોઈડ છે શું? આપણે સૌ જાણીએ છીએ કે પૃથ્વી સહિતના તમામ ગ્રહો અકાશ ગંગામાં તરે છે. પૃથ્વી પોતાની ધરી પર પણ ફરે છે અને સૂર્ય આસપાસ પણ ફરે છે જેના કારણે દિવસ અને રાત થાય છે. પણ આ નવ ગ્રહ એટલે સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રવિ એટલે કે સૂર્ય અને પ્લુટો તેમજ પૃથ્વી. બ્રહ્માંડની ઉત્પત્તિ દરમિયાન આ ગ્રહની રચના થઈ અને પછી જે ખડક કે ધાતુઓનો કાટમાળ બચ્યો તેને એસ્ટ્રોઈડ અથવા લઘુગ્રહો કહેવામાં આવે છે. જે મોટેભાગે ગુરુત્વાકર્ષણનાં કારણે સૂર્યની આસપાસ તરતા હોય છે! પરંતુ જો ગુરુત્વાકર્ષણનાં મુખ્ય પરિબળમાં જો વધઘટ થાય તો એ ગ્રહ સાથે અથડાય છે! અને બહુ મોટા પ્રલય જેવી ઘટના ઘટે છે, એ જ્યાં ટકરાય ત્યાં મોટા પ્રમાણમાં વિનાશ થાય છે! તેનું કોઈ નિશ્ચિત સ્થાન નથી, પરંતુ મોટાભાગના એસ્ટ્રોઈડ મંગળ અને ગુરુ ગ્રહની વચ્ચે આવેલા એસ્ટ્રોઈડ બેલ્ટમાં જોવાં મળે છે. હાલના પ્રાકૃતિક પ્રદૂષણનાં પ્રતાપે ગુરુત્વાકર્ષણ વધી જાય તો અમુક એસ્ટ્રોઈડ પોતાની ભ્રમણ કક્ષા છોડી પૃથ્વી નજીક આવી જાય છે! જે આપણા માટે સંભવિત ખતરો છે.

૩૦ જૂને એસ્ટ્રોઈડ દિવસ ઉજવવાનું કારણ એ છે કે ૧૯૦૮ ની ૩૦ જૂનના રોજ સાઈબેરિયા એટલે રશિયાના તુન્ગુસ્કામાં લઘુગ્રહ (એસ્ટ્રોઈડ) ટકરાવાની ઘટના બની હતી. આ ઈતિહાસની સૌથી મોટી નોંધાયેલી લઘુગ્રહની અસર હતી, જેના કારણે આશરે ૮૦૦ ચોરસ માઈલ વિસ્તારમાં કરોડો વૃક્ષો નાશ પામ્યા હતા. આ વિનાશક ઘટનાની યાદમાં જ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૦૧૬માં આ દિવસને અધિકૃત રીતે ઉજવવાની ઘોષણા કરવામાં આવી હતી, કે આ રીતે આવાં સંભવિત લઘુગ્રહો પૃથ્વી પર ટકરાઈ શકે છે, અને એનાથી બચવાની જાગૃતિ માટે શું કરવું?

આ ઉપરાંત ભૂતકાળમાં પણ આવી બે ત્રણ ઘટનાનો ઈતિહાસ એની ભયંકરતા બતાવે છે. જેમ કે પૃથ્વી પરથી ડાયનાસોરની પ્રજાતિનો નાશ આવી એક દુર્ઘટનાનું કારણ છે. આશરે ૬.૬ કરોડ વર્ષ પહેલાં ચિક્સલબ નામનો એસ્ટ્રોઈડ પૃથ્વી સાથે ટકરાયો હતો. તે વર્તમાન મેક્સિકો દેશના યુકાટન દ્વીપ પાસે સમુદ્રમાં ટકરાયો હતો.આ એસ્ટ્રોઈડ લગભગ ૧૦ થી ૧૫ કિલોમીટર મોટો હતો. તેના ટકરાવાથી





વાતાવરણમાં એટલી વિશાળ માત્રામાં ધૂળ અને સલ્ફરના વાદળો છવાઈ ગયાં હતાં કે, સૂર્યપ્રકાશ પૃથ્વી સુધી પહોંચતો બંધ થઈ ગયો હતો. આના કારણે પૃથ્વી પર વર્ષો સુધી લાંબો શિયાળો રહ્યો પરિણામે ખોરાકની અછતને લીધે ડાયનાસોર સહિત પૃથ્વી પરના આશરે ૭૫% સજીવો નાશ પામ્યા. આવી દુર્ઘટના ઘટે નહીં તે માટે નાસા અને જાપાનની સ્પેસ એજન્સીઓ એસ્ટ્રોઈડ પર સ્પેસક્રાફ્ટ મોકલીને ત્યાંથી ધૂળ અને પથ્થરોનાં સેમ્પલ પૃથ્વી પર સફળતાપૂર્વક લાવ્યાં છે.

ભારત પણ ૨૦૨૯માં ઈસરો દ્વારા એસ્ટ્રોઈડ સંશોધન મિશનની તૈયારી કરી રહ્યું છે. આ ઉપરાંત વૈજ્ઞાનિકો એસ્ટ્રોઈડ પર પ્લેટિનમ, સોનું, ચાંદી, લોખંડ જેવી કિંમતી ધાતુઓની સંભાવનાઓનું પણ અધ્યયન કરી રહ્યા છે, જેથી ભવિષ્યમાં તેનો આર્થિક લાભ મેળવી શકાય. સાથે જ અન્ય ગ્રહોની અસર, ત્યાંનું વાતાવરણ, પાણીની ઉપલબ્ધિ અને માનવ વસવાટની શક્યતાઓ અંગે પણ સંશોધન થઈ રહ્યું છે.

**વૈજ્ઞાનિકોએ એસ્ટ્રોઈડના બંધારણના આધારે તેના મુખ્ય ત્રણ પ્રકાર દર્શાવ્યા છે.**

**C-પ્રકાર (કાર્બોનેસિયસ):** આ સૌથી સામાન્ય પ્રકાર છે. આશરે ૭૫ ટકા એસ્ટ્રોઈડ આ શ્રેણીમાં આવે છે. તે ઘેરા રંગના હોય છે અને મુખ્યત્વે કાર્બનથી બનેલા હોય છે.

**S-પ્રકાર (સિલિકેટ):** આ પ્રકારના એસ્ટ્રોઈડ મુખ્યત્વે પથ્થર તથા આયર્ન-મેગ્નેશિયમ જેવી ધાતુઓથી બનેલા હોય છે.

**M-પ્રકાર (મેટાલિક):** આ એસ્ટ્રોઈડ મુખ્યત્વે લોખંડ અને નિકલ જેવી ધાતુઓથી બનેલા હોય છે.

સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે આટલી વૈજ્ઞાનિક પ્રગતિ છતાં શું આવા અકસ્માતો અટકાવી શકાય? હાલમાં નાસા, ઈસરો અને વિશ્વની અન્ય અવકાશ સંસ્થાઓ આ દિશામાં સતત કાર્ય કરી રહી છે. વૈજ્ઞાનિકોએ સ્પેસક્રાફ્ટને એસ્ટ્રોઈડ સાથે અથડાવી તેની ભ્રમણકક્ષા સફળતાપૂર્વક બદલવાનો પ્રયોગ પણ કર્યો છે, જે ભવિષ્યમાં પૃથ્વીને બચાવવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

આપણા સૌરમંડળનો સૌથી મોટો એસ્ટ્રોઈડ 'સેરેસ' છે, જેનો વ્યાસ આશરે ૯૪૦થી ૯૫૦ કિલોમીટર છે. તેનું કદ ચંદ્રના આશરે ચોથા ભાગ જેટલું હોવાથી તેને વામન ગ્રહનો દરજ્જો આપવામાં આવ્યો છે. જ્યારે સંપૂર્ણ ગોળાકાર ન હોય એવા એસ્ટ્રોઈડમાં 'વેસ્ટા' સૌથી મોટો છે, જેનો વ્યાસ આશરે ૫૨૫ કિલોમીટર છે.

ભારતની ઈસરો ટીમના ચીફ ડો. એસ. સોમનાથના જણાવ્યા અનુસાર, ભવિષ્યમાં પૃથ્વીને બચાવવા માટે એસ્ટ્રોઈડ પર લેન્ડિંગ કરવું અને તેને ડિફ્લેક્ટ એટલે માર્ગ બદલવાની ક્ષમતા વિકસાવવી એ ભારતની ભવિષ્યની મહત્વની યોજનાઓમાં સામેલ છે. આ ઉપરાંત ઈસરો અને દેશના વૈજ્ઞાનિકો અન્ય એસ્ટ્રોઈડની શોધ, મોનિટરિંગ અને ગ્રહ સંરક્ષણ ક્ષેત્રે સક્રિય રીતે સંકળાયેલા છે.

પૃથ્વીની એકદમ નજીક અને સંભવિત જોખમી ગણાતા વિશાળ એસ્ટ્રોઈડ એપોફિસ પર ઈસરો ખાસ નજર રાખી રહ્યું છે. તેનાં અભ્યાસ માટે ઈસરો આંતરરાષ્ટ્રીય મિશનમાં ભાગ લેવા પણ ઉત્સુક છે. ઈસરોએ અવકાશમાં રહેલા જોખમી પદાર્થો પર નજર રાખવા માટે નેત્રા નામની સિસ્ટમ વિકસાવી છે.

ભારતના વૈજ્ઞાનિકો ગ્રોથ ઈન્ડિયા ટેલિસ્કોપ જેવા અદ્યતન સાધનોની મદદથી એસ્ટ્રોઈડની ગતિવિધિઓ પર સતત નજર રાખે છે. એક અભ્યાસ દરમિયાન સુરતની બે વિદ્યાર્થિનીઓએ નવા એસ્ટ્રોઈડની શોધ કરી હતી, આ સિદ્ધિ એ વાતનો પુરાવો છે કે મંગળયાનથી લઈને આદિત્ય-એલ૧ જેવા મિશનોમાં સફળતા મેળવ્યા બાદ ભારત અવકાશ ક્ષેત્રે વિશ્વ સમક્ષ પોતાની ક્ષમતા સતત સાબિત કરી રહ્યું છે.

જ્યાં ગઈકાલ સુધી આવી સિદ્ધિઓ માત્ર કલ્પના લાગતી હતી, ત્યાં આજે ભારત દરેક ક્ષેત્રમાં પડકારોનો સામનો કરીને સફળતા પ્રાપ્ત કરી રહ્યું છે. અવકાશવિજ્ઞાન સહિત દરેક ક્ષેત્રમાં તે પોતાની પ્રતિભા અને ક્ષમતાનો પરિચય આપીને વિશ્વમાં આગવું સ્થાન પ્રાપ્ત કરશે. જય હિન્દ. ફી





દીપક જગતાપ

# વેનેઝુએલાનો વિનાશક ભૂકંપ

## શું ધરતીનું રેડ સિગ્નલ કે ટેક્ટોનિક પ્લેટોનું સ્વાભાવિક વિજ્ઞાન?

બાળપણમાં રમત સ્વરૂપે પત્તાના મહેલની રમત રમતા હતા. ખૂબ જ મહેનત કરીને બનાવેલો પત્તાનો મહેલ સહેજ આંગળી અડતાં જ કડડભૂસ થઈને ધરાશાયી થઈ જતો. તે સમયે તે માત્ર એક રમત હતી, પરંતુ તાજેતરમાં વેનેઝુએલામાં થયેલ ભૂકંપ પછી ગગનચુંબી ઈમારતોને પત્તાના મહેલની જેમ ધરાશાયી થતી જોતી બાળપણની એ સંવેદના આજે વેદનામાં પરિણમી છે. ત્યારે અજાણતા આંગળી અડાડી હતી, જ્યારે આજે માનવજાત કુદરતના સંતુલનને સતત પડકારતી રહી છે.

માનવીએ વિકાસના નામે કુદરત સાથે સતત છેડછાડ કરી છે. ઊંચી-ઊંચી ઈમારતો, વિશાળ ટનલો, વિશાળ ડેમ, ખાણકામ અને જંગલોનો વિનાશ જેવી પ્રવૃત્તિઓએ પ્રકૃતિના સંતુલન પર અસર કરી છે. જોકે વૈજ્ઞાનિકો સ્પષ્ટ કહે છે કે આવા વિનાશક કુદરતી ભૂકંપોનું મુખ્ય કારણ ટેક્ટોનિક પ્લેટોની ગતિ છે, માનવીય પ્રવૃત્તિઓ કેટલીક જગ્યાએ નાના અથવા મધ્યમ સ્તરના કંપનોને પ્રેરિત કરી શકે છે, પરંતુ આવા મહાવિનાશક ભૂકંપોનું સીધું કારણ માનવી નથી. તેમ છતાં પ્રકૃતિ પ્રત્યે આપણી બેદરકારીના પરિણામે આપત્તિઓનો પ્રભાવ ચોક્કસ વધી શકે છે.

તાજેતરમાં વેનેઝુએલામાં માત્ર ૩૯ સેકન્ડના અંતરે આવેલા બે શક્તિશાળી ભૂકંપોએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો. આ દુર્ઘટનામાં અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ, એરપોર્ટને નુકસાન પહોંચ્યું અને મોટી સંખ્યામાં લોકો પ્રભાવિત થયા. સરકારી અહેવાલો મુજબ ૨૨૯૫ જેટલાં લોકોના મોત થયા છે અને ૭૦૦થી વધુ લોકો ઘાયલ થયા હોવાનું જણાવાયું છે. આ સાથે જ અમેરિકાના ઉત્તરી કેલિફોર્નિયા, જાપાનના ઉત્તર-પૂર્વીય વિસ્તારમાં અને ભારતના જમ્મુ-કાશ્મીરમાં પણ અલગ-અલગ તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા, જેના કારણે વિશ્વભરમાં લોકોમાં ચિંતા વ્યાપી ગઈ.

વેનેઝુએલાની રાજધાની કારાકાસ અને મોરોન સહિતના વિસ્તારોમાં અનેક બહુમાળી ઈમારતોને ભારે નુકસાન થયું છે. તટીય વિસ્તારો માટે સુનામી એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. આ સમગ્ર ઘટનાએ એક મોટો પ્રશ્ન ઉભો કર્યો છે-શું પૃથ્વી કોઈ મોટા વિનાશનો સંકેત આપી રહી છે?

વૈજ્ઞાનિકોનું કહેવું છે કે વિશ્વના અલગ-અલગ ભાગોમાં એક જ સમયગાળા દરમિયાન ભૂકંપ આવવા એ અસામાન્ય ઘટના નથી. દરરોજ દુનિયામાં હજારો નાના-મોટા ભૂકંપ નોંધાય છે. હાલમાં એવો કોઈ વૈજ્ઞાનિક પુરાવો ઉપલબ્ધ નથી કે પૃથ્વી કોઈ વૈશ્વિક વિનાશનો 'રેડ સિગ્નલ' આપી રહી છે. જોકે સતત સક્રિય ફોલ્ટ ઝોન ધરાવતા વિસ્તારોમાં સાવચેતી રાખવી અત્યંત જરૂરી છે.

**વેનેઝુએલાનો ભૂકંપ: વૈજ્ઞાનિક વિશ્લેષણ**

વેનેઝુએલા કેરેબિયન અને સાઉથ અમેરિકન ટેક્ટોનિક પ્લેટોની સરહદ પર આવેલો દેશ છે. આ બંને પ્લેટો સતત એકબીજાની સરખામણીએ ખસતી રહે છે. વર્ષો સુધી જમીનની અંદર તાણ એકઠી થતી રહે છે અને જ્યારે આ તાણ અચાનક મુક્ત થાય છે ત્યારે ભૂકંપ સર્જાય છે.

૨૪ જૂન, ૨૦૨૬ના રોજ લગભગ ૩૯ સેકન્ડના અંતરે બે શક્તિશાળી ભૂકંપ આવ્યા. પ્રથમ ઝટકો આશરે ૭.૨ અને ત્યારબાદ ૭.૫ની તીવ્રતાનો મુખ્ય ભૂકંપ નોંધાયો હોવાનું જણાવાયું છે. બંને ભૂકંપ આશરે ૧૦ કિલોમીટર જેટલી ઓછી ઊંડાઈએ આવ્યા હોવાથી તેની અસર સપાટી પર અત્યંત વિનાશક બની.

આ ઘટનાને વૈજ્ઞાનિક ભાષામાં 'સીસ્મિક ડબલેટ' કહેવામાં આવે છે. એટલે કે એક જ ટેક્ટોનિક સિસ્ટમમાં બે અલગ Rupture Events ખૂબ ઓછા સમયના અંતરે સર્જાય. પ્રથમ ઝટકાએ આસપાસના ફોલ્ટ પર દબાણનું સંતુલન બદલ્યું અને તેના પરિણામે બીજો વધુ શક્તિશાળી ભૂકંપ આવ્યો.

**ભૂકંપ કેવી રીતે થાય છે?**

પૃથ્વીની બહારની સપાટી અનેક ટેક્ટોનિક પ્લેટોમાં વહેંચાયેલી છે. આ પ્લેટો દર વર્ષે થોડાક સેન્ટિમીટરની ઝડપે સતત ખસતી રહે છે. જ્યાં પ્લેટો અથડાય છે, સરકે છે અથવા એકબીજા નીચે ઘસી જાય છે ત્યાં ઘર્ષણના કારણે ઊર્જા સંગ્રહાય છે. જ્યારે આ ઊર્જા ખડકોની મજબૂતી કરતાં વધુ થઈ જાય છે ત્યારે ફોલ્ટ લાઇન પર અચાનક સરકણ થાય છે અને સીસ્મિક તરંગો ઉત્પન્ન થાય છે. આ જ તરંગો ધરતીને ધ્રુજાવે છે. આપણે તેને ભૂકંપ તરીકે અનુભવીએ છીએ.

**વેનેઝુએલામાં વિનાશ એટલો મોટો કેમ થયો?**

ભૂકંપની માત્ર તીવ્રતા જ વિનાશનું કારણ નથી. આ ઘટનામાં અનેક પરિબળોએ મળીને નુકસાન વધાર્યું છે.



Read online : www.feelingsmultimedia.com



સૌપ્રથમ, બંને ભૂકંપની ઊંડાઈ ખૂબ ઓછી હતી, જેના કારણે ઊર્જા સીધી જમીનની સપાટી સુધી પહોંચી. બીજું, પહેલો ઝટકો આવ્યા પછી થોડા જ સમયમાં બીજો વધુ શક્તિશાળી ઝટકો આવતાં પહેલેથી નબળી પડેલી ઈમારતો સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગઈ. ત્રીજું, કેટલીક જગ્યાએ નરમ અને અવસાદી જમીન હોવાથી કંપનની તીવ્રતા વધી ગઈ. ઉપરાંત જ્યાં ભૂકંપ-પ્રતિરોધક બાંધકામના ધોરણો નબળા હોય ત્યાં જાનહાનિ વધુ થવાની શક્યતા રહે છે.

ઉચ્ચ તીવ્રતાના ભૂકંપોથી ઉત્પન્ન થતાં સીસ્મિક તરંગો હજારો કિલોમીટર સુધી માપી શકાય છે. તેથી ઉત્તર કેલિફોર્નિયા, જાપાન અથવા જમ્મુ-કાશ્મીરમાં અનુભવાયેલા આંચકાઓનો અર્થ એ નથી કે સમગ્ર વિશ્વમાં એક જ ભૂકંપ આવ્યો હતો. આ વિસ્તારોમાં સ્થાનિક ટેક્ટોનિક પ્રવૃત્તિઓ અલગ-અલગ કારણોસર બની શકે છે.

### શું આ માનવ ભૂલનું પરિણામ છે?

આ પ્રશ્ન ખૂબ ચર્ચાસ્પદ છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ મોટા કુદરતી ભૂકંપોનું મુખ્ય કારણ ટેક્ટોનિક પ્લેટોની ગતિ છે. માનવી ડાયરેક્ટ આવા મહાભૂકંપ સર્જી શકતો નથી.

પરંતુ કેટલાક સંજોગોમાં ખાણકામ, ઊંડા બોરવેલમાં પ્રવાહી ઈન્જેક્શન, વિશાળ જળાશયો, પરમાણુ પરીક્ષણો અથવા કેટલીક ઔદ્યોગિક પ્રવૃત્તિઓ સ્થાનિક સ્તરે નાના કે મધ્યમ કંપનોને પ્રેરિત કરી શકે છે. બીજી તરફ જંગલોનો વિનાશ, બિનઆયોજિત શહેરીકરણ અને નબળા બાંધકામના કારણે કુદરતી આપત્તિઓ વધુ ઘાતક બની શકે છે.

ભૂકંપનું કારણ કુદરતી છે, પરંતુ તેનું નુકસાન કેટલું થશે તે મોટા ભાગે માનવીની તૈયારી અને આયોજન પર આધાર રાખે છે.

### વારંવાર મોટા ધરતીકંપ કેમ થાય છે?

વિશ્વમાં ઘણા વિસ્તારો એવા છે જ્યાં ટેક્ટોનિક પ્લેટોની સરહદો સક્રિય છે. આવી જગ્યાઓ પર વારંવાર મોટા અથવા મધ્યમ ભૂકંપ આવવાની શક્યતા રહે છે. ક્યારેક મુખ્ય ભૂકંપ પછી અઠવાડિયા કે મહિનાઓ સુધી આફ્ટરશોક્સ આવતા રહે છે, જેને કારણે લોકોમાં સતત ભય રહે છે.

કોઈ વિસ્તારમાં વારંવાર આંચકા આવે એટલે ત્યાં તરત જ વધુ મોટો ભૂકંપ આવશે એવું માનવું યોગ્ય નથી. હાલમાં વિશ્વમાં એવી કોઈ ટેક્નોલોજી ઉપલબ્ધ નથી જે ચોક્કસ સમય, સ્થળ અને તીવ્રતાની આગાહી કરી શકે.

### જોખમ ઘટાડવાના ઉપાયો

ભૂકંપને રોકી શકાતો નથી, પરંતુ તેની અસર ઘણી હદ સુધી ઘટાડી શકાય છે.

- ભૂકંપ-પ્રતિરોધક ઈમારતોનું નિર્માણ કરવું.
- ફોલ્ટ ઝોનમાં કડક બિલ્ડિંગ કોડ અમલમાં મૂકવા.
- આધુનિક સીસ્મિક મોનિટરિંગ સિસ્ટમ મજબૂત બનાવવી.
- લોકોને 'Drop, Cover, Hold On' જેવી સુરક્ષા પદ્ધતિ અંગે તાલીમ આપવી.
- આપત્તિ વ્યવસ્થાપન, બચાવ કામગીરી અને આરોગ્ય સેવાઓને વધુ કાર્યક્ષમ બનાવવી.
- શાળાઓ, હોસ્પિટલો અને જાહેર સ્થળોએ નિયમિત મોક ડ્રિલ યોજવી.

### વિશ્વના સૌથી વિનાશક ભૂકંપો

છેલ્લા કેટલાક દાયકાઓમાં દુનિયાએ અનેક વિનાશક ભૂકંપોનો સામનો કર્યો છે. જેના કારણે લાખો લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે એટલે આપત્તિ વ્યવસ્થાપનની નીતિઓમાં હવે મોટા ફેરફારો કરવામાં આવ્યા છે.

**૧૯૭૬ - ચીન (તાંગશાન):** અંદાજે ૨.૪૨ લાખથી વધુ લોકોના મોત.

**૨૦૦૪ - હિંદ મહાસાગર સુનામી:** ઈન્ડોનેશિયા સહિત અનેક દેશોમાં ૨ લાખથી વધુ લોકોના મોત.

**૨૦૧૦ - હૈતી:** અંદાજે ૨.૨ લાખથી વધુ લોકોના જીવ ગયા.

**૨૦૧૧ - જાપાન:** જાપાનના આ શક્તિશાળી ભૂકંપમાં અને સુનામીમાં આશરે ૧૯ હજાર લોકોનાં મોત થયેલા.

**૨૦૨૩ - તુર્કી અને સીરિયા:** તુર્કી અને સીરિયામાં આવેલ ભૂકંપથી ૫૦ હજારથી વધુ લોકોનાં મોત અને લાખો લોકો બેઘર બન્યા હતા.

વેનેઝુએલાનો તાજેતરનો ભૂકંપ પણ આ વિનાશક ઘટનાઓની યાદીમાં હવે સ્થાન મેળવશે.

વેનેઝુએલાનો આ ભૂકંપ આપણને ફરી એકવાર યાદ અપાવે છે કે પૃથ્વીનું આંતરિક તંત્ર સતત ગતિશીલ છે. તેને માત્ર 'પ્રકૃતિનું રેડ એલર્ટ' કહી દેવું વૈજ્ઞાનિક રીતે યોગ્ય નથી, પરંતુ તે ચોક્કસપણે એ સંદેશ આપે છે કે કુદરતી આપત્તિઓ સામે માનવજાતે હવે વધુ સજ્જ થવું પડશે.

ભૂકંપ અટકાવી શકાતો નથી, પરંતુ વૈજ્ઞાનિક સમજ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કડક બાંધકામ ધોરણો, અસરકારક આપત્તિ વ્યવસ્થાપન અને જનજાગૃતિ દ્વારા હજારો જીવ બચાવી શકાય છે. કુદરત સામે જીતવાનો પ્રયાસ કરવાને બદલે કુદરતને સમજીને તેના નિયમો સાથે સંવાદિતતા સાધી વિકાસ કરવો એ જ માનવજાત માટે સૌથી મોટો પાઠ છે. આજે વેનેઝુએલાની દુર્ઘટના સમગ્ર વિશ્વ માટે ચેતવણી નથી, પરંતુ તૈયારી, જવાબદારી અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અપનાવવાનો એક ગંભીર સંદેશ છે ચોક્કસ વાત છે. ફી





નિલેશ ધોળકિયા

# શાન-એ-ઈરાન !

નાગરિકોમાં 'રાષ્ટ્ર પ્રથમ'નો ભાવ જાગે તો જ મા ભોમકા જગતમાં ઊંચા માથે વટભેર મ્હાલી શકે! જે દેશ મહિનાઓથી જગત જમાદાર એવા અમેરિકા સામે લડી રહ્યું હતું, તે ઈરાનની આંતરિક પરિસ્થિતિઓ વિચારતા કરી મૂકે તેવી છે. આ માટે તે દેશની પ્રજાનો પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર બેશક પ્રશંસનીય કહી શકાય. કારણ કે દરેક ઈરાની માનસિક રીતે સંતુષ્ટ અને ખુશ દેખાય છે.

સહ-શિક્ષણના નામે કોઈ અનૈતિક કેન્દ્ર નથી, કોઈ વિદેશી શાળા કે કોલેજો નથી. ઈરાનમાં શિક્ષણ મફત છે, તેથી લગભગ દરેક બીજો યુવાન એન્જિનિયર, પીએચડી અથવા માસ્ટર ડિગ્રી ધરાવે છે. મંત્રીઓ અને સેનાપતિના બાળકોને વિદેશમાં અભ્યાસ કરવાની મંજૂરી નથી.

સરકારી અધિકારીઓ અને વહીવટકર્તાઓ વિદેશમાં બેંક ખાતા રાખી શકતા નથી. કોઈ મંત્રી કે જનરલ દેશની બહાર બીજું ઘર ધરાવતા નથી. કોમ્યુનિટી કિચન હોવાથી ઈરાનમાં ઘરે રોટલી રાંધવા પર પ્રતિબંધ છે, જેથી મહિલાઓ અભ્યાસ કરી શકે અને સામાજિક કાર્યક્રમોમાં ભાગ લઈ શકે. ડિલિવરી (બાળજન્મ) મફત છે. બાળજન્મ સમયે ભેટ તરીકે નવજાતની માતાના ખાતામાં ભારતીય કરન્સી પ્રમાણે ૨૦,૦૦૦થી વધુ રૂપિયા ટ્રાન્સફર થાય છે. તબીબી સારવારમાં ૭૦% ખર્ચ સરકાર દ્વારા અને ૩૦% દર્દી દ્વારા ચૂકવવામાં આવે છે. ઈરાનમાં કોઈ ચોરી કે લૂંટ થતી નથી. કોઈ શાહી સંસ્કૃતિ કે પ્રોટોકોલ નથી. ઈરાનમાં ભિખારી નથી.

ઈરાનના સુપ્રીમ લીડરે પોતાનું ઘર પણ ખરીદ્યું નથી. ચીફ લીડર દિવસમાં અઢાર કલાક કામ કરે છે. રાતોરાત અહીં કિંમતોમાં વધારો થતો નથી; તેના બદલે સરકાર સંસદમાં બિલ રજૂ કરે છે અને પછી સર્વોચ્ચ લીડર નિર્ણય લે છે. વર્ષમાં ફક્ત એક કે બે વાર ભાવમાં ૨ થી ૩%નો વધારો થઈ શકે છે. પ્રાર્થના ન કરવી એ દોષ માનવામાં આવે છે.

ઈરાનમાં સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી પોલીસ ખૂનીના ઘરમાં પણ પ્રવેશી શકતી નથી, કારણ કે તે સમય તેના પરિવાર માટે છે. જેલ ખાલી છે અને જો કોઈ ગુનો કરે છે તો તેને જેલમાં કામ આપવામાં આવે છે.

કેદીનો પગાર તેના પરિવારને મોકલવામાં આવે છે, જેથી તેઓ આર્થિક તંગીને કારણે બીજી અનૈતિક પ્રવૃત્તિઓમાં ન ફસાય. શુક્રવારના ઉપદેશ દરમિયાન વહીવટને ચેતવણી આપવામાં આવે છે. શુક્રવારની નમાજ દરમિયાન મંત્રીઓ અને વહીવટી અધિકારીઓ પહેલી હરોળમાં હાજર હોય છે.

ઈરાનમાં મોટા કે નાના પરિવારનો કોઈ ખ્યાલ નથી; રાષ્ટ્ર સૈયદ અને બિન-સૈયદમાં વહેંચાયેલું છે. શિક્ષકોનું ખૂબ સન્માન કરવામાં આવે છે અને તેમને પોલીસ સ્ટેશન કે કોર્ટમાં બોલાવી શકાતા નથી, કારણ કે શિક્ષક આવા કૃત્ય કરતો નથી. ત્યાં નોકર રાખવાની પણ કોઈ પરંપરા નથી.

ભારતીયોને જાત સાથે વાત કરતા એ સવાલ ચોક્કસ થવો જોઈએ કે, આશરે પાંચ દાયકાઓથી પ્રતિબંધો અને યુદ્ધથી પીડાતા ઈરાનમાં આ કેવી રીતે શક્ય છે?

ઈરાનના લોકો દ્વારા યુદ્ધમાં અત્યાર સુધી કોઈ દેશ પાસેથી કોઈ નાણાકીય સહાય લેવામાં આવી નથી. અંદાજે ૧૦૦થી વધુ દિવસો સુધી યુદ્ધ અને રાત-દિવસ સતત બોમ્બમારો થવા છતાં એક પણ ઈરાની દેશમાંથી સ્થળાંતરિત થયો નથી. તેના બદલે, વિદેશમાં રહેતા ઈરાનીઓ પોતાના વતનનું રક્ષણ કરવા પાછા ફરી રહ્યા છે.

ઈરાનમાં લોકડાઉન શબ્દ ઈરાનીઓ માટે અજાણ્યો છે. મોટા વેપારીઓ દ્વારા કહેવામાં આવ્યું છે : 'હમણાં માલ લો અને યુદ્ધ પછી ચૂકવણી કરો.'

યુદ્ધ અને બોમ્બમારા દરમિયાન મંત્રીઓ શેરીઓમાં જનતા વચ્ચે હાજર હોય છે અને અમેરિકન વિરોધી વિરોધ પ્રદર્શનોમાં ભાગ લે છે. ઈરાની નેતાઓ કિંમત અને સુવિધાઓ ચકાસવા માટે શોપિંગ મોલની મુલાકાત લે છે.

ખાદ્ય પુરવઠા માટે કોઈ અપીલ કરવામાં આવી નથી. દવા માટે કોઈ અપીલ કરવામાં આવી નથી. યુદ્ધ શરૂ થતાંની સાથે જ દેશમાં બ્રેડ, પેટ્રોલ અને ડીઝલ મફતમાં આપવામાં આવ્યા હતા.

કોઈપણ દેશની સાચી શક્તિ માત્ર તેની સેનામાં નહીં, પરંતુ તેની પ્રજાની એકતા અને દેશપ્રેમમાં રહેલી હોય છે. રાષ્ટ્રના હિતને સર્વોપરી માનવાની ભાવના જ દરેક દેશની સૌથી મોટી તાકાત છે.

છલોછલ વતન પરસ્તી, માતૃભૂમિ ધર્મ અને Nation Firstની કર્તવ્યપરાયણતા આપણે સૌએ ઈરાનીઓ પાસેથી શીખવી જોઈએ કે નહીં!? ફી

*Best wishes from*

**S.S. WHITE Technologies Inc.** & **SHUKLA MEDICAL®**
Universal Orthopedic Extraction Technologies

***175 years of rich history in manufacturing innovations***

S.S. White products are used in 98% of aircrafts flying today, in millions of automobiles, on the International Space Station, and have even gone to the moon.

SHUKLA Medical manufactures orthopedic surgical instruments such as hip and knee implant-extraction systems, used at all major U.S. hospitals.



**S.S. White Technologies** Milton Keynes, UK



**S.S. White Technologies** Wadhwan, Gujarat, India




**S.S. White Technologies Inc.** **Headquarters:** St. Petersburg, FL USA

**Rahul Shukla**
President & CEO

8300 Sheen Drive, St. Petersburg, FL 33709
**Phone: (727) 626-2800**

www.sswhite.net www.sswhiteaerospace.com www.shuklamedical.com

કેતન નાણાવટી




# સંબંધોનું સંકટ કે સંસ્કારોની ખામી? સિયા-કેતન કેસમાંથી મળતા કડવા પાઠ

ઓકવીસમી જૂને સમગ્ર ભારતમાં નીટની પરીક્ષા ફરીથી લેવાવાની હતી. સમગ્ર દેશમાં ટેલિગ્રામ ચેનલ ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો. ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતાં ૨૧ બાળકોએ ધૂંધળા ભવિષ્યની ચિંતાને કારણે આત્મહત્યા કરી લીધી હતી. એ જ સમયે, ૨૦મી જૂને ભારતના અખબારોમાં પૂણેમાં બનેલી એક ઘટના પ્રકાશિત થઈ હતી, જેમાં કેતન અગ્રવાલ નામનો ૨૬ વર્ષનો એક બિઝનેસમેન યુવાન પોતાની ૨૦ વર્ષની વાગ્દત્તા સિયા ગોયેલને તેનો જન્મદિવસ ઉજવવા લોહગઢના કિલ્લા પર લઈ ગયો હતો, જ્યાંથી તે ખીણમાં ગબડી પડ્યો.

૨૧મી જૂને અખબારોમાં આવેલા આ સમાચારોએ સમગ્ર ભારતને આંચકો આપ્યો. અખબારી અહેવાલો અનુસાર આ અકસ્માત નહોતો, પરંતુ વાગ્દત્તા સિયાએ પૂણેમાં જ રહેતા પોતાના ૨૨ વર્ષીય પ્રેમી ચેતન ચૌધરી સાથે મળીને ઠંડા કલેજે કરેલી હત્યા હતી.

કહાનીમાં પોલીસ તપાસ જેમ-જેમ આગળ વધતી ગઈ તેમ-તેમ નવા નવા ફણગા ફૂટતા ગયા. આ કહાનીની શરૂઆત છ મહિના પહેલાં થઈ હતી, જ્યારે બંને પરિવારના કોઈ હિતેચ્છુએ સામાજિક રીતે લગ્ન માટેની વાત એકબીજાના પરિવારો સુધી પહોંચાડી હતી. કેતન અગ્રવાલે Symbiosis International Universityમાંથી Supply Chain Managementમાં Bachelor's Degree પૂર્ણ કરી હતી અને અમેરિકાની Babson Collegeમાંથી Entrepreneurial Leadershipમાં Master's Degree પ્રાપ્ત કરી હતી. સિયાનો અભ્યાસ ૧૨મા ધોરણ પછી અટકી ગયો હતો. પરંતુ તેણે અભ્યાસ આગળ વધારવા માટે કોઈ કોમર્સ કોલેજની શાખામાં પ્રવેશ લીધો હતો અને ઘરેથી કેક બનાવવાનો વ્યવસાય કરતી હતી.

કેતન રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં કાર્યરત પોતાની પારિવારિક કંપનીમાં ડિરેક્ટરનો હોદ્દો ધરાવતો ઉચ્ચ શિક્ષિત અને સમૃદ્ધ યુવાન હતો, જ્યારે સિયાનો પરિવાર ડ્રાયફ્રૂટના વેપાર સાથે સંકળાયેલો હતો. સિયાના પરિવારના જણાવ્યા મુજબ, સિયાની સંમતિ બાદ જ ફેબ્રુઆરી ૨૦૨૬માં સગાઈ કરવામાં આવી હતી. પોલીસના કહેવા મુજબ, સિયાએ સગાઈ કરી તે પહેલાંથી જ પૂણેમાં ડ્રાયફ્રૂટનુ ટ્રેડિંગ કરતાં ચેતન ચૌધરી સાથે અંતરંગ સંબંધો રાખ્યા હતા. સિયાનો પરિવાર કહે છે કે, સિયાએ સગાઈ બાદ ચેતન સાથેના સંબંધોનો અંત લાવી દીધો હતો, પરંતુ સિયાની કોલ ડિટેઇલ્સ મુજબ તેણે છેલ્લા કેટલાક મહિનામાં ચેતન સાથે કુલ ૨૭૮ કલાક વાતચીત કરી હતી.

૧૯ જૂને સિયા ૨૦ વર્ષની થવાની હતી. તેનો જન્મદિવસ ધામધૂમથી ઉજવવા કેતને કોઈ રિસોર્ટમાં ૨૦ રૂમ બુક કરાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ સિયાએ તે નકારીને લોહગઢના કિલ્લાની મુલાકાત લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, એવું કેટલાક અખબારો કહે છે બીજી તરફ, સિયાના પરિવારનું કહેવું છે કે તેની તબિયત સારી ન હોવાથી તેને ટ્રેકિંગ કરવું પડે એવા લોહગઢના કિલ્લે જવું જ નહોતું તેમજ બંને આ કિલ્લાની અગાઉ પણ મુલાકાત લઈ ચૂક્યા હતાં.

પોલીસ પાસે ઉપલબ્ધ CCTV ફૂટેજ, મોબાઇલ લોકેશન અને કોલ ડિટેઇલ્સ કંઈક જુદી જ કહાની કહે છે. મળતી માહિતી મુજબ સિયા અને ચેતન કોડવર્ડમાં વાતચીત અને મેસેજ કરતા હતા, જેનો સાચો અર્થ માત્ર તેઓ બંને જ પોલીસને સમજાવી શકે. બીજું કે, CCTV ફૂટેજ મુજબ હત્યાના આગલા દિવસે સાંજે સાડાચાર વાગ્યે સિયા અને ચેતનની એક કેફેમાં મુલાકાત થઈ હતી જે લગભગ કલાકથી સવા કલાક સુધી ચાલી હતી. ત્રીજું, હત્યાના દિવસે ચેતન લોહગઢના કિલ્લા પર હાજર હતો અને ગરમી હોવા છતાં તેણે ચહેરો ઢંકાય એવું હૂડી પહેર્યું હતું, કારણ કે કેતન અગાઉ બે વખત ચેતનને સિયાના મિત્ર તરીકે મળી ચૂક્યો હતો. ચોથું, બંનેએ અગાઉથી YouTube પર હત્યા કરવા માટે સુરક્ષિત સ્થળો વિશે સર્ચ કર્યું હતું અને એવી જગ્યા પસંદ કરી હતી જ્યાં કોઈ પણ પ્રકારના CCTV ન હતા.

પોલીસે ઘટનાનું રી-કન્સ્ટ્રક્શન કર્યું ત્યારે બંનેને પૂછવામાં આવ્યું કે કેતનને ધક્કો કોણે માર્યો? શું ચેતન નજીકમાં જ હતો? પરંતુ ચેતન અને સિયા બંને રીઢા ગુનેગારોની જેમ એક જ વાત પર અડગ રહ્યા કે કેતન લપસી પડ્યો હતો.

પોલીસે કોર્ટ પાસે બંને આરોપીઓના Lie Detection Test અને Polygraphic Test કરાવવાની માંગણી કરી

છે. જોકે આ બંને ટેસ્ટના પરિણામો પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાતા નથી, પરંતુ આરોપીઓની માનસિક સ્થિતિ, બદલાતા નિવેદનો અને તેમની વિચારવાની પદ્ધતિ સમજવાથી પોલીસને આગળની તપાસમાં મહત્વની કડીઓ મળી શકે છે.

આપણે જે પણ વાતો કરી તે પોલીસ દ્વારા રજૂ કરાયેલી થિયરીઓ અને સિયાના વકીલે પ્રેસને આપેલી માહિતી પર આધારિત છે. કોર્ટમાં કેસની સુનાવણી પૂર્ણ થયા બાદ જ સાચી હકીકત બહાર આવશે. ત્યાં સુધી આપણે કોઈ નક્કર નિર્ણય પર ન આવી શકીએ અને ન આવવું જોઈએ.

આજકાલ આવા કિસ્સાઓનું પ્રમાણ વધતું જાય છે. આ પહેલાં મે ૨૦૨૫માં ઈન્દોરના બિઝનેસમેન રાજા રઘુવંશીની હત્યા તેની પત્ની સોનમે મેઘાલયમાં હનીમૂન દરમિયાન કરી હતી, જેમાં તેનો પ્રેમી રાજ કુશવાહ પણ સામેલ હતો. હાલ આ કેસની સુનાવણી ચાલુ છે અને સોનમ જામીન પર જેલ બહાર છે.

આ ઘટનાના બે મહિના પહેલાં, એટલે કે માર્ચ ૨૦૨૬માં મેરઠની મુસ્કાન રસ્તોગીએ પોતાના પ્રેમી સાહિલ શુકલા સાથે મળીને પોતાના મર્ચન્ટ નેવી ઓફિસર પતિ સૌરભ રાજપૂતની હત્યા કરી હતી. પતિને ઊંઘની ગોળીઓ આપીને બેભાન કર્યા બાદ તેની હત્યા કરવામાં આવી અને લાશના ટુકડા કરીને ભૂરા રંગના પીપડામાં ભરી તેના પર સિમેન્ટ નાખવામાં આવ્યો હતો.

આ તમામ ઘટનાઓને લઈને સોશિયલ મીડિયા પર હજારો મીમ્સ વાયરલ થયા છે કે હવે છોકરાઓ લગ્ન કરતાં ડરવા લાગ્યા છે. પરંતુ મજાકથી ઉપર ઊઠીને વિચારીએ તો આ કિસ્સાઓ ચોક્કસપણે આંખ ઉઘાડનારા છે અને માતા-પિતા સાથે નવી પેઢીની માનસિકતા અંગે ગંભીરતાથી વિચાર કરવા મજબૂર કરે છે.

૧. સૌથી પહેલો મુદ્દો એ છે કે બાળકોને મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયાથી સંપૂર્ણપણે દૂર રાખવા હવે લગભગ અશક્ય બની ગયું છે. વાંધો નહીં, આ બધું તેમને આપીએ; પરંતુ તેઓ કોની સાથે ફરે છે, કોની સાથે કલાકો સુધી વાતો કરે છે અને સ્ક્રીન પર શું જુએ છે તેની ઉપર વોચ રાખવી જરૂરી છે. સિયા ૨૦ વર્ષની યુવતી છે. અભ્યાસમાં નબળી છે. દેખાવમાં સુંદર છે. બે મોબાઇલ ફોન રાખે છે. પોતાની સગાઈ થઈ હોવા છતાં પોતાના પ્રેમી સાથે કલાકો સુધી વાતો કરે છે. આ બાબતે તેના માતા-પિતા શું સંપૂર્ણપણે અજાણ હતા?

૨. અરેન્જડ મેરેજ ભારતીય પરંપરા છે, પરંતુ તેમાં બે વડીલો એકબીજા પાસેથી યુવક અને યુવતી વિશે અભિપ્રાય મેળવે છે. હવે તમે જ કહો કે તમારા ફુઆ કે કાકા તમારા વિશે કેટલી માહિતી ધરાવે છે? આજના સમયમાં યુવક અથવા યુવતીના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ તપાસવા જોઈએ જેથી તેના વિચારો, જીવનશૈલી અને મિત્રવર્તુળ વિશે થોડો અંદાજ આવી શકે. ઉપરાંત, તેના નજીકના મિત્રો તથા સોસાયટીના લોકો પાસેથી પણ માહિતી મેળવવી જોઈએ. જરૂર પડે તો પ્રાઈવેટ ડિટેક્ટિવની મદદ પણ લઈ શકાય. સિયાએ પોતાના માતા-પિતાને ખોટી માહિતી આપી હતી કે હવે તેનો ચેતન સાથે કોઈ સંબંધ નથી, અને બંને પક્ષના વડીલો છેક સુધી અંધારામાં રહ્યા.

૩. સંતાનને પૂછ્યા વગર અથવા તેની સ્પષ્ટ સંમતિ વગર તેના લગ્ન ક્યાંય પણ નક્કી ન કરવા જોઈએ. જો સંતાન કોઈ વ્યસન ધરાવતું હોય અથવા ખરાબ સંગતમાં હોય તો તેનું સગપણ કરાવતા પહેલાં દસ વખત વિચારવું જોઈએ. પહેલાંના સમયમાં વડીલો સલાહ આપતા કે 'ખીલે બાંધી દો, બધું ઠીક થઈ જશે.' પરંતુ આજના સમયમાં તમારી આ 'ખીલે બાંધવાની' માનસિકતામા સામેની વ્યક્તિનું આખું જીવન દાવ પર લાગી શકે છે. આમ કરવાનો કોઈને અધિકાર નથી. જો સિયાના માતા-પિતા ચેતન સાથેના સંબંધોથી માહિતગાર હતા, તો તેમણે સિયાની સગાઈ કરવાની ઉતાવળ કેમ કરી?

૪. માતા-પિતા અને સંતાન વચ્ચે સંવાદ વધારવો અત્યંત જરૂરી છે. બાળકને એવો વિશ્વાસ હોવો જોઈએ કે હું મારા દિલની વાત કરીશ તો મારા માતા-પિતા મને સાંભળશે. સાંભળ્યા પછી તેઓ સમાજમાં પોતાની પ્રતિષ્ઠા કરતાં મારી જિંદગી, મારી ખુશી અને મારા ભલા વિશે વધુ વિચારશે. આ કેસમાં પોલીસની થિયરી મુજબ લગ્નની વાત એટલી આગળ વધી ગઈ હતી કે સિયાને લાગ્યું કે લગ્ન કરવાની ના પાડવાથી સમાજમાં વધુ બદનામી થશે; તેના કરતાં કેતનનો કાંટો કાઢવો વધુ સરળ રહેશે.

૫. સંબંધોમાં સન્માન અને સંવાદ ખૂબ જ જરૂરી છે. સિયા પોતાના માતા-પિતાને ના કહી શકી હોય, તો પોતાના થનારા પતિને તો કહી જ શકી હોત કે તે આ લગ્નથી ખુશ નથી અથવા મિત્ર બનીને કેતનની મદદ પણ માંગી શકી હોત એટલે માણસે એટલા સ્વાર્થી ન બનવું જોઈએ કે કોઈના ૨૫ વર્ષના નિર્દોષ પુત્રનો જીવ લેવા તૈયાર થઈ જાવ, માત્ર એટલા માટે કે તમે તમારા મા-બાપને કહી શકતા નથી કે તમે આ લગ્ન કરવા તૈયાર નથી.


૬. માતા-પિતાએ પણ સંતાનને સમજાવવું જોઈએ કે હિંસા કોઈ પણ સમસ્યાનો ઉકેલ નથી. સાથો-સાથ માતા-પિતાએ પણ સમજવું જોઈએ કે પૈસાથી જીવનની દરેક ખુશી ખરીદી શકાતી નથી. આખરે સંતાને જ નક્કી કરવાનું હોય છે કે તે કોની સાથે અને કઈ પરિસ્થિતિમાં વધુ ખુશ રહેશે.

૭. નવી પેઢીને ખરેખર શું જોઈએ છે તે સમજવું દિવસે દિવસે વધુ અઘરું બનતું જાય છે, કારણ કે ઘણી વખત તેમને પોતાને જ ખબર નથી હોતી કે તેઓ શું ઈચ્છે છે.

રાજકારણ કે ફિલ્મલાઈનમાં પ્રવેશવા ઈચ્છતી કોઈ યુવતી પૈસા અને પ્રસિદ્ધિ માટે તમામ સમાધાન કરવા તૈયાર હોય છે, તો બીજી તરફ કોઈ યુવતી ગમતો ન હોય એવો સ્પર્શ કરનાર સ્પોર્ટ્સ કોચ સામે ખુલ્લેઆમ અવાજ ઉઠાવે છે. કોઈ યુવતી માત્ર એટલા માટે કોઈ યુવક પાછળ ઘેલી થઈ જાય છે કે તે ચાર્મિંગ છે અને સોશિયલ મીડિયા પર તેના હજારો ફોલોઅર્સ છે, જ્યારે કોઈ યુવતી ફિલ્મસ્ટારને પણ છૂટાછેડા આપવા તૈયાર થઈ જાય છે, કારણ કે તે તેની સાથે ખુશ નથી. સિયાના કિસ્સામાં પણ થનારો પતિ કેતન, પ્રેમી ચેતન કરતાં વધુ સમૃદ્ધ અને દેખાવડો હતો, છતાં સિયાએ ચેતન સાથે જીવન જીવવા માટે કેતનની હત્યા કરવાનો માર્ગ પસંદ કર્યો હોવાની પોલીસની થિયરી છે.

આ તમામ સમસ્યાનો ઉપાય એ છે કે માતા-પિતા બાળપણથી જ સંતાનને સ્વતંત્રતા સાથે સાચા-ખોટાનો વિવેક પણ શીખવાડે. બજારમાં હજારો પ્રલોભનો છે, પરંતુ જીવનની સાચી શાંતિ અને સલામતી ક્યાં છે તે આખરે વ્યક્તિએ પોતે જ નક્કી કરવાનું હોય છે. અને અંતે એક વાત તો નિશ્ચિત છે કે ગુનેગાર પાસે ભલે બચવાના હજાર રસ્તા હોય, પરંતુ પોલીસ પાસે ગુનેગાર સુધી પહોંચવાના પણ એક હજાર ને એક રસ્તા હોય છે. કોઈ પણ ગુનો કાયમ માટે છુપાવી શકાતો નથી.

પોતાના સંતાનોના માઈન્ડ ક્રિમિનલ બને ત્યાં સુધી સંતાનો પર ધૃતરાષ્ટ્ર પ્રેમ વરસાવતા માતા-પિતાનો સામૂહિક બહિષ્કાર કરી તેમની શાન ઠેકાણે લાવવાનો સમય હવે પાકી ગયો હોય તેવું નથી લાગતું! ફી





# પરિચિત દુનિયાની પેલે પાર અજાણી સફરનો આનંદ માણતા અલગારી અમિત દેસાઈ

આ પણાં મૂર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોશીએ પ્રવાસ વિશે ખૂબ સુંદર રીતે લખ્યું છે કે-

'ભોમિયા વિના મારે ભમવા' તા ડુંગરા,
જોવા તા કોતરો, જોવી' તી કંદરા.'

આવી કોઈક અલગારી મસ્તીથી અણદીઠેલી ભૂમિ પર પગલાં કરીને જીવનને રોમાંચક ક્ષણોથી શણગારતા શ્રી અમિત દેસાઈનું જીવન સાચા અર્થમાં એક પાઠશાળા સમાન બન્યું છે. તેઓ Metieta Advertising Pvt Ltd. તથા Marshmallowના MD છે. ઉપરાંત એડવર્ટાઈઝિંગ અને કોર્પોરેટ ક્ષેત્રનો ૨૫ કરતા વધારે વર્ષોનો અનુભવ તેમજ પ્રવાસમાં Mountaineeringનો ગજબનો શોખ ધરાવતા અમિતભાઈ જીવનને ચીલાચાલુ ચશ્માથી જોવાને બદલે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ની જેમ એક અલગ દષ્ટિકોણથી માણે છે. આ પ્રવાસપ્રેમી ગુજરાતી રત્નનો ઝગમગાટ તેમના જ શબ્દોમાં માણીએ, તો તેની લિજ્જત કંઈક અનેરી જ આવશે, એ ચોક્કસ વાત છે.

''મને લાગે છે કે મારો જન્મ જ પ્રવાસ માટે થયો છે. મારી કારકિર્દીની શરૂઆતથી જ મેં મારા જીવનનો અડધાથી વધુ સમય પ્રવાસ કરીને પસાર કર્યો છે. મારા જીવનની અડધી કમાણી મેં મુસાફરી પાછળ ખર્ચી નાખી છે. પ્રવાસ મારા માટે એક એવો અદ્દભૂત અનુભવ છે, જેની હું વર્ષના લગભગ દરેક ત્રણ મહિનાના ગાળામાં આતુરતાથી રાહ જોઉં છું. પરંતુ મને સૌથી વધુ અજાણ્યા અને અનોખા સ્થળોના પ્રવાસો આકર્ષે છે. પછી ભલે તે ૨૦,૦૦૦ ફૂટથી વધુ ઊંચા પર્વતો પર ટ્રેકિંગ કે ચઢાણ કરવાનું હોય, અથવા 40°C તાપમાનમાં થીજી ગયેલી નદી પર ટેન્ટમાં રહેવાનું હોય; કોઈ જોખમી દેશની મુલાકાત લેવાની હોય, પ્રચંડ વાવાઝોડામાં ફસાયેલી નાની નાવમાં મૃત્યુનો સામનો કરવો પડ્યો હોય, આખી રાત ઘાયલ સિંહને શાંત કરવાની કોશિશ કરી હોય, દુનિયાના પ્રતિબંધિત વિસ્તાર સુધી પહોંચવાનું હોય કે પછી ૧૪,૦૦૦ ફૂટની ઊંચાઈએ પૈસા વિના ઘણા દિવસો સુધી અટવાઈ જવાનું હોય- મેં આ બધું ખૂબ નજીકથી અનુભવ્યું છે.

અજાણ્યા સ્થળોનો પ્રવાસ મને રોજિંદા કંટાળાભર્યા જીવનમાંથી બહાર કાઢે છે અને મારી વિચારસરણીને નવી દિશા આપે છે. એવું લાગે છે કે હું જીવનના એક અલગ જ તાલમાં પ્રવેશી રહ્યો છું. આ પ્રવાસ મને એવી જગ્યાઓએ લઈ જાય છે, જ્યાં અજાણ્યાનું કુતૂહલ હોય, જ્યાં શાંતિ વધુ ગહન લાગે અને જ્યાં નાનકડા અનુભવો પણ જીવનભર યાદ રહે તેવી કાયમી છાપ છોડી જાય. આવા પ્રવાસો આપણને સરળતાનું મૂલ્ય સમજાવે છે.

વિવિધ લોકો, તેમની સંસ્કૃતિ, પરંપરા, ભોજન અને ઉત્સવોના વૈવિધ્યની કદર કરવાનું શીખવે છે. સાથોસાથ ધીરજ, નમ્રતા અને બદલાતી પરિસ્થિતિઓમાં પોતાને ઢાળવાની ક્ષમતા પણ વિકસાવે છે.

સૌથી મહત્વની વાત એ છે કે જીવનમાં સાચો વિકાસ ત્યારે જ થાય છે, જ્યારે આપણે પરિચિત દુનિયાની બહાર નીકળીને અજાણી સફર પર જઈએ. સૌથી અર્થપૂર્ણ યાત્રાઓ હંમેશાં સંપૂર્ણ આયોજનથી નથી બનતી; પરંતુ જ્યાં આપણે અનિશ્ચિતતાને સ્વીકારીને જિજ્ઞાસાને જીવંત રાખીએ છીએ, ત્યાં તે જન્મે છે. આ તમામ અનુભવોમાંથી મેં જીવનના એવા પાઠ શીખ્યા છે, જે કોઈ શૈક્ષણિક અભ્યાસ કે તાલીમ મને ક્યારેય શીખવી શક્યાં ન હોત.

જો તમને પણ મારી જેમ અજાણ્યા સ્થળોએ જવાની ઈચ્છા હોય અને તમારી પાસે જરૂરી સાધન-સંપત્તિ હોય, તો જીવનમાં એકવાર આ સ્થળોની મુલાકાત જરૂર લેવી જોઈએ, લદ્દાખ, ઉત્તર-પૂર્વ ભારત, લ્હાસા, માઉન્ટ એવરેસ્ટ વિસ્તાર, મંગોલિયા, ટ્રાન્સ-સાઈબેરિયન રેલવે, કામચાટકા, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન, રવાંડા, પેરુ, એન્ટાર્કટિકા, એમેઝોન જંગલ, અલાસ્કા, ગ્રીનલેન્ડ, માર્શલ આઈલેન્ડ્સ વગેરે. જો તમે વધુ સાહસિક અને નીડર હો, તો કાબુલ, બૈરુત, ઉત્તર કોરિયા, મોગાદિશુ, કરાકાસ અને પોર્ટ મોર્સબી જેવા સ્થળોનો પ્રવાસ પણ અચૂક કરવો જોઈએ.

મારા માટે અજાણ્યા સ્થળોનો પ્રવાસ માત્ર યાદીમાં સમાવિષ્ટ સ્થળોની મુલાકાત લેવાનું નથી, પરંતુ પોતાના મનના એવા કોઈ ખૂણાને શોધવાનું સાધન છે, જેના અસ્તિત્વ વિશે મને પહેલાં ખબર પણ નહોતી. હું હજુ સુધી શોધાયા ન હોય એવા રસ્તાઓ પસંદ કરીને દુનિયાની અજાણી અજાયબીઓની શોધ જીવનભર ચાલુ રાખીશ. એ જ મારું ધ્યેય છે.'' ફી


માઈનસ -૪૦ ડિગ્રી સેલ્સિયસની કડકડતી ઠંડીમાં લદ્દાખના પેંગોંગ સરોવર તરફ જતો રસ્તો





Read online : www.feelingsmultimedia.com


NUMEROLOGY
CONSULTATION
" Numerology can change your destiny "
SS Numerologistt
Numerologists claim to divine the future through ancient practices related to the numbers associated with a person's name, birth date, and other basic aspects of life.
They also profess to interpret the past, discern a person's character, and measure the amount of luck a person has.
Fix your Career, Health, Wealth & Relationship by fixing the numbers in your life.
Fourtune Teller Sangeeta Shukla
Call For Appointment
+91- 7678427245
HOW DO WE GUIDE?
Analysis of date of birth
Lucky Colour & Numbers
Name spelling correction
Signature Correction
Relationship & Health
Business Guidence
Mobile Numerology
Vastu Guidence


NEW
KASHMIR
ART PALACE
(The Cashmere Store)
Suhail
Mob. :9898592421
10, Corner Point, Below Anjoy Restaurant, Jetalpur Road, Alkapuri, Vadodara-390007.
Email:kashmirartp@rediffmail.com
Pashmina shawls
Silk shawls
Sarees
Gents Shawls
Kurties Embroidery
Carpets & Rugs
Wooden & Marble
Handicrafts
A Touch of Kashmir, A Treasure for Life


વડોદરામાં પ્રથમવાર સિમ્યુલેટર દ્વારા
મોટર કાર - ફોર વ્હીલર ચલાવતા શીખો
ફાલ્ગુનીબેન : (૦) ૮૨૩૮૦૯૮૮૫૦
શ્રી આસ્થા મોટર ટ્રેનીંગ સ્કૂલ
DRIVING SCHOOL
lessons and practice
STOP
ફોરેન ટાઈપ સિમ્યુલેટર દ્વારા
આપવામાં આવતુ શિક્ષણ
FF- 6, આદિત્ય એવન્યું, કોટક મહિન્દ્રા બેંક સામે,
મહાવીર હોલ ચાર રસ્તા, આજવા રોડ, વડોદરા.


CHIPS
INTERNATIONAL
પરદેશ
પાર્સલ સેવા
WE
MOVE IT
FAST
GUARANTEED
CHIPS
INTERNATIONAL
આપણા સગા સંબંધીઓને કપડા, વાસણ, નાસ્તા,
મિઠાઈ, અથાણા,મુખવાસ, મરી-મસાલા ઘરવખરી હાન્ડીક્રાફ્ટ
મંદિર, મુર્તિ વગેરે આઈટમ ડોર ટુ ડોર મોકલાવી આપીશું.
SELF
COMMITED
RESPONSIVE
ECONOMICAL
RELIABLE
TRUSTED
Contact Us
98980 95632, 85111 95632
B-2, GALAXY COMPLEX, B/H NATIONAL PLAZA, R.C.DUTT ROAD,ALKAPURI, VADODARA.



મનોજ ખેંગાર

# પ્રકૃતિ પ્રેમી પર્યટકોની પહેલી પસંદ ડાંગનો નાયગ્રા વઘઈનો 'ગીરાધોધ'

ભારતના દિલ તરીકે ઓળખાતા મધ્યપ્રદેશના ભેડાઘાટ (જબલપુર) સ્થિત 'ધૂંઆધાર વોટરફોલ'ની યાદ અપાવતો અને ડાંગના નાયગ્રા તરીકે ઓળખાતો આંબાપાડા (વઘઈ)નો 'ગીરાધોધ', ખાસ કરીને ચોમાસામાં ડાંગ અને સાપુતારાની મુલાકાતે આવતા પ્રવાસીઓની પ્રથમ પસંદ બની રહે છે.

સાપુતારાની સહ્યાદ્રિ પર્વતમાળામાંથી નીકળીને અરબ સાગર સુધી પહોંચતી અંબિકા નદી અહીં લગભગ ત્રણસો ફૂટના વિશાળ પટમાં શાંત અને ધીરગંભીર સ્વરૂપે વહે છે. આ નદી જ્યારે અહીં કાળમીંઢ શિલાઓ પરથી લગભગ સો ફૂટ નીચે ખાબકે છે, ત્યારે અહીં આવતા પર્યટકોને ભેડાઘાટના 'ધૂંઆધાર વોટરફોલ'ની યાદ અપાવી જાય છે.

ડાંગના નાયગ્રા ધોધ તરીકે ઓળખાતા આ વોટરફોલની નજીક જતાં જ હવા સાથે સો ફૂટની ઊંચાઈ પરથી નીચે ખાબકતા જળપ્રવાહમાંથી ઊડતી પાણીની બુંદો અને ધુમ્રશેર તમને ચોક્કસ જ ભીંજવી નાખે છે. અંબિકા નદીનું આ મનમોહક અને રમણીય દશ્ય જોવા, જાણવા અને માણવા માટે ખાસ કરીને ચોમાસાની ઋતુમાં અહીં પર્યટકોનો મેળાવડો જામે છે.

પ્રકૃતિપ્રેમી પર્યટકોની અહીંની મુલાકાત તેમના માટે યાદગાર સંભારણું બની રહે તે માટે રાજ્ય સરકારના પ્રવાસન મંત્રાલયે અહીં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને પ્રકૃતિનો અનમોલ નજારો માણવાની સુગમતા ઊભી કરી છે. 'ગીરાધોધ' ખાતે ગત વર્ષોમાં રૂ. ૨.૧૫ કરોડના ખર્ચે 'સોવેનિયર શોપ સંકુલ' તૈયાર કરીને સ્થાનિક રોજગારીને પ્રોત્સાહન આપવા સાથે 'અતિથિ દેવો ભવ'ની અહીંની ભાવનાને ઉજાગર કરવાની પણ રાજ્ય સરકારે નેમ વ્યક્ત કરી છે.



અહીં આવેલી ૩૨ જેટલી દુકાનો દ્વારા પર્યટકોને જરૂરી સુવિધાઓ મળી રહે, સ્થાનિક પરિવારોને રોજગારી મળે, અહીં આવતા હજારો પર્યટકોને સ્થાનિક ચીજવસ્તુઓ તેમજ ખાણીપીણીની સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ થાય અને ડાંગની 'અતિથિ દેવો ભવ'ની સંસ્કૃતિ તથા સંસ્કારો ઉજાગર થઈ શકે તેવા અભિગમ સાથે દક્ષિણ ડાંગ વન વિભાગે 'ગીરાધોધ પરિસરીય પ્રવાસન વિકાસ સહકારી મંડળી'ને આ દુકાનોનું પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પી.પી.પી.) ધોરણે સંચાલન સોંપીને ૩૨ પરિવારોને સીધી રોજગારી પૂરી પાડી છે.

અહીં આવતા પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્રએ વિવિધ માર્ગદર્શક બોર્ડ મૂક્યા છે અને પર્યટકોને ગીરાધોધ તેમજ નદીમાં ન્હાવા કે ઉતરવાની મનાઈ ફરમાવી છે. ભૂતકાળમાં અહીં એક-બે નહીં, પરંતુ કુલ બાવીસ લોકો પોતાનો અમૂલ્ય જીવ ગુમાવી ચૂક્યા હોવાની વિગતો પણ અહીં દર્શાવવામાં આવી છે.

વન વિસ્તારમાં પ્રવાસે આવતા પ્રવાસીઓને વન જતન અને સંવર્ધનના કાર્ય માટે પ્રોત્સાહિત કરવા સાથે સમગ્ર ડાંગ જિલ્લાને વન વિભાગે 'નો પ્લાસ્ટિક ઝોન' જાહેર કર્યો છે. ત્યારે અહીંના પર્યાવરણને કોઈ નુકસાન ન પહોંચે તેની તકેદારી રાખવા પણ વન વિભાગે અપીલ કરી છે.

ડાંગના જુદા જુદા પર્યટન સ્થળોએથી તમે જિલ્લાની યાદગીરીરૂપે વાંસની વિવિધ બનાવટો, રમકડાં, શો-પીસ તેમજ નાગલી અને તેના ઉત્પાદનોની ખરીદી કરી શકો છો. ગીરાધોધ ખાતે સ્થાનિક વેપારી પરિવારો પર્યટકો સાથે તાદાત્મ્ય કેળવી પોતાના વેપાર-ધંધાના વિકાસ સાથે ડાંગ જિલ્લાના આતિથ્ય સત્કારની ઉચ્ચતમ પરંપરાનો પણ પરિચય કરાવી રહ્યા છે.

વઘઈના આ 'ગીરાધોધ' ઉપરાંત ગુજરાતનો સૌથી ઊંચો, સુબિર તાલુકાના ગિરમાળ ગામનો 'ગિરમાળ ધોધ' પણ પ્રવાસીઓનો માનીતો અને ચહિતો ધોધ છે.





લગભગ ત્રણસો ફૂટની ઊંચાઈએથી નીચે ખાબકતો આ જળપ્રપાત પર્યટકોને રૌદ્ર અને રમ્ય બંને પ્રકારનો અહેસાસ કરાવે છે. અહીં પણ જિલ્લા પ્રવાસન સમિતિ અને ગુજરાત પ્રવાસન નિગમના સહયોગથી પાયાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ધોધ તરફ જતા માર્ગમાં આવતો પૂર્ણા નદીનો 'સી વ્યૂ' પર્યટકોને પૂર્ણા સેન્ચુરીનો એરિયલ વ્યૂ પ્રદાન કરે છે.

આહવાના સીમાડે આવેલા 'શિવ ઘાટ' અને 'યોગેશ્વર ઘાટ'ના બે ટુરિસ્ટ-ફ્રેન્ડલી વોટરફોલ શિવજી સહિત પર્યટકો પર પણ જાણે જળાભિષેક કરતા હોય તેવો અનુભવ કરાવે છે. મહાલ-બરડીપાડા રોડ ઉપર આવેલો 'મહાલ વોટરફોલ', ચનખલની સીમમાં આવેલો 'બારદા ધોધ', ડોન ગામનો 'દ્રોણ ધોધ', પાંડવા ગામનો 'અંજની ધોધ' તેમજ માયાદેવીનો 'સ્ટેપ ધોધ' ચોમાસાની ભીનીભીની મોસમમાં પ્રકૃતિપ્રેમીઓને આકર્ષી રહ્યા છે.

ઊંચા-ઊંચા ડુંગરો પરથી નીચે ખીણમાં ખાબકતા શ્વેત દુગ્ધધારા જેવા અનેક નામી-અનામી જળધોધો ઉપરાંત, ખીણ પ્રદેશમાં જાણે આકાશમાંથી પોતાના પ્રિયતમથી વિખૂટી પડી એકલી અટૂલી અટવાતી શ્વેત-શ્યામ વાદળડી અને તેની ધુમ્રશેર ડાંગના સૌંદર્યને ચાર ચાંદ લગાવી દે છે. આવા માદક અને મનમોહક માહોલને માણવો હોય તો પ્રાકૃતિક ડાંગ જિલ્લો તમને સાદ આપી રહ્યો છે.

વરસાદી વાયરાની વચ્ચે ચોમાસાની હેલીથી તરબતર વનસૃષ્ટિમાં ડુંગરા ખૂંદવાની ચાહ હોય તો આ બધી રાહ આસાન છે! બાકી તો 'ડુંગરા દૂરથી રળિયામણા' એમ માનીને ટેલિવિઝનના પડદે તેમજ અખબારો અને સામયિકોના પાનાં પર આ જળધોધોના આકર્ષક ફોટોગ્રાફ્સ જોઈને જ મન મનાવવું પડે! પ્રકૃતિના નજારાને મન ભરીને માણવાનું તો સૌને ઈજન છે જ; પરંતુ રોમાંચ અને ક્ષણિક આવેશના જોશમાં સેલ્ફી કે ફોટોગ્રાફીની ઘેલછામાં ક્યાંક અજુગતું ન બને, તે માટે સભાન રહેવું પણ એટલું જ જરૂરી છે. ફી




## કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં અમદાવાદે રચ્યો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ

પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ભવિષ્યના સંકલ્પને સાકાર કરવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા ભાડજ ખાતે આયોજિત વૃક્ષારોપણ મહાઅભિયાનમાં મિયાવાકી પદ્ધતિથી એક જ કલાકમાં ૩.૬૧ લાખ વૃક્ષોનું વૃક્ષારોપણ કરીને Guinness World Record સ્થાપવામાં આવ્યો છે. આશરે ૯૧,૦૦૬ ચોરસ મીટર વિસ્તારમાં યોજાયેલા આ અભિયાનમાં ૨૫,૦૦૦થી વધુ વોલેન્ટિયર્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેના પરિણામે આ વિશ્વવિક્રમ નોંધાયો છે.

માન. કેન્દ્રીય ગૃહમંત્રી તથા સહકાર મંત્રીશ્રી અને ગાંધીનગર લોકસભાના સાંસદશ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિ અને તેમના માર્ગદર્શન હેઠળ, માન. મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, મ્યુનિસિપલ કમિશનરશ્રી તથા અન્ય પદાધિકારીઓની હાજરીમાં પ્રાપ્ત થયેલી આ સિદ્ધિ અમદાવાદ શહેરના પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વિકાસના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સમાન છે. આ કાર્યક્રમને સફળ બનાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ, સ્કૂલ બોર્ડ, BAPS, CREDAI, પોલીસ સ્ટાફ, NCCના વિદ્યાર્થીઓ, NGO, સામાજિક સંગઠનો તેમજ શહેરના નાગરિકોએ ઉત્સાહભેર સહભાગિતા નોંધાવી હતી.

આ વૃક્ષારોપણ અભિયાનમાં સ્થાનિક (Indigenous) અને પર્યાવરણને અનુકૂળ પ્રજાતિના રોપાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ રોપાઓ ભવિષ્યમાં વાયુ પ્રદૂષણમાં ઘટાડો, કાર્બન શોષણ, તાપમાનનું નિયંત્રણ તેમજ શહેરને વધુ હરિયાળું બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.



## સેલવાસમાં એક સાથે વિક્રમસર્જક એક લાખ વૃક્ષો રોપાયા

સેલવાસના નામાંકિત ખાનવેલ રીસોર્ટના નિર્મલ જૈન દ્વારા 'પ્લાન્ટ ટુડે, સેવ ધ પ્લેનેટ' ઝૂંબેશ હેઠળ વિક્રમ સર્જક ૧ લાખ છોડ વાવવામાં આવ્યા હતાં.

આ અભિયાનમાં પૂનાના સેવાભાવી આરએમડી ફાઉન્ડેશનના અધ્યક્ષા શ્રીમતી શોભાબાઈ ધારીવાલની વિશેષ ઉપસ્થિતિમાં સ્થાનિક જન પ્રતિનિધિઓ, પ્રશાસકો, અગ્રણી વેપારીઓ, ઉદ્યોગપતિઓ, નાગરિકો અને પ્રતિષ્ઠિત મીડિયાકર્મીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

– અહેવાલ : ધર્મેશ વકીલ, મુંબઈ



Read online : www.feelingsmultimedia.com



પ્રો. મનોજ જગતાપ

# વર્ષાઋતુમાં સ્વસ્થ રહેવાનો વૈજ્ઞાનિક માર્ગ સરળ, સુરક્ષિત જીવન

પહેલો વરસાદ પડતાં જ માટીની એક અનોખી સુગંધ હવામાં ફેલાઈ જાય છે. ચોમાસું પ્રાકૃતિક સૌન્દર્ય લાવે છે. જે આપણાં મનને પ્રસન્ન કરે છે પરંતુ એક એવો પણ પડકાર છુપાયેલો હોય છે, જેની આપણે ઘણીવાર ઉપેક્ષા કરીએ છીએ અને તે છે અનેક ચેપી રોગો. વરસાદમાં ભીના થવાની મજા બધા માણે છે, પરંતુ ત્યાર પછી આવતી શરદી, ઉધરસ કે પેટની ખલેલ આપણને સાવચેત થવા ફરજ પાડે છે. શું ક્યારેય વિચાર્યું છે કે માત્ર વરસાદ પડવાથી જ આપણને બીમારી કેમ લાગે છે? ચાલો, સામાજિક જીવનના સંદર્ભમાં આ રહસ્યને સરળતાથી સમજીએ.

**શરીર પર ચોમાસાની વૈજ્ઞાનિક અસર :**

વરસાદ પડવાથી સૌ પ્રથમ હવામાં ભેજનું પ્રમાણ વધે છે. આ ભેજવાળું વાતાવરણ જીવાણુઓ, બેક્ટેરિયા અને ફૂગ માટે એક ઉત્તમ જગ્યા બની જાય છે. ઉપરાંત, વર્ષાઋતુમાં આકાશમાં વાદળ છવાઈ રહેતા હોવાથી સૂર્યપ્રકાશ ઓછો મળે છે. સૂર્યના કિરણો કુદરતી રીતે જીવાણુઓનો નાશ કરે છે, પરંતુ ચોમાસામાં આ પ્રક્રિયા ધીમી પડી જાય છે. પરિણામે જીવાણુઓ ખુલ્લા વાતાવરણમાં પ્રસરે છે. બીજું, ચોમાસામાં દિવસે હળવી ગરમી અને રાત્રે ઠંડી પડે છે. આ તાપમાનના ફેરફારને કારણે આપણું શરીર સતત તેને અનુકૂળ થવાનો પ્રયાસ કરે છે. આ દરમિયાન શરીરની રોગપ્રતિકારક શક્તિ મંદ પડી જાય છે એટલે રોગકારક જીવાણુઓ આસાનીથી શરીર પર હુમલો કરી શકે છે.

**પાણી અને આપણી સામાજિક ફરજ :**

ચોમાસામાં સૌથી વધુ રોગો પાણી મારફતે ફેલાય છે. ડેંગ્યૂ અને મલેરિયા જેવા રોગો એટલા માટે ફેલાય છે કે આપણી આસપાસ પાણી ભરાઈ રહે છે. ખાસ કરીને ડેંગ્યૂ ફેલાવતા મચ્છર સ્વચ્છ પાણીમાં પ્રજનન કરવાનું પસંદ કરે છે. ઘરની છત પર ભરાયેલું થોડું પાણી, કૂલરનું પાણી અથવા ફૂલદાનીની તળિયે એકઠું થયેલું પાણી મચ્છરો માટે ઉત્તમ પ્રજનન સ્થળ બની જાય છે. અહીં સમજવા જેવી વાત એ છે કે મચ્છરોને મારવા કરતાં તેમને જન્મતા અટકાવવા વધુ જરૂરી છે. આ આપણી સામાજિક જવાબદારી છે. દર અઠવાડિયે કૂલર ખાલી કરવો, ફૂલદાનીનું પાણી બદલવું અને ઘરની આસપાસ ક્યાંય પણ પાણી જમા ન થવા દેવું એ આપણી સામૂહિક ફરજ છે.

એ જ રીતે, પીવાના પાણી બાબતે પણ વિશેષ સાવચેતી રાખવી જરૂરી છે. ચોમાસામાં ગટરનું પાણી ઘણીવાર પીવાના પાણીમાં ભળી જાય છે. પરિણામે કોલેરા, ટાઈફોઈડ જેવા રોગો ફેલાય છે. વૈજ્ઞાનિક દષ્ટિએ જોઈએ તો, પાણીને ચેપી જીવાણુઓથી મુક્ત કરવા માટે તેને ઉકાળવું સૌથી સુરક્ષિત ઉપાય છે.

**પાચનતંત્ર અને યોગ્ય ખોરાક :**

ચોમાસાની વાત આવે અને ભજિયા-ચા ની યાદ ન આવે એ શક્ય નથી. પરંતુ આપણા શરીરનું પાચનતંત્ર ચોમાસામાં સૌથી ધીમું કામ કરે છે. આયુર્વેદમાં તેને મંદ અગ્નિ કહેવામાં આવે છે. આવી સ્થિતિમાં ભેજવાળા વાતાવરણમાં તળેલી વસ્તુઓ શરીરમાં ગેસ અને એસિડિટી પેદા કરે છે. તેથી ફરસાણ અને ભજિયાથી દૂર રહેવું સ્વાસ્થ્ય માટે હિતાવહ છે. ઉપવાસનું પણ વર્ષાઋતુમાં વિશેષ મહત્વ આપણાં ધર્મશાસ્ત્રો અને આયુર્વેદ ગ્રંથોમાં લખાયું છે તેનું પાલન કરવું જોઈએ.

ચોમાસામાં લીલા શાકભાજીનું સેવન કરતાં પહેલાં ખાસ ધ્યાન રાખવું પડે છે. ભેજના કારણે પાંદડામાં નાના કૃમિ અને જીવાણુઓ ચોંટી રહેતા હોય છે, જે સાદા પાણીથી ધોવા છતાં નીકળતા નથી. શાકભાજીને હંમેશા મીઠાના ગરમ પાણીમાં બાફીને કે સારી રીતે ધોઈને જ વાપરવી જોઈએ. આ ઋતુમાં ગરમ અને સરળતાથી પચે તેવા ખોરાકને પ્રાધાન્ય આપવું જોઈએ. દાળ-ચોખાની ખીચડી, સૂપ અને તાજા ફળો શરીરને શક્તિ આપે છે.

**સ્વચ્છતા અને રોગપ્રતિકાર શક્તિ :**

વરસાદમાં ભીના થવું એ શરીર માટે હંમેશા નુકશાનકારક નથી હોતું, પરંતુ તે પછીની સ્વચ્છતા ખૂબ જરૂરી છે. આજકાલ પ્રદૂષણ વધી ગયું છે, તેથી વરસાદના પાણીમાં ધૂળ અને હાનિકારક રાસાયણિક તત્વો ભળેલા હોય છે. જો આવા પાણીથી શરીર ભીનું રહે તો ત્વચા પર ફૂગનો ચેપ લાગવાની શક્યતા રહે છે. તેથી વરસાદમાં ભીના થયા પછી ઘરે આવ્યા બાદ તરત જ હૂંફાળા પાણીથી સ્નાન કરવું જોઈએ. સ્નાન પછી શરીરને સંપૂર્ણપણે સૂકવીને જ કપડાં પહેરવા જોઈએ. ભીના કપડાં પહેરીને બેસવાથી શરીરનું તાપમાન ઝડપથી ઓછું થાય છે, જેના લીધે તાત્કાલિક શરદી લાગે છે.

રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે કૃત્રિમ દવાઓ કરતાં કુદરતી આહાર વધુ અસરકારક છે. વિટામિન સી રોગપ્રતિકાર શક્તિ માટે ખૂબ જ ફાયદાકારક છે. દાડમ, આંબળા, લીંબુના રસનું નિયમિત સેવન કરવું જોઈએ. આ ઉપરાંત, ચોમાસામાં બહાર ફરવાનું બંધ કરી ઘરની અંદર જ હળવો વ્યાયામ કરવો જોઈએ. યોગાસન કે સરળ સ્ટ્રેચિંગ કરવાથી શરીરના અંગો સક્રિય રહે છે અને લોહીનો સુસંવાદિત પ્રવાહ જળવાઈ રહે છે, જે રોગો સામે લડવામાં મદદ કરે છે.

**બાળકો અને વૃદ્ધો માટે ખાસ સારસંભાળ :**

કોઈપણ સમાજમાં બાળકો અને વૃદ્ધો એ બે એવા વર્ગ છે, જેઓ ચોમાસાની બીમારીઓનો સૌથી વધુ ભોગ બનતા હોય છે. બાળકોની રોગપ્રતિકાર શક્તિ હજુ પૂરી રીતે વિકસિત થઈ નથી હોતી, જ્યારે વૃદ્ધોની શક્તિ ઉંમરની સાથે નબળી પડી ગઈ હોય છે. ખાસ કરીને શ્વસનતંત્રની બીમારીઓ, જેમ કે અસ્થમા કે ન્યુમોનિયા, ચોમાસામાં આ બંને વર્ગને ઝડપથી અસર કરે છે.

બાળકોને ગંદા પાણીમાં રમવાથી ખાસ રોકવા જોઈએ. ઘણીવાર બાળકોના પગમાં નાના કાણા પડી જાય છે, ભેજવાળા વાતાવરણમાં આ કાણા ઝડપથી ભરાતા નથી અને તેમાંથી ચેપ લાગી શકે છે. તેથી નાના જખમને તરત જ સાફ કરીને તેના પર મલમ લગાડવી જોઈએ. બીજી તરફ, વૃદ્ધોએ ચોમાસામાં વહેલી સવારે કે સાંજે ભીના વાતાવરણમાં ફરવાથી બચવું જોઈએ. તેમણે હંમેશા હળવા પણ સંપૂર્ણ સૂકા કપડાં પહેરવા જોઈએ જેથી શરીરનું તાપમાન યોગ્ય રહે.

આમ, ચોમાસું એ ફક્ત એક ઋતુ નથી, પરંતુ આપણી સામાજિક જવાબદારીની પરીક્ષા છે. કુદરતે આપેલી આ સુંદર ઋતુનો આનંદ માણવો હોય તો, તેની સાથે આવતા સ્વાસ્થ્ય જોખમોને દૂર રાખવા માટે નાના-નાના નિયમોનું પાલન કરવું જરૂરી છે. સાચું સિક્રેટ એ છે કે આપણે વૈજ્ઞાનિક સિદ્ધાંતોને સમજીને તેનો પોતાના દૈનિક જીવનમાં ઉપયોગ કરીએ. પોતાની સ્વચ્છતા જાળવવી, શુદ્ધ પાણી પીવું, શુદ્ધ આહાર લેવો. સમાજના અન્ય લોકોને પણ આ બાબતે જાગૃત કરવા. જો આપણે આ નાના પગલાં અપનાવીશું, તો ચોમાસું આપણા માટે આનંદ અને સ્વાસ્થ્ય લઈને આવશે. ફી



## ફોર્ચ્યુન ઈન્ડિયા ૨૦૨૬ના 'મોસ્ટ પાવરફુલ વુમન' તરીકે પ્રથમ ક્રમે શ્રીમતી નીતા અંબાણી

તાજેતરમાં મુંબઈની આલીશાન હોટેલ 'ફોર સીઝન્સ' ખાતે યોજાયેલા 'ફોર્ચ્યુન ઈન્ડિયા મોસ્ટ પાવરફુલ વુમન ૨૦૨૬' એવોર્ડ સમારોહમાં નેશનલ સ્ટોક એક્સચેન્જ(NSE)ના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી આશિષ ચૌહાણ 'ગેસ્ટ ઓફ ઓનર' તરીકે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી જિષ્ણુ દેવ વર્મા, કેન્દ્રીય મંત્રી (પરિવાર કલ્યાણ અને સ્વાસ્થ્ય) અનુપ્રિયા પટેલ તથા ફોર્ચ્યુન ઈન્ડિયાના ચીફ એડિટર સૌરવ મજુમદાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ફોર્ચ્યુન ઈન્ડિયાના વિશેષ અંકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન શ્રીમતી નીતા અંબાણીને દેશની 'મોસ્ટ પાવરફુલ વુમન ૨૦૨૬' તરીકે પ્રથમ ક્રમે સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત સ્મૃતિ ઈરાની, ઝિયા મોદી અને નીરજા બિરલા સહિત અનેક અગ્રણી મહિલાઓને પણ એવોર્ડ એનાયત કરાયા હતા. આ સમારંભમાં દેશના આર્થિક વિકાસ, કેપિટલ માર્કેટ્સ અને કોર્પોરેટ ક્ષેત્રમાં મહિલાઓના વધતા નેતૃત્વ અને યોગદાન અંગે અર્થપૂર્ણ ચર્ચાઓ યોજાઈ હતી.


EYE DONATION



Make it your Family Tradition


SPIRIT OF LIFE
Feelings
Foundation



સદૈવ સેવા અનુરાગી માનનીય
શ્રી રમેશભાઈ ભોગીલાલ વોરા(દુબઈ)ને
૭૫મા જન્મદિવસ નિમિત્તે
કિશોરભાઈ ઝાટકીયા અને ફીલિંગ્સ પરિવાર તરફથી
નિરામય દીર્ઘાયુની અનેક-અનેક
હાર્દિક શુભકામનાઓ








૧૯૨૫થી આપની સેવામાં
ભાવસાર આયુર્વેદિક
જખ્મેરૂઝ®
ગુલાબી મલમ

• ખસ • ખુજલી
• ખીલ • જખમ • ઘા
• હાથ-પગના
ચીરા/વાઢીયા એવા
ચામડીના રોગોમાં
ઉપયોગી.




દરેક મેડીકલ અને આયુર્વેદિક સ્ટોર્સમાં ઉપલબ્ધ

ભાવસાર કેમિકલ્સ પ્રા. લિ. વ્યારા (તાપી), ગુજરાત • Customer Care : 02626 220015 • www.bhawsarayurveda.com

PROMSERVE 2262026



સંજય થોરાત 'સ્વજન'

# ઓવર ટુરિઝમ... ભીડમાં ભગવાન અને હિલ સ્ટેશન પર ઠંડક ગાયબ..!

'અતિ સર્વત્ર વર્જયેત્' - કોઈપણ બાબતનો અતિરેક નુકસાનકારક બની શકે છે. તમને બધાને અનુભવ હશે કે આજથી ૧૫-૨૦ વર્ષ પહેલાં આપણે કોઈ પ્રખ્યાત મંદિરે દર્શન કરવા જતા તો ભગવાન સામે શાંતિથી બેસીને દર્શન કરી શકતા. કોઈ પર્યટન સ્થળે જતા તો ત્યાં આરામથી હરીફરી શકતા હતા. અત્યારે પરિસ્થિતિ સાવ પલટાઈ ગઈ છે. 'અતિ સર્વત્ર વર્જયેત્' એટલે કે દરેક બાબતનો અતિરેક નુકસાનકારક છે. આ વાત આજે ભારતના પ્રવાસન ક્ષેત્ર માટે પણ એટલી જ સાચી સાબિત થઈ રહી છે. એક સમયે પ્રવાસનને માત્ર વિકાસ અને રોજગારીનું સાધન માનવામાં આવતું હતું, પરંતુ હવે વધતી જતી પ્રવાસીઓની સંખ્યાએ એક નવા પડકારને જન્મ આપ્યો છે. એને કહેવાય છે 'ઓવર-ટુરિઝમ'

ભારત વિશ્વના સૌથી સમૃદ્ધ સાંસ્કૃતિક અને કુદરતી વારસો ધરાવતા દેશોમાંનો એક છે. હિમાલયથી લઈને હિંદ મહાસાગર સુધી, રણથી લઈને વરસાદી જંગલો સુધી અને હજારો વર્ષ જૂના મંદિરો, કિલ્લાઓ, સ્મારકો તેમજ આધ્યાત્મિક સ્થળોનું વૈવિધ્ય વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષે છે.

આપણે છેલ્લા દાયકામાં દેશના પ્રવાસન ક્ષેત્રે ઝડપથી વિકાસ કર્યો છે. નવો એક્સપ્રેસ-વે, વંદે ભારત જેવી આધુનિક ટ્રેનો, હવાઈ સેવાઓનું વિસ્તરણ, ઓનલાઈન બુકિંગ, હોમ-સ્ટેની વધતી લોકપ્રિયતા, લોકોની આવકમાં વધારો તથા સોશિયલ મીડિયાના પ્રભાવને કારણે આજે પ્રવાસ કરવો પહેલાં કરતાં ઘણો સરળ બની ગયો છે. પરિણામે પ્રવાસીઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો નોંધાયો છે.

પ્રવાસનનો વિકાસ દેશની અર્થવ્યવસ્થા માટે સારા સમાચાર છે, પરંતુ જ્યારે કોઈ પણ સ્થળ તેની ક્ષમતા કરતાં અનેકગણા વધુ પ્રવાસીઓનું સ્વાગત કરવા મજબૂર બને ત્યારે સમસ્યાઓ શરૂ થાય છે. આવી સ્થિતિને જ 'ઓવર-ટુરિઝમ' કહેવામાં આવે છે. એટલે કે, કોઈ સ્થળ પર એટલા બધા પ્રવાસીઓ એકસાથે પહોંચે કે સ્થાનિક સુવિધાઓ, પર્યાવરણ, ઐતિહાસિક વારસો અને ત્યાં રહેતા લોકોનું સામાન્ય જીવન સુધ્ધાં પ્રભાવિત થવા લાગે.

લોકો ઓવર-ટુરિઝમને માત્ર ભીડ તરીકે જુએ છે, રસ્તાઓ પર ટ્રાફિક જામ, પાર્કિંગની સમસ્યા, પાણી અને વીજળી પર વધતો ભાર, કચરાના ઢગલા, ગટરની વ્યવસ્થામાં ખામી, અવાજ અને વાયુ પ્રદૂષણ, કુદરતી સંપત્તિનું નુકસાન અને સ્થાનિક સંસ્કૃતિ પર પડતી અસર આ બધું મળીને એક એવું ઓવર-ટુરિઝમનું ચિત્ર ઊભું કરે છે. જ્યાં ફક્ત સમસ્યાઓ જ હોય છે.

ભારતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં આ સ્થિતિ અનેક લોકપ્રિય સ્થળોએ જોવા મળી છે. ઉત્તરાખંડમાં યોજાતી ચારધામ યાત્રા તેનું સૌથી મોટું ઉદાહરણ છે. દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રીની યાત્રા કરે છે. આ ધાર્મિક યાત્રા ભારતીયોની આસ્થાનું પ્રતિક છે, પરંતુ એકસાથે હજારો લોકોના આગમનથી પર્વતીય રસ્તાઓ પર કલાકો સુધી ટ્રાફિક જામ સર્જાય છે. હોટલો ભરાઈ જાય છે, પાર્કિંગ માટે જગ્યા રહેતી નથી, આરોગ્ય સેવાઓ પર ભારે દબાણ આવે છે. વરસાદી મોસમ દરમિયાન ભૂસ્ખલન અથવા અચાનક પૂર જેવી પરિસ્થિતિ રાહત અને બચાવ કામગીરીને વધુ મુશ્કેલ બનાવી દે છે.

ગત વર્ષે યોજાયેલા મહાકુંભમાં કરોડો શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો. વિશ્વનો આ સૌથી મોટો ધાર્મિક મેળો માનવામાં આવે છે. આટલા મોટા આયોજન માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ વિશાળ વ્યવસ્થાઓ ઊભી કરી હતી, છતાં ભીડનું સંચાલન, ટ્રાફિક, સ્વચ્છતા, પીવાના પાણીની વ્યવસ્થા અને સુરક્ષા માટેના સતત પડકારો સામે આવ્યાં હતા. જે બતાવે છે કે ભવિષ્યમાં ભારતે મોટા ધાર્મિક કાર્યક્રમો માટે વધુ વૈજ્ઞાનિક આયોજન અપનાવવું પડશે.

હિમાચલ પ્રદેશનું મનાલી, શિમલા, ઉત્તરાખંડનું મસૂરી, નૈનિતાલ અને જમ્મુ-કાશ્મીરનું ગુલમર્ગ તથા સોનમર્ગ જેવા હિલ સ્ટેશનોમાં રજાઓ દરમિયાન હજારો વાહનો એકસાથે પહોંચે છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા ફોટા અને વીડિયો લોકોને તરત જ તે સ્થળોની મુલાકાત લેવા પ્રેરિત કરે છે. પરિણામે નાનાં શહેરોમાં ટ્રાફિક કલાકો સુધી અટકી જાય છે. સ્થાનિક લોકો માટે હોસ્પિટલ પહોંચવું, શાળાએ જવું કે રોજિંદા કામ માટે બહાર નીકળવું પણ મુશ્કેલ બની જાય છે. દરિયાકાંઠાના પ્રવાસન સ્થળો પણ આ સમસ્યાથી બચી શક્યા નથી. ગોવામાં દર વર્ષે લાખો દેશી અને વિદેશી પ્રવાસીઓ આવે છે. પ્રવાસન ત્યાંની અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર


Read online : www.feelingsmultimedia.com

છે, પરંતુ વધુ પડતી ભીડને કારણે દરિયાકિનારાઓ પર પ્લાસ્ટિકનો કચરો, અવાજ પ્રદૂષણ, ગેરકાયદેસર બાંધકામ અને દરિયાઈ પર્યાવરણ પર પ્રતિકૂળ અસરો જોવા મળી રહી છે. સ્થાનિક લોકો પણ વધતા ટ્રાફિક અને વધતી મિલકતની કિંમતો અંગે ચિંતા વ્યક્ત કરે છે.

આપણા આધ્યાત્મિક શહેરો વારાણસી, ઋષિકેશ, હરિદ્વાર, તિરુપતિ, શિર્ડી અને વૈષ્ણોદેવીમાં પણ તહેવારો અને રજાઓ દરમિયાન અતિશય ભીડ જોવા મળે છે. કેટલીકવાર દર્શન માટે કલાકો સુધી રાહ જોવી પડે છે. ગુજરાતમાં અંબાજી, પાવાગઢ, દ્વારકા કે સોમનાથ મંદિર અને ગિર જંગલ સફારીની હાલત પણ અમુક દિવસોમાં આવી જ હોય છે. નદીકિનારાઓ પર કચરાનું પ્રમાણ વધે છે અને સ્વચ્છતા જાળવવી સ્થાનિક તંત્ર માટે પડકારરૂપ બને છે.

ભારતના પ્રખ્યાત ઐતિહાસિક સ્થળો પણ ઓવર-ટુરિઝમની અસર અનુભવી રહ્યા છે. તાજમહેલ, જયપુરના કિલ્લાઓ, હંપી, ખજૂરાહો, કુતુબમિનાર અને અજંતા-ઈલોરા જેવી વિશ્વવિખ્યાત જગ્યાઓ પર રોજ હજારો લોકોની અવરજવર થાય છે.

નિષ્ણાતો માને છે કે સતત વધતી માનવ અવરજવરથી ઐતિહાસિક સ્મારકોના પથ્થરો, દીવાલો અને આસપાસના પર્યાવરણ પર લાંબા ગાળે વિપરિત અસર પડી શકે છે.

ઓવર-ટુરિઝમ પાછળ માત્ર પ્રવાસીઓ જવાબદાર નથી. સોશિયલ મીડિયાનો પણ તેમાં મોટો ફાળો છે. કોઈ અજાણ્યું સ્થળ એક વાયરલ વીડિયો કે ફિલ્મના કારણે અચાનક લોકપ્રિય બની જાય છે અને થોડાક જ દિવસોમાં હજારો લોકો ત્યાં પહોંચી જાય છે. ઘણી વખત ત્યાં પાર્કિંગ, શૌચાલય, કચરાની વ્યવસ્થા કે સુરક્ષા માટે પૂરતી સુવિધાઓ પણ હોતી નથી. બીજી તરફ, અનિયોજિત બાંધકામ, પર્યાવરણના નિયમોની અવગણના અને પ્રવાસનના દબાણને ધ્યાનમાં રાખીને લાંબા ગાળાનું આયોજન ન થવું પણ એટલું જ જવાબદાર છે.

વિશ્વના અનેક દેશોએ આ સમસ્યાનો સામનો કરવા માટે નવી નીતિઓ અપનાવી છે. ઈટાલીના વેનિસમાં દિવસ દરમિયાન આવતા કેટલાક પ્રવાસીઓ માટે પ્રવેશ ફી લાગુ કરવામાં આવી છે. માચુ પિચ્ચુમાં દરરોજ મર્યાદિત સંખ્યામાં જ પ્રવાસીઓને પ્રવેશ આપવામાં આવે છે. સ્પેનના બાર્સેલોનામાં ટૂંકા ગાળાના ભાડાના મકાનો અંગે કડક નિયમો બનાવવામાં આવ્યા છે. આ ઉદાહરણો દર્શાવે છે કે જો સમયસર યોગ્ય નીતિઓ અપનાવવામાં આવે તો ઓવર ટુરિઝમને નિયંત્રિત કરી શકાય.


ભારત માટે પણ હવે આ દિશામાં આગળ વધવાનો સમય આવી ગયો છે. દરેક લોકપ્રિય સ્થળ માટે તેની કેરિંગ કેપેસિટી વૈજ્ઞાનિક રીતે નક્કી કરવી જોઈએ. એક દિવસમાં અથવા એક સમયે કેટલા પ્રવાસીઓ સુરક્ષિત રીતે આવી શકે તેની મર્યાદા નક્કી કરવાથી ભીડને નિયંત્રિત કરી શકાય. ઓનલાઈન પૂર્વ નોંધણી, સમય આધારિત પ્રવેશ, પાર્કિંગનું ડિજિટલ સંચાલન અને જાહેર પરિવહનને પ્રોત્સાહન આપવાથી પણ મોટી રાહત મળી શકે છે. આનું શ્રેષ્ઠ ઉદાહરણ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' અને 'અક્ષરધામ મંદિર' છે.

સરકાર ઉપરાંત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને પ્રવાસન ઉદ્યોગની પણ મહત્વપૂર્ણ જવાબદારી બને છે. કચરાના વૈજ્ઞાનિક નિકાલની વ્યવસ્થા, જાહેર શૌચાલય, પીવાના પાણીની પૂરતી સુવિધા, વરસાદી પાણીના સંચય, પ્લાસ્ટિકના ઉપયોગ પર નિયંત્રણ અને પર્યાવરણમૈત્રી પરિવહન જેવી વ્યવસ્થાઓ પ્રવાસનને વધુ ટકાઉ બનાવી શકે છે. સ્થાનિક સમુદાયને પણ પ્રવાસન આયોજનમાં ભાગીદાર બનાવવાથી વિકાસ અને સંરક્ષણ વચ્ચે સંતુલન જાળવી શકાય.

સામાપક્ષે પ્રવાસીઓની જવાબદારી પણ ઓછી નથી. કુદરતી સ્થળોએ પ્લાસ્ટિક કચરો ન ફેંકવો, વૃક્ષો અથવા સ્મારકો પર નામ ન લખવા, સ્થાનિક સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાનો આદર રાખવો, અવાજ પ્રદૂષણ ટાળવું અને શક્ય હોય ત્યાં સુધી સ્થાનિક વ્યવસાયોને પ્રોત્સાહન આપવું - આ બધું જવાબદાર પ્રવાસનનો મહત્વનો ભાગ છે. દરેક પ્રવાસીએ યાદ રાખવું જોઈએ કે આપણે જે સ્થળે પ્રવાસમાં જઈએ છીએ તે કોઈનું ઘર પણ છે. ભારત સરકાર છેલ્લા કેટલાક વર્ષોમાં ઓછા જાણીતા પ્રવાસન સ્થળોના વિકાસ પર પણ ભાર મૂકી રહી છે. જો પ્રવાસીઓ માત્ર થોડાક લોકપ્રિય સ્થળોએ જ કેન્દ્રિત રહેવાને બદલે નવા સ્થળોની મુલાકાત લે તો ભીડનું વિતરણ થશે અને સ્થાનિક અર્થતંત્રને પણ નવા અવસર મળશે. આ અભિગમ ઓવર-ટુરિઝમ ઘટાડવામાં મદદરૂપ બની શકે છે.

પર્યાવરણ નિષ્ણાતોનું માનવું છે કે જો આજે યોગ્ય આયોજન નહીં કરવામાં આવે તો ભવિષ્યમાં અનેક લોકપ્રિય સ્થળો પોતાનું કુદરતી સૌંદર્ય ગુમાવી શકે છે. ગ્લેશિયરોનું ઓગળવું, જંગલોમાં વધતી માનવ દખલ, નદીઓનું પ્રદૂષણ અને જૈવ વૈવિધ્યને થતું નુકસાન માત્ર પ્રવાસનનો પ્રશ્ન નથી, પરંતુ આવનારી પેઢીઓના ભવિષ્ય સાથે જોડાયેલો મુદ્દો છે. પ્રવાસનનો હેતુ માત્ર ફોટા પાડવાનો કે સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકવાનો નથી. પ્રવાસન એ છે જે આપણને નવા સ્થળો, નવી સંસ્કૃતિઓ અને પ્રકૃતિ સાથે જોડે છે. જો આપણે પ્રવાસનને જવાબદારી સાથે નહીં અપનાવીએ તો આજે જે સ્થળો આપણને મોહિત કરે છે, તે આવતીકાલે પોતાનું મૂળ સ્વરૂપ ગુમાવી શકે છે.

ભારત પાસે વિશ્વને આકર્ષે તેવી અસાધારણ કુદરતી અને સાંસ્કૃતિક સંપત્તિ છે. તેને જાળવી રાખવી માત્ર સરકારની જવાબદારી નથી, પરંતુ દરેક પ્રવાસી, સ્થાનિક નાગરિક અને પ્રવાસન ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામની સામૂહિક ફરજ છે. પ્રવાસનો આનંદ ત્યારે જ સાચો ગણાય, જ્યારે પ્રવાસી આનંદ લઈને પાછો ફરે અને પ્રકૃતિ, સંસ્કૃતિ તથા સ્થાનિક સમાજ પર તેનો ભાર નહીં, પરંતુ સકારાત્મક છાપ છોડી જાય. 'ઓવર-ટુરિઝમ'ને રોકવા જવાબદાર પ્રવાસનની સંસ્કૃતિ વિકસાવવી એ આજના સમયની સૌથી મોટી માંગ છે. ફી



# વિક્રમ સંવત ૨૦૮૨માં ચાતુર્માસ બિરાજમાન આચાર્યશ્રીઓ

અષાઢ સુદ ચૌદસ, મંગળવાર તા. ૨૮ જુલાઈ, ૨૦૨૬થી જૈન સમાજના પવિત્ર ચાતુર્માસનો ભવ્ય પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પૂર્વ સેનેટ તથા સિન્ડિકેટ સભ્ય અને જાણીતા જૈન અગ્રણી શ્રી દીપક શાહે આ અંગે વધુ પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે, ભગવાન મહાવીર સ્વામીએ વૈશાખ સુદ અગિયારસના પવિત્ર દિવસે સદેહે જૈન શાસનની સ્થાપના કરી હતી. ચોમાસા દરમિયાન વરસાદને કારણે અસંખ્ય સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ થતી હોવાથી વિહાર દરમિયાન જીવહિંસા થવાની શક્યતા વધી જાય છે. તેથી ભગવાન મહાવીર સ્વામીએ સાધુ-સાધ્વી ભગવંતોને ચાતુર્માસ દરમિયાન એક જ સ્થાને સ્થિર રહી સ્વઆરાધના કરવા તેમજ શ્રીસંઘને પણ આરાધના કરાવવાની આજ્ઞા આપી છે.

વર્ષ ૨૦૨૬ (વિક્રમ સંવત ૨૦૮૨)ના ચાતુર્માસ દરમિયાન વિવિધ ગચ્છાધિપતિઓ તથા શીર્ષ આચાર્ય ભગવંતો ક્યાં-ક્યાં બિરાજમાન છે, તેની માહિતી અહીં સાદર રજૂ કરવામાં આવી છે, જેથી ભાવિક વાચકો તેમના દર્શન-વંદનનો પવિત્ર લાભ મેળવી શકે.



આ.શ્રી બુદ્ધિસાગરસૂરિજી સમુદાયના
ગ. આ. મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજ
શ્રી વિતરાગ જૈન સંઘ, પાલડી, અમદાવાદ



આ.શ્રી ધર્મવિજયજી ડહેલાવાલા સમુદાયના
ગ. આ. વિજય અભયદેવસૂરીશ્વરજી મહારાજ
શ્રી રાધનપુર શ્વે.મૂ. જૈન સંઘ - રાધનપુર



રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ
મહારાજ સાહેબ
ઘાટકોપર, મુંબઈ



આ. વિજયરત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ
ઘાટકોપર જૈન સંઘ - મુંબઈ



આ.શ્રી વલ્લભસૂરિજી સમુદાયના
ગ. આ. વિજય ધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજ
શ્રી અંકિબાઈ જૈન ધર્મશાળા - પાલીતાણા



આ.શ્રી સિદ્ધિસૂરિજી સમુદાયના
ગ. આ. વિજય યશોવિજયસૂરીશ્વરજી મહારાજ
શ્રી ગોડીજી જૈન સંઘ - પુના



આ.શ્રી લબ્ધિસૂરિજી સમુદાયના
ગ. આ. વિજય યશોવર્મસૂરીશ્વરજી મહારાજ
શ્રી લાલબાગ જૈન સંઘ - માંજલપુર, વડોદરા



આ.શ્રી વલ્લભસૂરિજી સમુદાયના
ગ. આ. વિજય નિત્યાનંદસૂરીશ્વરજી મહારાજ
શ્રી ગોડવાડ જૈન સંઘ - ચેન્નઈ



આ.શ્રી ભુવનભાનુસૂરિજી સમુદાયના
ગ. આ. વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ
શ્રી આરાધનાભવન જૈન સંઘ - દાદર, મુંબઈ



આ.શ્રી શાંતિચંદ્રસૂરિજી સમુદાયના
ગ. આ. વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજ
શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ - સુરત




આ.શ્રી સાગરાનંદસૂરિજી સમુદાયના
ગ. આ. નરદેવસાગરસૂરીશ્વરજી મહારાજ
શ્રી મોટેરા જૈન સંઘ - મોટેરા, અમદાવાદ




વલ્લભસૂરી સમુદાયના
આ. વિદ્યુતરત્નસૂરીશ્વરજી મહારાજ
શ્રી આત્માનંદ જૈન સભા (રજી.) લુધીયાણા, પંજાબ



આ.શ્રી ભક્તિસૂરિજી સમુદાયના
ગ. આ. વિજય કુલચંદ્રસૂરીશ્વરજી મહારાજ
શ્રી પાર્શ્વધામ - રાંચરડા, અમદાવાદ



આ.શ્રી નીતિસૂરિજી સમુદાયના
ગ. આ. વિજય લલિતપ્રભસૂરીશ્વરજી મહારાજ
શ્રી શાંતિનાથ જૈન સંઘ - વેસુ, સુરત



આ.શ્રી કલાપૂર્ણસૂરિજી સમુદાયના
ગ. આ. વિજય કલ્પતરુસૂરીશ્વરજી મહારાજ
શ્રી વિલેપાર્લે જૈન સંઘ - મુંબઈ (ઈ.)



પરમશ્રદ્ધેય પૂ. ગુરુદેવ શ્રી ધીરજમુનિ
મહારાજ સાહેબ
એમ્બેવેલી સિટી - મહારાષ્ટ્ર



આ.શ્રી હિમાચલસૂરિજી સમુદાયના
ગ. આ. વિજય રવિશેખરસૂરીશ્વરજી મહારાજ
શ્રી જીરાવલા જૈન તીર્થ - રાજસ્થાન



આ.શ્રી કેશરસૂરિજી સમુદાયના
ગ. આ. વિજય વિજ્ઞાનપ્રભસૂરીશ્વરજી મહારાજ
આગમોદ્ધારક આરાધના ભવન - ઈન્દોર




આ.શ્રી નેમિસૂરિજી સમુદાયના
ગ. આ. વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ
શ્રી ભાવનગર શ્વે.મૂ. જૈન સંઘ



આ. ઉદય વલ્લભસૂરીશ્વરજી મહારાજ
શ્રી અલકાપુરી જૈન સંઘ - અકોટા, વડોદરા



આ.શ્રી જ્ઞાનવિમલસૂરિજી સમુદાયના
ગ. આ. પ્રદ્યુમ્નવિમલસૂરીશ્વરજી મહારાજ
શ્રી મગરવાડા જૈન સંઘ - મગરવાડા



રાષ્ટ્રસંત આ. શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી
મહારાજ
સૈલા, અમદાવાદ



આ. નયપદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ
શ્રી લબ્ધિ સ્કાય ફોરેસ્ટ જૈન સંઘ
પ્રભાદેવી, મુંબઈ




અચલ ગચ્છા. આ. કલાપ્રભસૂરીશ્વર મહારાજ
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ,
ભાંડુપ (વેસ્ટ) મુંબઈ



આ. શ્રી મહાશ્રમણજી મહારાજ
જૈન વિશ્વ ભારતી - લાડનું, રાજસ્થાન



આ. શ્રી વિમલ સાગરસૂરીશ્વરજી મહારાજ
શ્રી મહાવીર સ્વામી જૈન સંઘ
ફીલખાના, હૈદરાબાદ



ગ. આ. શ્રી યુગભુષણસૂરીશ્વરજી
(પંડિત મહારાજ)
શ્રી ગુણવર્ધક જૈન સંઘ - બેંગલુરુ



આ. રાજરત્નસૂરીશ્વરજી મહારાજ
શ્રી મુલુંડ જૈન સંઘ,ઝવેર રોડ, મુંબઈ




આ. પ્રબોધચંદ્રસૂરીશ્વરજી (ચકાચક) મહારાજ
ચેન્નાઈ ભવન, પાલીતાણા



આ. મહાપદમસૂરીશ્વરજી મહારાજ
શ્રી રામવિહાર વેસુ તપાગચ્છ જૈન સંઘ, સુરત



આ. રાજહંસસૂરીશ્વરજી મહારાજ
શ્રી સાંચોરી જૈન સંઘ ખેતવાડી, મુંબઈ



આ. ચંદ્રજીતસૂરીશ્વરજી મહારાજ
શ્રી ઓમકારસુરી આરાધના ભવન - વેસુ, સુરત




## પાંપણને ભીંજવતી ગુજરાતી ફિલ્મ
# 'જો જો પાંપણ ના ભીંજાય'

જીવનની ઢળતી સંધ્યાએ આર્થિક તંગીમાં તરફડતા એક કલાકારના મનોજગતને આપણી નજર સમક્ષ તાદશ કરતી સંવેદનશીલ ગુજરાતી ફિલ્મ 'જો જો પાંપણ ના ભીંજાય'થી ખરેખર ચેતવા જેવું છે. કારણ કે, આ ફિલ્મ તો પાંપણને ભીંજવી દે છે. દર્શકોની કોરી આંખોમાં તરવરતી ભીનાશને વધુ ઘટ્ટ બનાવનાર આ ફિલ્મના પટકથા લેખક, દિગ્દર્શક અને કલાકાર શ્રી જયોતિન દવે (વડોદરા) એવી બહુમુખી પ્રતિભા છે, જેમણે રામાનંદ સાગરની પ્રખ્યાત સીરિયલોમાં મહત્વપૂર્ણ પાત્રો ભજવી પોતાની ઉત્તમ અભિનય ક્ષમતાના અજવાળા પાથર્યા છે.

વીસ વર્ષ સુધી આર્થિક સુરક્ષા આપતી બેંકની નોકરીને તિલાંજલિ આપી જયોતિનભાઈએ કવિ નર્મદની માફક કલાના ખોળે માથું મૂકી દીધું. જીવનના અનેક ખાટા-મીઠા અનુભવોની પાઠશાળામાં પાંગરેલી સંવેદનાથી છલોછલ છલકાતા આ કલાકારના મનોજગતમાં આકાર પામેલી ફિલ્મ 'જો જો પાંપણ ના ભીંજાય'ની વાર્તા અત્યંત હૃદયસ્પર્શી છે. ફિલ્મી દુનિયાની ચમક દમક પાછળ છુપાયેલી એક કલાકારની કઠોર વાસ્તવિકતા અહીં દર્શાવી છે. જેણે એક સમયે અતિશય લોકપ્રિયતા થકી સ્ટારડમ પ્રાપ્ત કર્યું હતું પરંતુ વધતી ઉંમરના કારણે તે ધીમે-ધીમે કામવિહોણો બની જાય છે. જે આપણને યાદ અપાવે છે કે પ્રસિદ્ધિ કેટલી નાજુક અને ક્ષણભંગુર હોઈ શકે છે, તેનો અહેસાસ કરાવતી આ ફિલ્મમાં એક કલાકારને ઢળતી ઉંમરે વેઠવી પડતી આર્થિક તંગી અને તેમાંથી જન્મતી મનોવ્યથા અત્યંત અસરકારક રીતે રજૂ કરવામાં આવી છે. માત્ર ત્રણ જ કલાકારોની આસપાસ અનેક ઉતાર-ચઢાવ લેતી આ ફિલ્મનો સમયગાળો લગભગ બે કલાકનો છે.

આ ફિલ્મના ગીતો અને સંગીત જસ્ટીન પરમારના છે. આ ફિલ્મની સૌથી ઉડીને આંખે વળગે તેવી બાબત એ છે કે, તેમાંના બે ગીતો જન્મથી સંપૂર્ણ દૃષ્ટિહીન ગાયિકા હેપ્પી દેસાઈના સુમધુર સ્વરમાં ગવાયા છે. આ ફિલ્મના નિર્માતા કિશોરભાઈ ગોટી (પટેલ) પણ અભિનંદનના અધિકારી છે, કારણ કે આ ફિલ્મનું નિર્માણ કરવું તેમનું એક સ્વપ્ન હતું. આ અંગે વધુ પ્રકાશ પાડતાં જયોતિન દવે કહે છે કે, 'તેમના સાથ-સહકારથી જ આ ફિલ્મનું નિર્માણ શક્ય બન્યું છે.'


ગાયિકા હેપ્પી દેસાઈ

હેપ્પી દેસાઈ જેવી યુવા પ્રતિભાઓ સમગ્ર સમાજ માટે પ્રેરણાસ્ત્રોત છે. આ દીકરીએ કરેલો સંઘર્ષ અને મેળવેલી સફળતાને 'ફીલિંગ્સ' બિરદાવે છે.

હવે વાત કરીએ ફિલ્મના કલાકારોની. જેમાં જયકિશનના પાત્રમાં જયોતિન દવે, નેહાના પાત્રમાં માહિરા અને સુપ્રિયાના પાત્રમાં યામિની જોષીએ પોતાના અભિનયથી પાત્રોમાં પ્રાણ પૂર્યા છે.

પોતાના સ્વપ્નનું પાત્ર આ ફિલ્મમાં ભજવવાની તક મળતાં માહિરા અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરે છે અને તેનો સંપૂર્ણ શ્રેય જયોતિનભાઈને આપે છે. આ ફિલ્મની કોસ્ચ્યુમ ડિઝાઈનર પણ માહિરા જ છે. તેઓ વર્ષ ૨૦૧૮ના 'મિસ ગુજરાત' એવોર્ડના વિજેતા પણ રહ્યા છે. માહિરાએ હિન્દી અને ગુજરાતી ધારાવાહિકોમાં પણ સુંદર અભિનય કરીને પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.

આ ફિલ્મમાં સુપ્રિયાની ભૂમિકા ભજવનાર યામિની જોષી પણ અનુભવી અને કુશળ ગુજરાતી અભિનેત્રી છે. ફિલ્મમાં તેમનો અભિનય ખાસ ધ્યાન આકર્ષે છે. તેઓ માને છે કે, તેમણે ઘણી ગુજરાતી ફિલ્મોમાં ઉત્તમ ભૂમિકાઓ ભજવી છે, પરંતુ જયોતિન દવેની આ ફિલ્મ 'જો જો પાંપણ ના ભીંજાય'માં તેમણે ભજવેલું પાત્ર તેમના અભિનયજીવનનું માઈલસ્ટોન સમાન છે. ટૂંકમાં કહીએ તો, આ ફિલ્મમાં ત્રણ જ મુખ્ય કલાકારો છે; તેમાં કોઈ હીરો કે હીરોઈન નથી.

અંતમાં એટલું ચોક્કસ કહી શકાય કે, દરેક ગુજરાતીએ આ ફિલ્મ એક વખત તો અચૂક નિહાળવી જોઈએ. કારણ કે, જયકિશન (જે.કે.)નો એક ફિલ્મી સંવાદ જ આ ફિલ્મ જોવા માટે સૌને મજબૂર કરી દે છે, 'રંગમંચ અને રૂપેરી પડદાની ઝાકઝમાળ જોઈને કોઈએ એવું માની ન લેવું કે આ ક્ષેત્રના કલાકારો અને કસબીઓ ઉત્કૃષ્ટ જીવન જ જીવતા હશે. પ્રત્યેકના જીવનમાં સંઘર્ષ, સંકટ અને પડકાર તો વણાયેલા જ હોય છે.'

ફિલ્મને તથા તેની સમગ્ર ટીમને 'ફીલિંગ્સ' પરિવાર તરફથી ઉજ્જવળ ભવિષ્ય માટે અનેક શુભકામનાઓ... ઓલ ધ બેસ્ટ.

રસોઈ માટે તૈયાર...

# શ્રી હરિ®

રેડી-ટુ-કૂક મસાલા

NO onion garlic

NO tuber-roots

100% natural product

## કાઠિયાવાડી અને માય ચાઈનીઝ મસાલા

# COMBO PACK

**MRP Rs.~~162~~/-**

**Pay only Rs.120/-**

**SAVE Rs. 42/- +**

**સરપ્રાઈઝ ગીફ્ટ ઈન-સાઈડ**

( 6 KATHIYAWADI MASALA + 4 CHINESE MASALA
+ SURPRISE GIFT INSIDE THE COMBO PACK )



## શ્રેષ્ઠ સ્વાદ, અપાવે કાઠિયાવાડની યાદ !

# કાઠિયાવાડી મસાલા




બટાકા (લસણીયા) સબ્જી મસાલા | સેવ ટમાટર સબ્જી મસાલા | મસાલેદાર ખિચડી મસાલા | રવૈયા ભરવા સબ્જી મસાલા | બેંગન ભરથા મસાલા | સુરતી મમરા (ભુસુ) મસાલા

**અગ્રગણ્ય પ્રોવિઝન / કિરાણા સ્ટોર્સમાં ઉપલબ્ધ**

**હવે ઑનલાઈન શૉપીંગ કરો....**

**CUSTOMER CARE +91 94092 00015**

**www.shriharimasala.com**

Mfg. by: **SHRI HARI MASALA,** Halol, Gujarat, INDIA.

**Email:** shriharimasalahalol@gmail.com

IMAGE MAKER-09327020557




### એશિયન ગેઈમ્સ તરફ ચિત્તા જેવી દોડઃ રાજકોટની સ્પ્રિન્ટ ક્વીન

# દેવયાનીબા ઝાલાની

### ગૌરવગાથા

એશિયન ગેઈમ્સ-૨૬ ક્વોલિફિકેશન પ્રાઈઝ ગોઝ ટુ દેવયાનીબા ઝાલા.

આ ઘોષણા ઓડિશા રાજ્યના વિખ્યાત શહેર ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમમાં થતાં જ રંગીલું રાજકોટ ઝૂમી ઊઠ્યું! રાજકોટના રમતગમતના ઈતિહાસમાં એક નવું પ્રકરણ આલેખાઈ ગયું!

એશિયન ગેઈમ્સમાં ભાગ લેવા માટે ભારતીય એથલેટિક્સ ટીમમાં પસંદગી થયાની ઘોષણા થતાં જ, વર્ષોથી સેવેલું સ્વપ્ન પૂર્ણતા તરફ આગળ વધી રહ્યું હોવાની ખુશી દેવયાનીબા ઝાલાના ચહેરા પર સ્પષ્ટ જોવા મળી. ભુવનેશ્વર ખાતે યોજાયેલી ૬૫મી નેશનલ ઈન્ટરસ્ટેટ સિનિયર એથલેટિકસ ચેમ્પિયનશિપમાં તેમણે ૪૦૦ મીટરની દોડમાં ૫૩.૨૬ સેકન્ડનો શાનદાર સમય નોંધાવી બ્રોન્ઝ મેડલ મેળવ્યો. સાથે જ 'એશિયન ગેઈમ્સ-૨૬' માટે ક્વોલિફિકેશન પ્રાઈઝ પણ હાંસલ કરીને ગુજરાત અને રાજકોટના રમતગમતના ઈતિહાસમાં નવું ગૌરવપૂર્ણ પ્રકરણ ઉમેર્યું.

ઉચ્ચતમ સફળતા માટે કઠોર પરિશ્રમ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી, એવું દૃઢપણે માનતા દેવયાનીબાની સૌપ્રથમ પ્રેરણામૂર્તિ ડાંગ એક્સપ્રેસ તરીકે વિખ્યાત સરિતા ગાયકવાડ રહ્યા છે. સરિતાએ વર્ષ ૨૦૧૮માં જકાર્તા ખાતે યોજાયેલા ૧૮મા એશિયન ગેઈમ્સમાં મહિલાઓની 4x400 મીટર રિલેમાં ગોલ્ડ મેડલ જીતી ગુજરાતના રમતગમતના ઈતિહાસમાં સુવર્ણ પ્રકરણ આલેખ્યું હતું.

આઠ વર્ષ બાદ હવે રાજકોટની સ્પ્રિન્ટ ક્વીન દેવયાનીબા જાપાનના નાગોયા ખાતે સપ્ટેમ્બર મહિનામાં યોજાનારા ૨૦મા એશિયન ગેઈમ્સમાં ૪૦૦ મીટરની દોડમાં ભાગ લેનાર રાજકોટની પ્રથમ અને ગુજરાતની દ્વિતીય મહિલા એથ્લીટ બનવાનું ઐતિહાસિક ગૌરવ પ્રાપ્ત કરશે.

ગરબા રમવાનો અને દોડવાનો ગજબનો શોખ ધરાવતા દેવયાનીબા જ્યારે રાજકોટના રૈયા રોડ સ્થિત કલ્યાણ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા, ત્યારે વર્ષ ૨૦૧૬માં માત્ર ૧૪ વર્ષની ઉંમરે તેમના રમતપ્રેમી પિતાશ્રી મહેન્દ્રસિંહ તેમને રાજકોટના વિખ્યાત રેસકોર્સ મેદાનમાં ક્રિકેટ રમવા લઈ જતા. ક્રિકેટ રમતી વખતે તેમની અદ્દભૂત દોડવાની ઝડપ જોઈ તેમના કોચ શ્રી રાવલ સરે તેમને એથ્લેટિક્સમાં કારકિર્દી બનાવવાની સોનેરી સલાહ આપી. ખરેખર, આ સલાહ તેમના જીવનમાં સુવર્ણ અવસર બની.

રાવલ સરની સલાહ પ્રમાણે તેમના પિતાશ્રી મહેન્દ્રસિંહે તેમને રનિંગની તાલીમ અપાવવી શરૂ કરી. ત્યારબાદ શાળાકીય રમતોત્સવની દોડ સ્પર્ધાઓમાં દેવયાનીબા સતત ઝળહળતા રહ્યા. આમ પરિવાર તથા શાળાના ટીચર્સ તરફથી સારું એવું પ્રોત્સાહન મળતાં તેમણે આ દોડની રમતમાં જ કેરિયર બનાવવાનું નક્કી કરી લીધું.

અમેરિકાની ૧૦૦ મીટરની વર્લ્ડ અને ઓલિમ્પિક ચેમ્પિયન શા'કેરી રિચાર્ડ્સન દેવયાનીબાની રોલ મોડેલ છે. તેમની રમત જોઈ દેવયાનીબા પણ સ્પ્રિન્ટ ઇવેન્ટમાં ઈતિહાસ રચવાનું સ્વપ્ન જોઈ રહ્યા છે. એશિયાડ બાદ તેમનું સૌથી મોટું લક્ષ્ય ઓલિમ્પિકમાં મેડલ જીતવાનું છે.

આજે તેમના શોકેસમાં ૩૦થી વધુ મેડલ્સ અને ૨૦થી વધુ ટ્રોફીઓ શોભી રહી છે. તેમણે સૌપ્રથમ વર્ષ ૨૦૧૮માં દિલ્હીમાં યોજાયેલા સ્કૂલ નેશનલ ગેઈમ્સમાં ૧૦૦ મીટરની દોડમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો, જે તેમની કારકિર્દીનો પ્રથમ નેશનલ લેવલનો મેડલ હતો. ત્યારબાદ વર્ષ ૨૦૨૧માં છત્તીસગઢ ખાતે યોજાયેલી વેસ્ટ ઝોન ચેમ્પિયનશિપમાં પ્રથમ ગોલ્ડ મેડલ જીતી નવી સફળતાનો અધ્યાય શરૂ કર્યો હતો.






શરૂઆતમાં તેમણે ૧૦૦ અને ૨૦૦ મીટરની દોડમાં ભાગ લીધો હતો. પરંતુ આ ઈવેન્ટમાં આગળ વધવા માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય સુવિધાઓના અભાવે વર્ષ ૨૦૨૪થી તેમણે ૪૦૦ મીટરની ઈવેન્ટ પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કર્યું. આ નિર્ણય ધીમે ધીમે તેમને પ્રિય એવા ગુલાબની જેમ ખીલતો ગયો.

રાજકોટની કુંડલિયા કોલેજમાંથી વર્ષ ૨૦૨૩માં બી.બી.એ.ની ડિગ્રી મેળવનાર તથા હાલ માતૃશ્રી વીરબાઈ મહિલા કોલેજમાં મુખ્ય વિષય સંસ્કૃત સાથે ત્રીજા વર્ષમાં બી.એ.નો અભ્યાસ કરતા દેવયાનીબા ઝાલાએ વર્ષ ૨૦૨૪માં ભુવનેશ્વર ખાતે યોજાયેલી ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી સ્પોર્ટ્સમાં ૪૦૦ મીટરની દોડમાં ૫૪.૪૨ સેકન્ડનો સમય નોંધાવી બ્રોન્ઝ મેડલ મેળવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ રોશન કર્યું હતું.

એટલું જ નહીં, વર્ષ ૨૦૨૫માં જર્મનીના રાઈન-રૂહર ખાતે યોજાયેલા વર્લ્ડ યુનિવર્સિટી ગેઈમ્સમાં 4x400 મીટર મિક્સ્ડ રિલેમાં ચોથું તથા મહિલા રિલેમાં પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેમની આ સિદ્ધિઓ બદલ રાજકોટની કોલેજ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ તેમનું સન્માન કરીને પ્રગતિને વધુ પ્રોત્સાહન આપ્યું હતું.

દરિયાની લહેરો સાથે મસ્તી કરવાનો અને બીચ પર ફરવાનો શોખ ધરાવતા દેવયાનીબાની દોડમાં ચિત્તાની ઝડપ, મનની એકાગ્રતા અને ઈશ્વર પ્રત્યેની અતૂટ શ્રદ્ધાના દર્શન થાય છે. તેમની ચિત્તા જેવી ઝડપી દોડ પાછળ સખત પરિશ્રમ અને ઊટી તથા બેંગ્લોરમાં આંતરરાષ્ટ્રીય કોચ અર્જુન અજેય પાસેથી મેળવેલી તાલીમનો મહત્વનો ફાળો છે. તેઓ મોટાભાગે ઊટીમાં રહી શરીર અને મનને ઘડવાની તાલીમ લે છે. આ સાથે કડક ડાયટ, યોગ, પ્રાણાયામ અને ધ્યાન તેમને ૪૦૦ મીટરની દોડમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા સતત પ્રેરિત કરે છે. તેઓ માને છે કે આજે માત્ર દોડ જ મહત્વની નથી, પરંતુ મનની એકાગ્રતા અને ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા પણ ભવ્ય સફળતા અપાવે છે.

ખેલ મહાકુંભમાં છેલ્લા પાંચ વર્ષથી ચેમ્પિયન રહેલા દેવયાનીબાને ૨૧ વર્ષનો નાનો ભાઈ ભગીરથ છે. તે પણ રમતગમતનો શોખીન છે. તેને હોર્સ રાઈડિંગ અને સ્વિમિંગનો વિશેષ શોખ છે. હોર્સ રાઈડિંગમાં એશિયન ગેઈમ્સ રમવાની તેની પ્રબળ ઈચ્છા છે અને તે માટે તે નિયમિત તાલીમ પણ લઈ રહ્યો છે.

'Run Fast, Run Fearless' જેવું જ તેમનું જીવનમંત્ર રહ્યું છે. દોડની રમતમાં ઉચ્ચતમ સફળતા પ્રાપ્ત કરવાની તીવ્ર ઈચ્છા ધરાવતા દેવયાનીબાની સફળતા પાછળ તેમના બેકબોન સમાન પિતાશ્રી મહેન્દ્રસિંહનો અમૂલ્ય ફાળો રહ્યો છે. કોઈપણ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટેની તમામ વ્યવસ્થા કરવી, તેમની સાથે પ્રવાસ કરવો, સતત પ્રોત્સાહન અને હૂંફ આપવી તથા તેમને દરેક પ્રકારની ચિંતા અને પ્રશ્નોથી દૂર રાખવાનું ઉત્તમ કાર્ય તેઓ નિષ્ઠાપૂર્વક કરી રહ્યા છે.

પહેરવામાં સ્પોર્ટ્સવેર અને રંગોમાં બ્લેક કલર પસંદ કરતા દેવયાનીબા ઝાલાના પ્રિય ખેલાડીઓમાં મહેન્દ્રસિંહ ધોની પ્રથમ સ્થાને છે. જ્યારે મહિલા ખેલાડીઓમાં તેમને હિમા દાસની રમત ખૂબ ગમે છે. હિમા દાસે વર્ષ ૨૦૧૮માં જકાર્તા એશિયન ગેઈમ્સમાં ૪૦૦ મીટરની દોડમાં ૫૧.૦૦ સેકન્ડના સમય સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. ઉપરાંત 4x400 મીટર અને 4x400 મીટર મિક્સ્ડ રિલેમાં બે ગોલ્ડ મેડલ મેળવી શાનદાર દેખાવ કર્યો હતો. ઢીંગ એક્સપ્રેસ તરીકે જાણીતી હિમા દાસે વર્ષ ૨૦૧૮માં ફિનલેન્ડના ટેમ્પેર ખાતે યોજાયેલી વર્લ્ડ અન્ડર-૨૦ ચેમ્પિયનશિપમાં ૪૦૦ મીટરની દોડમાં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો હતો.

દેવયાનીબાની આ ઐતિહાસિક ઉપલબ્ધિએ સાબિત કરી દીધું છે કે દૃઢ સંકલ્પ, અથાક પરિશ્રમ અને અડગ આત્મવિશ્વાસ હોય તો સપનાઓ માત્ર જોવાતા નથી, પરંતુ સાકાર પણ થતા હોય છે. તેમની સફળતા હવે માત્ર રાજકોટ કે ગુજરાતની નહીં, પરંતુ સમગ્ર દેશની રમતગમતની પ્રેરણાદાયક ગાથા બની રહી છે.

હવે રંગીલા રાજકોટની મહિલા સ્પ્રિન્ટર દેવયાનીબા ઓગસ્ટ-૨૦૨૬માં યોજાનાર વર્લ્ડ કોન્ટિનેન્ટલ ટૂર અને સપ્ટેમ્બર-૨૦૨૬માં યોજાનાર એશિયન ગેઈમ્સમાં મેડલ જીતવાની સાથે નવો ઈતિહાસ રચવા આતુર છે. તેમના ઉજ્જવળ ભવિષ્ય અને જ્વલંત સફળતા માટે ફીલિંગ્સ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છાઓ. ફી






યજ્ઞેશ આચાર્ય

# મુંબઈની શિક્ષિકા રૂબલે ઝૂંપડપટ્ટીઓની દીવાલોને કલાસરૂમ બનાવ્યા

## ૧૦ લાખ ડોલરની ઈનામી રકમ સાથે GEMS એજયુકેશન ગ્લોબલ પ્રાઈઝ ૨૦૨૬ જીત્યું.

ગુજરાતમાં 'મૂછાળી મા' તરીકે ખ્યાતિ પામેલા ભાવનગરના ગીજુભાઈ બધેકા પ્રેમ, સ્વાભાવિક સ્વતંત્રતા અને આનંદદાયી બાળકેન્દ્રિત શિક્ષણના પ્રત્યક્ષ અનુભવ તથા રમતગમત આધારિત વિકાસલક્ષી શિક્ષણ પદ્ધતિના પ્રણેતા ગણાય છે. તેનાથી આગળ વધીને મુંબઈ સ્થિત ભીંતચિત્રોની કલાકાર રૂબલ નગીએ આર્થિક સંકડામણના કારણે રખડતા, ભટકતા અને શિક્ષણથી વંચિત રહેતા બાળકો માટે મુંબઈની ઝૂંપડપટ્ટીઓની ભીંતોને સાફસુથરી કરીને ઘરોને તેજસ્વી રંગોથી રંગવાનો અનોખો પ્રયાસ શરૂ કર્યો છે.



ઝૂંપડપટ્ટીના બાળકોની આંતરિક લાગણીઓને અભિવ્યક્તિ આપીને તેમને સમાજ સાથે ઓતપ્રોત કરવા માટે રૂબલ નગી અને તેમની ટીમે 'મિસાલ મુંબઈ' પ્રકલ્પ હેઠળ મુંબઈની ઝૂંપડપટ્ટીઓમાં ૧,૫૦,૦૦૦થી વધુ ઘરોમાં રંગકામ અને સમારકામ કર્યું છે. હાલમાં તેઓ સમગ્ર ભારતની ૧૬૩થી વધુ ઝૂંપડપટ્ટીઓ અને ગામડાઓમાં આ કાર્ય કરી રહ્યા છે. મૂળ જમ્મુ-કાશ્મીરના રહેવાસી રૂબલ નગી એક પ્રતિભાશાળી કલાકાર છે, જેમણે મુંબઈમાં પોતાનો આર્ટ સ્ટુડિયો સ્થાપ્યો છે. રૂબલ નગીએ ભીંતોનું સમારકામ, છતનું વોટરપ્રૂફિંગ, સ્વચ્છતા અને ઘરોના સૌંદર્યકરણ દ્વારા રહેણાકની સ્થિતિમાં સુધારો લાવી, ઝૂંપડપટ્ટીના બાળકોને કલા સાથે પરિચિત કરાવવાનું શરૂ કર્યું. તેમણે ઝૂંપડપટ્ટીની દીવાલોને જ વર્ગખંડમાં પરિવર્તિત કરીને 'શિક્ષણને જીવંત દીવાલો'નું સ્વરૂપ આપ્યું છે અને ૮૦૦થી વધુ વિશાળ શૈક્ષણિક ભીંતચિત્રો તૈયાર કર્યા છે. તેઓ કહે છે કે, 'ये दीवारे किताब बन गई.'

સાક્ષરતા, ગણિત, વિજ્ઞાન, સ્વચ્છતા, ઈતિહાસ વગેરે બાળકોને આ ભીંતો પર શીખવવામાં આવે છે. ઝૂંપડપટ્ટીમાં રહેતા બાળકો શાળામાં જતાં ડરતા હતા. આર્થિક સ્થિતિ પણ બાળકોને શાળામાં મોકલવા જેવી ન હતી. પરિણામે આ બાળકો નાના મોટા ઘરકામ કરે અને બાકીના સમયમાં આમ તેમ ફરતા હતા.

આજે આ બાળકો ગામડાઓમાં પાણી ભરે છે અથવા રમે છે અને રસ્તામાં ભીંતની દીવાલોનું વાંચન કરે છે. 'રૂબલ નગી આર્ટ ફાઉન્ડેશન' દ્વારા ૧૦૦થી વધુ વંચિત સમુદાયોમાં ૮૦૦ થી વધુ શિક્ષણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. અહીં એવા બાળકો આ દીવાલો વાંચે છે જેમણે ક્યારેય શાળાનું બોર્ડ વાંચ્યું નહોતું. રૂબલ જણાવે છે કે મારી આ કલાના માધ્યમથી વિવિધ રાજ્યોના ૧૦ લાખથી વધુ બાળકો મુખ્ય પ્રવાહના શિક્ષણમાં જોડાયા છે. એટલું જ નહીં ઔપચારિક શિક્ષણ પ્રણાલીમાં પણ મદદ કરે છે.

રૂબલ અને તેમની ટીમ છેલ્લા આઠ વર્ષથી આ ક્ષેત્રમાં કાર્યરત છે. તેમણે મુંબઈની ઝૂંપડપટ્ટીઓમાં કલા શિબિરોનું આયોજન પણ કર્યું છે. બાંદ્રા કફ પરેડ અને કોલાબામાં ૧૨,૦૦૦થી વધુ ઘરોને રંગકામ કરાવ્યું છે. વધુમાં આ અંગે રૂબલ જણાવે છે કે, સ્થાનિક મહિલાઓ માટે શરૂ કરેલા કૌશલ્ય વિકાસના અભ્યાસક્રમો દરમિયાન તેમને આવા વિસ્તારોમાં પ્રવર્તતી પરિસ્થિતિને સમજવામાં મદદ કરી છે તેમજ સ્વચ્છતા જેવા મુદ્દાઓ પર સમુદાયોને તાલીમ આપવા માટે તેમને પ્રેરિત



કર્યા છે. રૂબલ નગી અને તેની ટીમના સ્વયંસેવકો માટે આ શહેરની ઝૂંપડીઓ અને તેની દીવાલો તેમનો કેનવાસ છે.

રૂબલે ઝૂંપડપટ્ટીની ગલીઓ અને આંગણાઓને કાયમી વર્ગખંડોમાં ફેરવ્યા છે. દીવાલો પર પાઠ રંગવામાં આવે છે. જેથી બાળકો રમતા રમતા કે પાણી ભરતા ભરતા પણ શિક્ષણ ઉપરાંત, જીવન કૌશલ્ય, વ્યાવસાયિક તાલીમ અને સર્જનાત્મક અભિવ્યક્તિ જેવા પાઠ એક સાથે શીખે.

'જો બાળકો શાળાએ ન આવી શકે તો શાળાએ બાળકો પાસે જવું જોઈએ' એવી ફિલોસોફી સાથે ૨૦ વર્ષથી કાર્ય કરીને ૮૦૦ જેટલા વંચિત સમુદાયો સાથે કામ કરનાર રૂબલ નગીએ શિક્ષણ કેન્દ્રો સ્થાપવા અને શૈક્ષણિક ભીંતચિત્રો દોરવા બદલ નોબેલ ઓફ ટીચિંગ પુરસ્કાર જીત્યો છે.

રૂબલ નગી એવા ભીંતચિત્રો પણ દોરે છે જે સાક્ષરતા, વિજ્ઞાન, ગણિત અને ઈતિહાસ સહિત અન્ય વિષયો શીખવે છે. તેણીએ બીએ પોલિટિકલ સાયન્સનો અભ્યાસ કર્યો છે અને સ્લેડ સ્કૂલ ઓફ ફાઈન આર્ટ તેમજ સોથેબીઝ લંડન ખાતે યુરોપિયન આર્ટનો અભ્યાસ કર્યો છે. રૂબલ નગીએ દેશના અનેક ભાગોમાં તથા વિવિધ દેશોમાં અનેક કલા પ્રદર્શનો યોજ્યા છે. શૈક્ષણિક ક્ષેત્રે તેમના આ



ક્રાંતિકારી યોગદાન બદલ રૂબલને તાજેતરમાં દુબઈમાં વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટમાં શેખ હમદાન દ્વારા 'નોબેલ ઓફ ટીચિંગ' તરીકે ઓળખાતું GEMS એજ્યુકેશન ગ્લોબલ ટીચર પ્રાઈઝ ૨૦૨૬ રૂા. ૧૦ લાખ ડોલરનું ઈનામ પ્રાપ્ત થયું છે. ૧૩૬ દેશોના પાંચ હજારથી વધુ શિક્ષકોમાંથી આ ઈનામ માટે તેમની પસંદગી થઈ છે.

આ ઈનામી રકમ સ્વીકારતા રૂબલ નગીએ જાહેરાત કરી છે કે, 'આ તમામ રકમથી તેઓનું લક્ષ્ય એક એવી સંસ્થા બનાવવાનું છે જે નિઃશુલ્ક વ્યાયસાયિક તાલીમ આપે.' રૂબલે જણાવ્યું હતું કે, 'અમારા પ્રયાસોએ સિધ્ધ કર્યું છે કે કલા અને શિક્ષણને સમુદાય સાથે જોડીને કામ કરવાથી સમગ્ર વિસ્તારની કાયાપલટ થઈ શકે છે.'

રૂબલે ૨૦૧૬થી 'પેઈન્ટ ધારાવી'થી પોતાના પ્રકલ્પને આરંભ કર્યો હતો ત્યારબાદ 'મિસાલ મુંબઈ' હેઠળ કોલાબાની ઝૂંપડપટ્ટી/શાંટીમાં મોટા ભીંતચિત્રો અને પ્રેરણાદાયી અવતરણો દોરીને ૨૦૧૮ સુધીમાં સમગ્ર મુંબઈ અને મહારાષ્ટ્રના ૧૦૦થી વધુ ગામડાઓમાં ૧૦૦ ઝૂંપડપટ્ટીઓમાં ૮૦૦ જેટલા લર્નિંગ સેન્ટરોની સ્થાપના કરી છે.

મુંબઈના સૌથી મોટા પ્રકલ્પમાં દોઢ લાખથી વધુ ઘરો અને દીવાલો ઉપર સાક્ષરતા, ગણિત, વિજ્ઞાન, સ્વચ્છતા અને ઈન્ટરેક્ટિવ ભીંતચિત્રો બની રહ્યા છે. મુંબઈની ઝુંપડપટ્ટીમાંથી નીકળેલો આ વિચાર હવે સમગ્ર ભારતની લગભગ ૧૬૩થી વધુ ઝૂંપડપટ્ટીઓ અને ગામડાઓ સુધી પહોંચ્યો છે. પોતાની જાતને મુંબઈ સ્થિત શિક્ષક કહેતી રૂબલ નગી ના આર્ટ ફાઉન્ડેશનની, ક્રિસ્ટલ પ્લાઝા E-606/607, નવી લિંક રોડ, મુંબઈ ખાતે આવેલી ઓફિસ અને મિસાલ મુંબઈ પ્રોજેકટની જુહુ તારા રોડની ઓફિસ લર્નિંગ સેન્ટર ખોલવા સંબંધી કામકાજથી અત્યારે ધમધમે છે.

ઓલ ધ બેસ્ટ રૂબલ... ફી






મુકેશ પારેખ



# જેલની કાળમીંઢ દીવાલો પાછળ કણસતું માતૃત્વ

## દેશની જેલોમાં મહિલા કેદીઓ સાથે રહેતા નિર્દોષ બાળકોની વ્યથા કોણ સાંભળશે!

જેલની ઊંચી દીવાલો ગુનેગારોને કેદ કરવા માટે બને છે, પરંતુ જ્યારે એ જ દીવાલો નિર્દોષ બાળપણને ઘેરી લે છે, ત્યારે પ્રશ્ન માત્ર કાયદાનો રહેતો નથી; તે માનવતા, ન્યાય અને સમાજની સંવેદનશીલતાનો બની જાય છે.

ભારતના બંધારણે દરેક બાળકને સુરક્ષા, શિક્ષણ, આરોગ્ય અને ગૌરવપૂર્ણ જીવનનો અધિકાર આપ્યો છે. તેમ છતાં દેશની વિવિધ જેલોમાં આજે પણ એવા અનેક બાળકો ઉછરી રહ્યા છે, જેમણે કોઈ ગુનો કર્યો નથી, કોઈ કાયદો તોડ્યો નથી, છતાં તેઓ જેલના વાતાવરણમાં પોતાનું બાળપણ વિતાવવા મજબૂર બન્યા છે. તેમની ભૂલ માત્ર એટલી છે કે તેમની માતા કોઈ કારણસર જેલમાં છે.

આ મુદ્દો માત્ર કાનૂની વ્યવસ્થાનો નથી; તે માનવ અધિકારો, બાળ અધિકારો અને સામાજિક ન્યાય સાથે સીધો જોડાયેલો છે. કોઈપણ સંસ્કારી સમાજ માટે આ સ્થિતિ આત્મમંથનનો વિષય છે.

ભારતમાં ઉપલબ્ધ સત્તાવાર આંકડાઓ મુજબ નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB)ના તાજેતરના અહેવાલો દર્શાવે છે કે ભારતીય જેલોમાં દર વર્ષે હજારો મહિલાઓ સજા ભોગવે છે અથવા અંડરટ્રાયલ તરીકે કેદ છે, જ્યારે તેમની સાથે સેંકડો નિર્દોષ બાળકો પણ કેદ છે. આ બાળકોમાંથી કેટલાકનો જન્મ જ જેલમાં થાય છે, તો કેટલાક જન્મ પછી માતાની સાથે જ જેલમાં આવવા મજબૂર બને છે.

ભારતીય જેલ કાયદા અનુસાર મહિલા કેદી પોતાના છ વર્ષ સુધીના બાળકને પોતાની સાથે જેલમાં રાખી શકે છે. આ જોગવાઈ પાછળનો હેતુ માનવતાવાદી છે- બાળક માતાના સ્નેહથી વંચિત ન રહે. પરંતુ પ્રશ્ન એ છે કે માતાનો સ્નેહ મળવો જરૂરી છે, તો શું બાળકનું આખું બાળપણ જેલના વાતાવરણમાં જ પસાર થવું જોઈએ?

બાળપણ એટલે ખુલ્લું આકાશ, હરિયાળા મેદાનો, શાળાની ઘંટડી, મિત્રો સાથેની દોડધામ, રમકડાં, રંગો અને અસંખ્ય સપનાઓ. પરંતુ જેલમાં ઉછરતા બાળક માટે આ સ્વપ્નવત હોય છે. તેના માટે જેલની દીવાલો જ દુનિયાની સીમા બની જાય છે. સુરક્ષાકર્મીઓ રોજિંદા જીવનનો ભાગ લાગે છે અને કેદીઓ જ તેનો સામાજિક પરિચય બની જાય છે.

મનોવિજ્ઞાનીઓ માને છે કે બાળકના જીવનના પ્રથમ પાંચથી છ વર્ષ તેના વ્યક્તિત્વના ઘડતરમાં સૌથી નિર્ણાયક હોય છે. આ સમય દરમિયાન બાળક જે વાતાવરણમાં ઉછરે છે, તેની સીધી અસર તેના ભાવનાત્મક, બૌદ્ધિક અને સામાજિક વિકાસ પર પડે છે. જેલમાં સતત નિયંત્રણ, મર્યાદિત અવરજવર, સુરક્ષાની કડક વ્યવસ્થા અને ક્યારેક તણાવપૂર્ણ વાતાવરણ બાળકના વિકાસને વિપરીત અસર કરી શકે છે.

સંયુક્ત રાષ્ટ્રના બાળ અધિકાર સંમેલન (UN Convention on the Rights of the Child) મુજબ દરેક બાળકને પ્રેમાળ, સુરક્ષિત અને વિકાસલક્ષી વાતાવરણમાં ઉછરવાનો અધિકાર છે. એ જ રીતે યુનાઈટેડ નેશન્સ બેંગકોક રૂલ્સ (United Nations Bangkok Rules) મહિલા કેદીઓ અને તેમના બાળકો માટે વિશેષ માનવીય વ્યવસ્થાની ભલામણ કરે છે. ભારતે પણ આ સિદ્ધાંતોને સ્વીકાર્યા છે, પરંતુ વાસ્તવિક અમલીકરણમાં હજુ પણ અસમાનતા છે.

અલબત્ત દેશની કેટલીક જેલોએ આ દિશામાં નોંધપાત્ર પ્રયાસો કર્યા છે. ક્યાંક શિશુગૃહની વ્યવસ્થા છે, ક્યાંક બાળમંદિર છે, તો ક્યાંક રમકડાં, પુસ્તકો અને પોષણયુક્ત આહાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. કેટલીક જેલોમાં બાળકોને બહારની શાળાઓમાં મોકલવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પરંતુ આ સુવિધાઓ આખા દેશમાં સમાન રીતે ઉપલબ્ધ નથી. અનેક જેલોમાં જગ્યા ઓછી છે, બાળમિત્ર માળખું નથી, તાલીમપ્રાપ્ત સ્ટાફનો અભાવ છે અને મનોવૈજ્ઞાનિક સહાય જેવી સેવાઓ હજુ પણ મર્યાદિત છે.

આવા બાળકો માટે આરોગ્ય વિષયક અનેક પડકારો છે. બાળપણના પ્રારંભિક વર્ષોમાં યોગ્ય પોષણ, રસીકરણ, નિયમિત આરોગ્ય તપાસ અને સ્વચ્છ વાતાવરણ અત્યંત આવશ્યક હોય છે. જો આ સુવિધાઓમાં ખામી રહે, તો બાળકના શારીરિક વિકાસની સાથે તેની રોગપ્રતિકારક શક્તિ અને માનસિક સ્વાસ્થ્ય પર પણ પ્રતિકૂળ અસરો થઈ શકે છે.

સૌથી મોટો પ્રશ્ન ત્યારે ઊભો થાય છે જ્યારે બાળક છ વર્ષનું થાય છે. ત્યારબાદ કાયદા મુજબ તેને જેલની બહાર મોકલવામાં આવે છે. જો પરિવારનો સહારો હોય તો બાળક



સગાં-સંબંધીઓ પાસે જાય છે, અન્યથા બાળ સંરક્ષણ ગૃહમાં મોકલાય છે. જે બાળક માતા સાથે જન્મથી સતત રહ્યું હોય, તેના માટે આ અચાનક વિયોગ કોઈ આઘાતથી કમ નથી. બાળક માટે આ પરિવર્તન માત્ર સ્થળનું નથી; તેનું સમગ્ર લાગણીતંત્ર તૂટી પડવાનો અનુભવ હોય છે.

આપણો સમાજ પણ ઘણી વખત આવા બાળકો સાથે અન્યાયપૂર્ણ વ્યવહાર કરે છે. માતા-પિતાના ગુનાની છાપ બાળક પર લગાવી દેવાની માનસિકતા હજુ પણ જોવા મળે છે. શાળામાં પ્રવેશ, સામાજિક સ્વીકાર, મિત્રતા અને ભવિષ્યની તકોમાં પણ આ કલંક બાળકો માટે અવરોધ બની જાય છે. હકીકતમાં બાળક ગુનેગાર નથી; તે તો માત્ર સંજોગોનો ભોગ બનેલ એક નિર્દોષ પાત્ર છે.

નામદાર સુપ્રીમ કોર્ટે પણ સમયાંતરે આ મુદ્દે મહત્વપૂર્ણ ગાઈડ લાઈન આપી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જેલમાં રહેતા બાળકોને કેદી તરીકે નહીં, પરંતુ બાળકો તરીકે જોવામાં આવે. તેમના આરોગ્ય, શિક્ષણ, પોષણ અને સર્વાંગી વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. પરિણામે દેશના અનેક રાજ્યોએ જેલોમાં બાળમિત્ર સુવિધાઓ વિકસાવવા તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

પરંતુ હજુ ઘણું કરવાનું બાકી છે. સૌથી પહેલાં મહિલા અંડરટ્રાયલ કેદીઓના કેસોમાં ઝડપથી સુનાવણી પૂર્ણ કરવાની જરૂર છે, જેથી વર્ષો સુધી ટ્રાયલની રાહ જોતી મહિલાઓ અને તેમના બાળકો જેલમાં ન રહે. ગંભીર ગુના સિવાયના કેસોમાં જામીન, ઘરઆધારિત દેખરેખ અથવા અન્ય વૈકલ્પિક કાનૂની વ્યવસ્થાઓનો વધુ વ્યાપક ઉપયોગ થઈ શકે. ગર્ભવતી મહિલાઓ અને નાના બાળકોની માતાઓ માટે સરકારશ્રી વિશેષ સંવેદનશીલ નીતિ અપનાવવી એ પણ સમયની માંગ છે.

જેલોને માત્ર સજાનું સ્થળ નહીં, પરંતુ સુધાર અને પુનર્વસનના કેન્દ્ર તરીકે વિકસાવવાની જરૂર છે. દરેક મહિલા જેલમાં બાળમિત્ર પરિસર, રમતગમતની વ્યવસ્થા, પુસ્તકાલય, પ્રી-સ્કૂલ શિક્ષણ, પોષણ નિષ્ણાત, બાળરોગ નિષ્ણાત અને મનોચિકિત્સકોની નિયમિત મુલાકાત ફરજિયાત થવી જોઈએ. સમાજસેવી સંસ્થાઓ અને કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR) હેઠળ પણ આવા બાળકો માટે વિશેષ કાર્યક્રમો હાથ ધરવા જોઈએ.

આ મુદ્દે સમાજની ભૂમિકા પણ એટલી જ મહત્વપૂર્ણ છે. બાળકને તેની માતાના ગુનાથી ઓળખવાને બદલે તેના પોતાના વ્યક્તિત્વથી ઓળખવાની સંસ્કૃતિ વિકસાવવી પડશે. શિક્ષણ સંસ્થાઓ, સામાજિક સંગઠનો અને સામાન્ય નાગરિકોએ પણ આવા બાળકોને સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવી પ્રોત્સાહિત કરવા જોઈએ.

કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિ અને સંવેદનશીલતાનું મૂલ્યાંકન તેની ઊંચી ઈમારતોથી કે આર્થિક વિકાસથી થતું નથી; પરંતુ તે પોતાના સૌથી નબળા અને નિર્દોષ નાગરિકો સાથે કેવો વ્યવહાર કરે છે, તેનાથી થાય છે. જેલમાં ઉછરતું દરેક બાળક આપણને યાદ અપાવે છે કે ન્યાયનો સાચો અર્થ માત્ર ગુનેગારને સજા આપવો નથી, પરંતુ નિર્દોષને અન્યાયથી બચાવવો પણ છે.

અંતે પ્રશ્ન એક જ છે-શું આપણે એવા ભારતનું નિર્માણ કરી શકીશુ, જ્યાં કોઈ બાળક પોતાના જીવનની પ્રથમ યાદ તરીકે જેલના લોખંડી સળિયા, તાળા અને જેલની ઊંચી દીવાલોને યાદ રાખે? કે પછી આપણે એવો સમાજ રચીશું, જ્યાં દરેક બાળકને મુક્ત આકાશ, નિર્ભય બાળપણ અને અસીમ સપનાઓનો અધિકાર સાચા અર્થમાં પ્રાપ્ત થાય?

કારણ કે જેલમાં બંધ કેદી માતાનું બાળક ક્યારેય કેદી નથી હોતું. આપણી સામૂહિક જવાબદારી એ છે કે, જો આપણે તેના બાળપણને બચાવી શકીશું, તો માત્ર એક બાળકનું ભવિષ્ય નહીં, પરંતુ સમગ્ર સમાજનું ભવિષ્ય વધુ સંવેદનશીલ, ન્યાયી અને માનવતાવાદી બનાવી શકીશું.





'બધિર' અમદાવાદી

# ભેંસ આગળ બીન

થોડા સમય પહેલા એવા સમાચાર આવેલા કે મધ્યપ્રદેશના કામચલાઉ ભરતી કરેલા કર્મચારીઓ અનિશ્ચિત મુદ્દતની હડતાળ પર ઉતર્યા હતા. એમની કાયમી નોકરીની માગણી તરફ સરકાર અને તંત્રનું ધ્યાન ખેંચવા કર્મચારીઓએ જે આશ્ચર્યજનક દેખાવો કર્યા હતા એ જોઈને હું ચોંકી ઉઠ્યો હતો!

ઘટના એવી હતી કે સરકારી કર્મચારીઓએ ભર બજારે એકઠા થઈને 'ભેંસ આગળ બીન બજાવવી' પ્રચલિત કહેવતને સાચે જ ચરિતાર્થ કરી બતાવી હતી. તેમણે એક ભેંસને ફૂલહાર પહેરાવી અને ઘાસચારો પણ ખવડાવ્યો હતો. ત્યારપછી એમણે ભેંસ આગળ બીન વાદનનો કાર્યક્રમ કર્યો હતો. કર્મચારીઓનું કહેવું હતું કે, 'ભેંસ એ સરકારનું પ્રતીક છે. અમે ભેંસ આગળ ચાર કલાક બીન વગાડી ત્યારે ભેંસે કમ સે કમ કાન હલાવીને પ્રતિભાવ આપ્યો હતો પણ સરકારે તો અમારી વારંવારની માગણી છતાં કોઈ પ્રતિભાવ આપ્યો નથી. જોકે ભેંસે માખી ઉડાડવા માટે કાન હલાવ્યા હતા. એવું નજરે જોનારાએ જણાવ્યું છે. મને તો બીન વગાડનારા ઉપર ડાઉટ છે. બન્યું એવું હોવું જોઈએ કે બજેટના અભાવે એ લોકો નાગને પણ ડોલાવી દે એવા મદારીના બદલે બાળકો માટેના ફુગ્ગા અને પીપૂડી વેચનારાને લઈ આવ્યા હશે. બાકી સંશોધકો અને વૈજ્ઞાનિકો માટેના પ્લેટફોર્મ રીસર્ચગેટ પર મૂકાયેલા એક શોધપત્ર મુજબ ભેંસને સંગીત સંભળાવવાથી એ વધુ દૂધ આપે છે.

ભેંસ માટે પણ આ નવું હશે. સામાન્ય રીતે 'ડોબું' કહેવાતી ભેંસની આસપાસ આટલા લોકો ભેગા થાય એ ભેંસ સમાજ માટે પણ ગૌરવની ઘટના ગણાતી હોય તો નવાઈ નહિ કેમ કે સામાન્ય રીતે હાઈવે પર ભેંસના ટોળાના લીધે ટ્રાફિક જામ થાય ત્યારે એમણે ડફણા જ ખાવાના હોય છે.

સાચું કહું તો મને વિરોધ કરવાની આ પદ્ધતિ જરા પણ પસંદ આવી નથી. કર્મચારીઓ અને સરકાર વચ્ચેના ગજગ્રાહમાં વચ્ચે ભેંસને સંડોવવી એ ભેંસ માટે અપમાનજનક છે એવું મારું નમ્ર મંતવ્ય છે. ભેંસ સાથે મારે કોઈ ભાઈચારો નથી. હું ઘાસચારો નાખું છું પણ એ ગાયને નાખું છું, ભેંસને નહીં. અમારા ઘરે ભેંસનું દૂધ આવે છે એ હિસાબે ભેંસ ગાઈ શકે કે 'તુને મેરા દૂધ પિયા હૈ તું બિલકુલ મેરે જેસા હે ...' પણ અહીં સ્પષ્ટતા કરી દઉં કે હું પ્રકૃતિથી જરાય ભેંસ જેવો નથી. આમ છતાં ફક્ત દૂધ ખાતર હું આ ચેષ્ટા વિરુદ્ધ સમગ્ર ભેંસ સમાજ વતી વિરોધ નોંધાવું છું.

આમ જુઓ તો ભેંસ અને રીઢા સરકારી તંત્ર વચ્ચે થોડુક સામ્ય પણ છે. સુસ્તી એ ભેંસની પ્રકૃતિ ગણાય છે. આવી સુસ્તી બંનેમાં કોમન છે. કમ અક્કલ અને લાહરીયા પ્રકૃતિની વ્યક્તિને ભેંસ સાથે સરખાવવામાં આવતી હોય છે. ભેંસની ગતિ મંદ હોય છે. સરકારી કચેરીમાં ફાઈલોની ગતિ પણ મંદ હોય છે. લાગવગ કે લાંચના ડચકારાથી ફાઈલની ગતિ વધે છે એવું કહેવાય છે.

પ્રસ્તુત કિસ્સામાં બીન વગાડતા આંદોલનકારીની સામે ભેંસ એ જ રીતે જોઈ રહી હશે જે રીતે સરકારી કર્મચારી એની પાસે અરજી લઈને આવેલા સામાન્ય નાગરિક સામે જોઈ રહેતો હોય છે. જેમ ભેંસ પોદળો કર્યા પછી એ પોદળાનું શું થયું એ જોવાની પરવા કરતી નથી. એમ જ એ અરજી સ્વીકારીને અભરાઈ પર મૂક્યા પછીથી એની પોદળા ગતિ થાય છે એ અનુભવે જોવાયું છે.

આ પરથી વિચાર એ આવે છે કે સરકારી કચેરીમાં વારંવાર ધક્કા ખાધા પછી પણ કામ ન થાય તો સંબંધિત કર્મચારી આગળ બીન વગાડીને વિરોધ વ્યક્ત કરવાનું આયોજન થઈ શકે. આગળ જતાં આ ફોર્મ્યુલા સકસેસ જાય તો જેમ આરટીઓ ઓફિસની બહાર એજન્ટ્સ ફરતા હોય છે એમ દરેક સરકારી કચેરીની બહાર બીન વગાડનારા કલાકારોને કામ મળતું થઈ જાય એવું પણ બને. અત્યંત જરૂરિયાતમંદ લાભાર્થી માટે એકદમ કરૂણ સૂરમાં બીન વગાડીને કર્મચારીને લાગણીવશ કરી શકાય કે પછી એકદમ ઘોરનાદ દ્વારા ડરાવીને પણ કામ કઢાવી શકાય.

આમ તો ભેંસ માટે કાળા અક્ષર ભેંસ બરાબર એવી કહેવત છે પણ જે કચેરીમાં નાગરિકોના કામ ન થતા હોય એ કચેરીના અરજદારો ભેગા થઈને ભેંસને કાળા અક્ષરે લખેલી અરજી ખવડાવવાનો કાર્યક્રમ પણ આપી શકે. આની સામે ચિંતા એ વાતની છે કે કોઈ લાંચિયા કર્મચારીના સંસર્ગમાં રહીને લીલો ચારો ચરનારી ભેંસ દૂધ આપવા માટે ચારામાં લીલી કરન્સી નોટ્સની માંગણી કરતી ન થઈ જાય. ઘણી વાર પૈસા આપતાં પણ કામ થતા નથી એમ લીલી નોટોનો ચારો ખાધા પછી પણ ભેંસ દૂધ ન આપે તો ભરોસાની ભેંસે પાડો જણ્યો કહેવત સાર્થક થાય.



**સુનભાઈ સાધો...**

પત્ની અને ભગવાનથી કંઈ છુપાવી શકાતું નથી.

સામાજિક-આર્થિક અને માનસિક સમસ્યાઓથી ઘેરાયેલા વ્યક્તિઓને સધિયારો પૂરું પાડતું

# 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'

'ફીલિંગ્સ' ફાઉન્ડેશન ચક્ષુદાન, અન્નદાન, ઓર્ગન ડોનેશન તેમજ શાકાહારી ભોજનના પ્રચાર-પ્રસાર માટે અવિરતપણે અનેક લોકોના જીવનમાં અજવાળું પાથરવાનું કાર્ય કરે છે.



SPIRIT OF LIFE
Feelings Foundation

તાજેતરમાં વિશ્વના અનેક દેશો મોંઘવારીનો સામનો કરી રહ્યાં છે. ભારતમાં પણ મોંઘવારી અને બેરોજગારીના કારણે અનેક પરિવારોની સ્થિતિ ખરાબ થઈ છે. તેઓ તેમની આર્થિક સમસ્યાનો કોઈ ઉકેલ નજરે ન પડતાં, હતાશ થઈ, જીવલેણ પગલું ભરી બેસે છે.

આવી સમસ્યાના ઉકેલ માટે તથા મદદ પૂરી પાડવાનું કામ 'ફીલિંગ્સ' પબ્લિકેશન દ્વારા પ્રેરિત 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'ના સ્થાપક પ્રમુખ શ્રી અતુલભાઈ શાહના નેતૃત્ત્વ અને માર્ગદર્શન હેઠળ તેમની ટીમ ડિપ્રેશનમાં આવેલ લોકોને જરૂરી માર્ગદર્શન અને હૂંફ આપી ડિપ્રેશનમાંથી બહાર લાવી તેઓનું જીવન બચાવે છે.

'ફીલિંગ્સ' મેગેઝિનનું વિશ્વમાં ૫૫થી વધુ દેશોમાં નેટવર્ક હોવાથી 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'ના બેનર હેઠળ નોકરીની જરૂરિયાત હોય તેવા કોઈપણ ક્ષેત્રમાં નોકરી કરવા ઈચ્છતા યુવક-યુવતીઓને તેમના ક્વોલિફિકેશનને અનુરૂપ નોકરી શોધી આપવામાં સહાય કરે છે.

'ફીલિંગ્સ ફાઉન્ડેશન' ચક્ષુદાન તેમજ શાકાહારી ભોજનનો પ્રચાર-પ્રસાર કરી પોતાનું સામાજિક ઉત્તરદાયીત્વ નિભાવી રહ્યું છે. એક અંદાજ પ્રમાણે દેશમાં ૫૦ લાખથી વધારે અંધજનો તેમના જીવનમાં પ્રકાશ રેલાય તેની રાહ જોઈ રહ્યાં છે. આ ફાઉન્ડેશન વિવિધ માધ્યમો દ્વારા સમાજમાં ચક્ષુદાન માટે લોકોને જાગૃત કરે છે. કૃત્રિમ રીતે ન બનાવી શકાતી આંખો, મૃત્યુબાદ શરીર સાથે બળી જાય છે કે દટાઈ જાય છે. તેના બદલે જો તેનું દાન કરવામાં આવે તો બીજી નેત્રહીન વ્યક્તિના જીવનમાં પ્રકાશ પાથરી શકાય છે! નેત્રદાન માટેના આ પ્રયાસોને સદીના મહાન અભિનેતા અમિતાભ બચ્ચને પણ બિરદાવ્યા છે.

માર્કેટિંગની આ દુનિયામાં માંસાહારના પોષણ યુક્ત ભ્રામક પ્રચારના કારણે જીવહત્યાનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે. ત્યારે લોકોને શાકાહાર અને પ્રકૃતિ તરફ વાળવા માટે 'ફીલિંગ્સ ફાઉન્ડેશન' શાકાહારની હિમાયત કરનારા, વિશ્વના અગ્રણીઓના વિચારોને 'રત્નકણિકા' પુસ્તિકા દ્વારા લોકો સુધી પહોંચાડે છે.

મનોદિવ્યાંગ બાળકો તેમજ વૃદ્ધો માટે વડોદરા નજીક આધુનિક સુવિધાઓથી સજ્જ એક વિશાળ રેસિડેન્શિયલ કેમ્પસનું પ્લાનિંગ ચાલી રહ્યું છે જેમાં ગૌશાળા સાથે વર્લ્ડબેસ્ટ સુવિધા ધરાવતું નેચરોપેથી સેન્ટર પણ નિર્માણ પામશે.

દેશ-વિદેશમાં લગ્ન માટે યોગ્યપાત્રની પસંદગી કરવામાં પણ ફીલિંગ્સ આપને સહાયરૂપ બનશે. આપનો બાયોડેટા ફીલિંગ્સ કાર્યાલય પર મોકલી શકો છો.

મિત્રો, શુભેચ્છકો અને માનવ માત્રને ઉપયોગી થવાની ભાવનાવાળા એવમ્ સંબંધીઓનો પ્રોત્સાહક સહયોગ મેળવતા ખુશનસીબ શ્રી અતુલભાઈ શાહ આ કાર્યને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાના બદલે સેવાભાવે સહજ પરમાર્થરૂપે કરે છે. તેઓ માને છે કે, જે સમાજે આપણને ઘણું આપ્યું છે તે સમાજને આપણે કંઈક ઉપયોગી બનીએ. આવી ભાવનાથી 'ફીલિંગ્સ ફાઉન્ડેશન' આપને મદદરૂપ થઈ શકે છે. વધુ માહિતી માટે આપ 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'નો નીચેના નંબર પર સંપર્ક કરી શકો છો.

**Whatsapp No : +91-98253 28488**
**feelingsfoundation2010@gmail.com**

## ૨૯ વર્ષ, ૫૫ દેશો, ૪૦ લાખથી વધુ વાચકોનું ગ્લોબલ નેટવર્ક



'Feelings'-International Gujarati Family Magazine

ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

**Subscription Offer**

| 1 Year Subscription | 1 Year Subscription |
|---|---|
| INDIA ₹ 1100 | ABROAD US $100 |

## Subscription Form

Name : Mr/Ms.............................................................Period :..............................

Address :..........................................................................................

..........................................................................City :...................

Pin :............................ Ph (Off):................................(Resi)..........................

Mobile:............................ E-mail :............................................................

Please find enclosed Cheque/DD no:.......................... Dated.................... for Rs.......................... favoring

FEELINGS MULTIMEDIA LTD.

Date :...../...../...........................Receipt No.:..............................Signature :....................................

Website: www.feelingsmultimedia.com

**FEELINGS MULTIMEDIA LIMITED**

**Corporate Office:** 102-03-04, Pacific Plaza, VIP Road, Karelibaug, Vadodara-390 018, Gujarat (India).
Cell: 088663 99530, **E-mail:** info@feelingsmultimedia.com, atulshah496@gmail.com

**USA (NEW JERSEY) :** 266 MIDDLESEX ESSEX TPK., SUITE 207 ISELIN, NJ 08830 E-mail : infousa@feelingsmultimedia.com

**INTERNATIONAL ASSOCIATES :** USA | UK | CANADA | AUSTRALIA | KENYA | MUSCAT | DUBAI | MALAYSIA

# ઓગસ્ટ ૨૦૨૬નું માસિક ફળકથન

**મેષ (અ.લ.ઈ.)**

આ મહિનો તમારા માટે ખૂબ સારો રહેવાનો છે. આ મહિને તમારી ખુશીમાં અનેકગણો વધારો થઈ શકે છે. પૈસાની પણ કોઈ સમસ્યા રહેશે નહીં. વિવાહિત જીવનમાં આપને કેટલીક સમસ્યાઓ રહેશે, હમણાં નોકરીમાં ફેરફાર વિશે વિચારશો નહીં. વિદ્યાર્થીઓ અભ્યાસ પ્રત્યે ખૂબ સજાગ રહેશે. તમારુ સ્વાસ્થ્ય પહેલાની સરખામણીમાં વધુ સારું રહેશે. તમને વ્યવસાયમાં પણ ઈચ્છિત નફો પ્રાપ્ત થશે.

**તુલા (ર.ત.)**

આ મહિનો તમારા માટે સકારાત્મક પરિણામો લાવશે. પ્રેમ જીવન જીવતા લોકો તેમના પ્રિયને કંઈક એવું કહી શકે છે, જેના કારણે બંનેના સંબંધોમાં કડવાશ આવશે. તમારે તમારા જીવનસાથીને પણ સમય આપવો પડશે. તમારે પૈસા અંગે વધુ ચિંતા કરવાની જરૂર નથી, જો તમે નવી કાર ખરીદવા ઈચ્છતા હો, તો થોડો સમય રાહ જુઓ, તમારુ સ્વાસ્થ્ય પહેલાની સરખામણીમાં સારું રહેશે, નોકરી કરતા લોકો અન્ય કોઈ નોકરી માટે પ્રયાસ કરી શકે છે.

**વૃષભ (બ.વ.ઉ.)**

આ મહિનો તમારા માટે મિશ્ર રહેવાનો છે. તમારા બોસ સાથે સારા સંબંધ જાળવી રાખવાથી તમને સારા લાભ મળશે, આ મહિને વધુ કાર્યને કારણે તમે તમારા સ્વાસ્થ્ય પર ઓછું ધ્યાન આપશો. પરિણીત લોકોના જીવનમાં કેટલીક સમસ્યાઓ આવશે, વિદ્યાર્થીઓ શિક્ષણમાં પોતાની ખામીઓને દૂર કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરશે. પરિવારમાં ધાર્મિક કાર્યક્રમનું આયોજન થઈ શકે છે.

**વૃશ્ચિક (ન.ય.)**

આ મહિનો તમારા માટે કેટલીક મુશ્કેલીઓ લાવશે. તમે આ મહિને મુસાફરી પણ વધારે કરશો. જીવનમાં મૂંઝવણને કારણે તમારા સંબંધોમાં ઝઘડા વધી શકે છે. વિદ્યાર્થીઓમાં વધુ પડતા આત્મવિશ્વાસની આદત તેમને નબળા પાડશે, તમારે તમારી કોઈપણ સમસ્યાને નાની ન ગણવી જોઈએ કારણ કે તે તમારા હૃદય સંબંધિત સમસ્યાઓ પર સીધી અસર કરી શકે છે, આ મહિને વાહનોનો ઉપયોગ સાવધાની સાથે કરવો.

**મિથુન (ક.છ.ઘ.)**

આ મહિને નાની સમસ્યાઓ આવશે, પણ તમારે સમજદારીથી કામ લેવું પડશે.પૈસાની બાબતમાં કોઈના પ્રભાવમાં આવ્યા વગર પોતાની બુદ્ધિથી રોકાણ કરવું.વધારે કામ કરવાને લીધે સ્વાસ્થ્ય બગડી શકે છે અને આંખોની તકલીફ વધી શકે છે.વેપારમાં મહેનતનું ફળ મેળવવામાં અને મોટા પ્રોજેક્ટ્સ લેવામાં મુશ્કેલી પડી શકે છે.પરિવારના સભ્યની કારકિર્દીનો નિર્ણય વડીલોની સલાહથી લેવો.

**ધન (ભ.ધ.ફ.)**

આ મહિનો તમારા માટે મધ્યમ ફળદાયી રહેવાનો છે. આ મહિને તમે તમારા સંબંધોને પ્રાથમિકતા આપશો, પરંતુ તમારે તમારા ખર્ચાઓ પર થોડું નિયંત્રણ રાખવું, જેથી તમારી નાણાકીય સ્થિતિ સારી રહેશે, નોકરિયાતવર્ગને આ મહિને સારી સફળતા મળતી જોવા મળે છે, વિવાહિત લોકો લગ્ન જીવનમાં સંકલન જાળવી રાખશે તમે પરિવારમાં ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરી શકો છો.

**કર્ક (ડ.હ)**

આ મહિનો થોડો નબળો રહેશે અને કામ પૂર્ણ કરવામાં તેમજ ખર્ચના લીધે તણાવ આવી શકે છે.ભાઈ-બહેનોનો સાથ મળશે અને પરિવારમાં લગ્નના અવરોધો દૂર થશે.લગ્નજીવનમાં સમસ્યાઓ આવી શકે છે, જેને સમજદારી અને ધીરજથી ઉકેલવી પડશે.નબળાઈ અને આળસના લીધે કામમાં મોડું થઈ શકે છે, પણ સ્વાસ્થ્ય એકંદરે સારું રહેશે.શેરબજારમાં રોકાણ કરવાનું ટાળવું અને નોકરીમાં ઉત્સાહ સાથે નવી જવાબદારીઓ સંભાળવી.

**મકર (ખ.જ)**

આ મહિનો તમારા માટે પ્રગતિ લાવનારો રહેશે. તમારી ઘણી ઈચ્છાઓ પૂર્ણ થઈ શકે છે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં સખત મહેનત કરી શકે છે, તમને વ્યવસાયમાં પણ મોટા ઓર્ડર પ્રાપ્ત થઈ શકે છે, તમારે તમારા ખર્ચના સંદર્ભમાં આવક અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવવું, આ મહિને કોઈ ધાર્મિક કાર્યમાં ઘણો ખર્ચ થઈ શકે છે. કેટલાક અચાનક ખર્ચ થઈ શકે છે. તમારે આ મહિને બિનજરૂરી તણાવ ન લેવો જોઈએ.

**સિંહ (મ.ટ.)**

આ મહિનો તમારા માટે નબળો રહેવાનો છે કારણ કે, આ મહિને તમને પૈસા સંબંધિત કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડશે. આ મહિને તમે ખોટું રોકાણ કરી શકો છો, તમારે કોઈપણ નવું કાર્ય થોડું વિચારીને શરૂ કરવું, નોકરી કરતા લોકો પોતાની મહેનતથી સારું સ્થાન મેળવવાનો પ્રયાસ કરશે,આ સમયે, કંઈપણ બોલો ખૂબ વિચારીને બોલવું જોઈએ.

**કુંભ (ગ.શ.સ.)**

આ મહિનો તમારા માટે સારો રહેવાનો છે. તમારી મહેનત રંગ લાવશે, તમારા સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકારી દાખવી નહિ, કોઈ જૂની બીમારી તમને વ્યથિત કરી શકે છે. તમારે પૈસા પ્રત્યે થોડી સાવધાની રાખવી પડી શકે છે, વિદ્યાર્થી વર્ગને કોઈ નવા સંશોધન માટે પણ પસંદ કરવામાં આવી શકે છે. આ મહિને તમારે તમારા વ્યવસાયમાં કોઈ ફેરફાર કરવાનું ટાળવું પડી શકે છે. તમારી આવકમાં વધારો થવાની શક્યતા છે.

**કન્યા (પ.ઠ.ણ.)**

આ મહિનો તમારા માટે થોડી સમજણ દાખવીને કામ કરવાનો રહેશે, પ્રેમ જીવન વિતાવી રહેલા લોકોએ સંબંધો સુધારવા માટે તેમના જીવનસાથીને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. તમે તમારા વ્યવસાય માટે વધુ મુસાફરી કરશો, પરિવારના કોઈ સભ્યના સ્વાસ્થ્યમાં બગાડને કારણે, આ મહિને તમારે વધુ દોડધામ થઈ શકે છે, તમારા સ્વાસ્થ્ય પર પણ ધ્યાન આપવું જોઈએ.

**મીન (દ.ચ.ઝ.)**

આ મહિનો તમારા માટે સારો રહેવાનો છે. તમારે કોઈની સાથે કોઈ મહત્વપૂર્ણ માહિતી શેર ન કરવી જોઈએ. નોકરિયાતવર્ગ નોકરીમાં સારું પ્રમોશન મેળવવાથી ખૂબ ખુશ થશે. બિલકુલ બેદરકાર ન બનો, કારણ કે તમારા પૈસા ક્યાંક ફસાઈ જવાની શક્યતા છે. થોડી સમજદારી દાખવીને ખર્ચ કરવો.વિદ્યાર્થીઓએ પોતાનું ધ્યાન અભ્યાસ પર કેન્દ્રિત રાખવું જોઈએ. સ્વાસ્થ્યને લઈને તમને થોડો તણાવ રહેશે.

GaneshaSpeaks.com
Your friend, astrologer & guide

કેવું રહેશે ૨૦૨૬!
જાણો, ગણેશાસ્પીક્સ ના
વિદ્વાન જ્યોતિષિયો પાસેથી
ગણેશાસ્પીક્સ એપ ડાઉનલોડ કરો, અને મેળવો
₹100/- ના રિચાર્જ પર ₹200/- નું બેલેન્સ

QR સ્કેન કરો ગણેશાસ્પીક્સ એપ
ડાઉનલોડ કરો

આ સેવામાં જ્યોતિષીઓ 24 કલાક 365 દિવસ ઉપલબ્ધ હોય છે જેથી તમે તમારી સગવડ પ્રમાણે કોલ કરી શકો છો.

જ્યોતિષીને આપેલી તમારી માહિતી અને તેમની સાથે કરેલી ચર્ચા સંપૂર્ણ ખાનગી રહેશે.



# લગ્ન વિષયક



* સ્થાનકવાસી જૈન, ૨૫ વર્ષ, ઊંચાઈ ૫'૧૧'', BE, M.Tech થયેલ, બેંગલુરૂ વોલમાર્ટમાં જોબ ધરાવતા, ફેમીલી અમદાવાદ સેટલ, યુવક માટે માત્ર જૈન યુવતીઓના બાયોડેટા આવાકાર્ય છે.
મો.: ૯૮૯૮૨ ૧૧૯૮૩ / ૯૮૯૮૨ ૮૭૮૩૫

* B.Tech (Automobile) થયેલ, દશાશ્રીમાળી વૈષ્ણવ, જન્મ વર્ષ ૧૯૯૩, ઊંચાઈ ૫'૮'', હાલ Alpino Health Foods Pvt. Ltd., સુરતમાં Sales Head તરીકે કાર્યરત. ફેમિલી સાથે વલસાડમાં વેલસેટલ. યોગ્ય ગ્રેજયુએટ સ્થાનકવાસી જૈન, વૈષ્ણવ અથવા બ્રાહ્મણ યુવતીઓના વાલીઓ સંપર્ક કરે.
મો.: ૮૧૬૦૩ ૦૨૩૪૯

* વેરી વેલસેટલ ફેમિલીના, ૨૬ વર્ષ, ઊંચાઈ ૫'૭'', વડનગરા નાગર, B.A. (Hons.) in Economics થયેલ. Equity Marketમાં Individual Investor તરીકે કાર્યરત. વલસાડ સ્થિત યુવક માટે ઉચ્ચજ્ઞાતિની સમકક્ષ યુવતીઓના વાલીઓ સંપૂર્ણ બાયોડેટા સાથે સંપર્ક કરે.
મો.: ૯૮૨૪૧ ૭૬૬૭૩ / ૯૪૨૭૧ ૧૯૩૪૩
ઈ-મેઈલઃ kavanpdesaigmail.com

* MBA (Finance), ૩૦ વર્ષ, ઊંચાઈ ૬'૧'', દશાશ્રીમાળી વૈષ્ણવ યુવક. હાલ હૈદરાબાદમાં નોકરી કરે છે, જ્યારે પરિવાર જૂનાગઢમાં વેલસેટલ છે. શિક્ષિત, સંસ્કારી અને ઉચ્ચજ્ઞાતિની યુવતીઓના બાયોડેટા આવકાર્ય.
મો.: ૯૪૨૮૩૭૫૬૬૯ / ૯૪૦૮૫૫૫૫૫૭
ઈ-મેઈલઃ banship.82gmail.com

* મુંબઈ સ્થિત, લેઉવા પટેલ, ૨૯ વર્ષ, ઊંચાઈ ૫'૬'', B.E. Computer Engineer, સ્વતંત્ર વ્યવસાય ધરાવતા યુવક માટે યોગ્ય યુવતીઓ સંપર્ક કરે. પટેલ જ્ઞાતિની યુવતીને પ્રથમ પસંદગી.
મો.: ૮૮૭૯૧ ૨૫૫૫૯
ઈ-મેઈલઃ mihirc.mihirgmail.com

* વડોદરા સ્થિત, જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક, વિશાશ્રીમાળી, ૩૯ વર્ષ, ઊંચાઈ ૫'૫'', M.Com., CA Foundation તથા CCC થયેલ. Academic Administrator તરીકે કાર્યરત. જૈન જ્ઞાતિની સંસ્કારી યુવતીઓના વાલીઓ સંપૂર્ણ બાયોડેટા સાથે સંપર્ક કરે.

* USA (સીયાટલ) સ્થિત, H1-B વિઝાધારક, જન્મ વર્ષ ૧૯૯૬, મૂળ વડોદરા, ઊંચાઈ ૫'૭'', M.S. (Electrical Engineering) થયેલ. એવિએશન કંપનીમાં નોકરી કરે છે. દેખાવડા રાજપૂત યુવક માટે યોગ્ય યુવતીઓના વાલીઓ સંપર્ક કરે. હાલમાં યુવકના વાલીઓ પણ સીયાટલમાં છે.
મો.: ૯૪૨૮૬ ૯૨૨૨૦ / +૧ ૩૪૬ ૭૧૯ ૭૨૨૬
ઈ-મેઈલઃ smitsolanki007gmail.com

* મુંબઈ સ્થિત, જન્મ વર્ષ ૧૯૯૧, ઊંચાઈ ૬'૧'', Automobile Engineer, Corporate Sectorમાં Lead Engineer તરીકે કાર્યરત વેરી વેલસેટલ વૈષ્ણવ યુવક.

* કેનેડા સ્થિત, સ્માર્ટ અને હેન્ડસમ શ્વેતાંબર જૈન યુવક, ઉંમર ૨૭ વર્ષ, ઊંચાઈ ૫'૧૦'', B.Tech (Computer Science), MBA (ચાલુ). Corporate Sectorમાં Senior Manager તરીકે કાર્યરત. પરિવાર વડોદરામાં વેલસેટલ. ઉચ્ચજ્ઞાતિની ક્વોલિફાઈડ યુવતીઓના વાલીઓ સંપર્ક કરે. અમેરિકા અથવા કેનેડા સ્થિત પાત્રને પ્રથમ પસંદગી. મો.: ૯૮૨૫૦ ૩૩૨૦૭

* અમદાવાદ સ્થિત, દેરાવાસી દશાશ્રીમાળી જૈન, ૩૦ વર્ષ, ઊંચાઈ ૫'૯'', B.Com., LL.B. થયેલ. પોતાનો વ્યવસાય તથા વકીલાતની પ્રેક્ટિસ કરે છે. ઉચ્ચજ્ઞાતિની સમકક્ષ યુવતીઓના વાલીઓ સંપર્ક કરે.
અશોકભાઈ શાહઃ ૯૮૨૫૧ ૯૧૮૮૧

* વડોદરા વેલસેટલ ફેમિલીના જૈન યુવક, ઉંમર ૨૮ વર્ષ, ઊંચાઈ ૫'૩'', B.Com. તથા Computer Hardware Networking ક્ષેત્રે અભ્યાસ કરેલ. TCSમાં નોકરી કરે છે. ડિવોર્સી યુવક માટે ઉચ્ચજ્ઞાતિની અપરિણીત, વિધવા અથવા ડિવોર્સી યુવતીઓના બાયોડેટા આવકાર્ય.
મો.: ૮૮૪૯૬ ૩૨૦૪૪ / ૯૪૨૮૨ ૮૬૬૦૨

* વડોદરા વેલસેટલ ફેમિલીના હેન્ડસમ બ્રહ્મભટ્ટ યુવક, ઉંમર ૩૨ વર્ષ, ઊંચાઈ ૫'૧૧'', B.Tech (Mechanical Engineering) થયેલ. Senior Marketing Officer તરીકે કાર્યરત. સંસ્કારી અને શિક્ષિત યુવતીઓના વાલીઓ સંપર્ક કરે. મો.: ૯૫૮૬૨ ૬૨૩૭૧
ઈ-મેઈલઃ mrugesh273gmail.com

* મુંબઈ સ્થિત તથા USAમાં સ્થાયી, જન્મ વર્ષ ૧૯૮૮, ઊંચાઈ ૫'૧૦'', Masters in Aeronautics થયેલ. Commercial Pilot તથા USAમાં ભાગીદારીના વ્યવસાય સાથે વેલસેટલ વૈષ્ણવ યુવક.

* સ્માર્ટ અને હેન્ડસમ, B.Com. તથા MBA (ચાલુ), પોતાનો વ્યવસાય ધરાવતા, વડોદરા વેલસેટલ ફેમિલીના સ્થાનકવાસી દશાશ્રીમાળી જૈન યુવક, ઉંમર ૨૭ વર્ષ, ઊંચાઈ ૫'૬''. સમકક્ષ યોગ્ય યુવતીઓના વાલીઓ સંપર્ક કરે.
મો.: ૯૪૨૬૦ ૧૯૨૯૨ / ૯૪૨૮૩ ૬૭૦૭૧

* મુંબઈ સ્થિત, પરિવાર અમદાવાદમાં વેલસેટલ, જૈન યુવક, ઉંમર ૩૬ વર્ષ, ઊંચાઈ ૫'૧૧'', B.E. (Mechanical) થયેલ. Corporate Sectorમાં કાર્યરત. ડિવોર્સી યુવક માટે સમકક્ષ યુવતીઓના વાલીઓ સંપર્ક કરે.
મો.: ૯૨૬૫૧ ૩૭૫૯૬ / ૭૪૯૮૨ ૮૬૦૪૨

* દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન, વડોદરા સેટલ, ૨૬ વર્ષ, ઊંચાઈ ૫'૫'', M.Com, CMA (Inter Grp 1 Cleared), સુંદર, સુશીલ, Family Oriental યુવતી માટે વેલ એજ્યુકેટેડ, વેલસેટલ જૈન અને Indiaમાં સેટલ યુવકોની પસંદગી છે.
મો.: ૯૯૨૫૫ ૯૨૪૧૨ / ૯૪૨૭૪ ૪૫૩૩૯

* સુંદર સંસ્કારી, ડોક્ટર (BDS- MDS), કચ્છી લોહાણા, ૫'૧'' ઊંચાઈ, ૨૯ વર્ષ, પોતાની પ્રેક્ટિસ ધરાવતી, અમદાવાદ વેલસેટલ યુવતી માટે યોગ્ય, સમકક્ષ ઉચ્ચજ્ઞાતિ (લોહાણા પ્રથમ પસંદગી)ના યુવકો સંપર્ક કરે.
મો- ૯૯૦૯૯ ૨૧૬૦૭
Email - suramyampllp@gmail.com

* મુંબઈ સ્થિત, હાઈલી સેટલ ફેમિલીના ૧૯૯૧, ૫'૩'' વૈષ્ણવ Certified Master in Finance (USA), Financial Planner, યુવતી.

* મુંબઈ સ્થિત, ૧૯૯૨, ૫'૪'', M.Com, Inter CA વૈષ્ણવ વાણિયા યુવતી.

* ફેર એન્ડ સ્માર્ટ, ઉંમર ૨૬ વર્ષ, ૫'૩'', MBA થયેલ, સારી નોકરી ધરાવતી, ઠક્કર જ્ઞાતિની, ઇન્દોર સ્થિત વેલ-સેટલ બિઝનેસ ફેમિલીની યુવતી માટે યોગ્ય પાત્રોના બાયોડેટા આવકાર્ય.
મોઃ ૯૩૯૯૦૬૩૪૩૦

* મુંબઈ સ્થિત, ૧૯૯૬ જન્મવર્ષ, ઊંચાઈ ૫'૨'', B.Com., Masters in Finance Market, સુંદર વૈષ્ણવ યુવતી, Bombay Stock Exchangeમાં કાર્યરત.

* મુંબઈ સ્થિત, ૧૯૯૨, ૫'૦'', Diploma in Administration Service વૈષ્ણવ યુવતી.

* અમદાવાદ સ્થિત, મૂળ આણંદના, ૧૯૯૧, ૫'૩'' M. Pharma, PHD, યુવતી.

* મુંબઈ સ્થિત, જૈન, ૧૯૯૧, ૫'૩'' M. Com., વેરી વેલસેટલ ફેમિલીની યુવતી.

* Oman સ્થિત, મૂળ અમદાવાદ, ૧૯૯૧, ૫'૩'' ગાયનેકલોજિસ્ટ કચ્છી હિન્દુ લોહાણા યુવતી.

* લંડન સ્થિત, મૂળ જૂનાગઢના, ૧૯૯૧, ૫'૫'' લોહાણા વૈષ્ણવ LLB, ડાયવોર્સી યુવતી.

* મુંબઈ સ્થિત, ૧૯૮૧, ૫'૪'' Diploma in Hotel Management, યુવતી.

* વડોદરા સ્થિત, ૧૯૯૫, ૫'૩'' B.E (C.E) MNC માં જોબ ધરાવતી જૈન યુવતી.

* ૧૯૯૨ જન્મવર્ષ, ઊંચાઈ ૫'૩'', મધ્યપ્રદેશ સ્થિત, MNCમાં નોકરી કરતી, વેલ-સેટલ, સ્માર્ટ અને સુંદર બ્રાહ્મણ યુવતી માટે યોગ્ય યુવકોના બાયોડેટા આવકાર્ય.

* મુંબઈ સ્થિત, ૧૯૮૬, ૫'૪'' Home Science, Fashion Designer, વેલ સેટલ વૈષ્ણવ યુવતી.

* વડોદરા સ્થિત, ૧૯૯૩, ૫'૪'' B.Com, DTS, CS (Continue) વૈષ્ણવ યુવતી.

ઉપરોક્ત બાયોડેટામાં રસ ધરાવનાર યોગ્ય પાત્રોએ સંપૂર્ણ બાયોડેટા + ફોટા + જન્માક્ષર સાથે વિગત લખીને મોકલવી
info@feelingsmultimedia.com, atulshah496@gmail.com

9712945133
(સમય : સવારે ૧૧ થી સાંજે ૬ કલાક)




## અમેરિકાના કેલિફોર્નિયામાં આવેલ અરવાઈન શહેરમાં ઉજવાયો પુષ્ટિમાર્ગીય શ્રીનાથજી હવેલીનો પાટોત્સવ

તાજેતરમાં યુ.એસ.એ.ના કેલિફોર્નિયામાં આવેલ અરવાઈન શહેરમાં ઉજવાયેલ પુષ્ટિમાર્ગીય શ્રીનાથજી હવેલીના પાટોત્સવમાં વડોદરાથી પુષ્ટિમાર્ગીય ષષ્ઠ પીઠાધીશ્વર પ.પૂ. શ્રી દ્વારકેશલાલજી મહારાજ પધાર્યા હતા. આ પ્રસંગે વૈષ્ણવ સમાજ દ્વારા ત્રણ મોટા મનોરથ કરવામાં આવ્યા હતાં. વડોદરાના પૂર્વ મેયર શ્રી ઉમાકાંત જોષી સહિત મોટી સંખ્યામાં ત્યાંના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ પૂ. શ્રી દ્વારકેશલાલજી મહારાજના દર્શન અને આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.

## વડોદરાના સંદિપ રાઠોડને મુંબઈમાં ફેશન ફોટોગ્રાફર અને ફિલ્મમેકરનો એવોર્ડ



મુંબઈમાં લતા મંગેશકર ઓડિટોરિયમમાં આયોજિત ઈન્ડિયન સિતારે બોલિવુડ એવોર્ડ સમારંભ સીઝન-૩ના એવોર્ડ સમારંભમાં બોલિવૂડ સ્ટાર આદિત્ય પંચોલીના હસ્તે વડોદરાના ફેશન કોરિયોગ્રાફર અને ફિલ્મ મેકર સંદીપ રાઠોડને 'ફેશન ફોટોગ્રાફર અને ફિલ્મ મેકર' એવોર્ડ એનાયત કરાયો હતો તેમજ મૅકેશ ચૌહાણને પણ ડીઓપી એન્ડ બેસ્ટ ફોટોગ્રાફર એવોર્ડ એનાયત કરાયો હતો.




## AACA દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન તથા લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ અને AGM નો કાર્યક્રમ યોજાયો

અમદાવાદ એડવર્ટાઝિંગ સર્કલ એસોસિએશનના ઉપક્રમે તાજેતરમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, સિનિયર મેમ્બરને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ તથા AGMનો કાર્યક્રમ અમદાવાદમાં આયોજિત થયો હતો. તેજસ્વી બાળકોને પ્રોત્સાહિત કરવા માટે ખુબ જ સુંદર ગિફ્ટ્સ હેમ્પરનું વિતરણ કરાયું હતું. સંસ્થાના મંત્રીશ્રી જગતભાઈ ગાંધીના જણાવ્યા મુજબ, AACAનો વર્ષ ૨૦૨૬નો સિનિયર મેમ્બર લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ સંસ્થાના સિનિયર મેમ્બર શ્રી ભરતભાઈ શાહ તથા શ્રી હિતેશભાઈ શાહને એનાયત થયો હતો.

## અમદાવાદ (વસ્ત્રાપુર)માં હાયર ધેન હોપ ફાઉન્ડેશન દ્વારા શરૂ કરાઈ 'પુસ્તક પરબ'




વાંચનની સંસ્કૃતિને વધુ સમૃદ્ધ બનાવવા અને સમાજમાં જ્ઞાનના પ્રસારને પ્રોત્સાહિત કરવા માટે 'હાયર ધેન હોપ ફાઉન્ડેશન' દ્વારા માતૃભાષા અભિયાનના સહયોગથી 'વાંચન વૃક્ષ પુસ્તક પરબ' નામની એક અનોખી અને પ્રેરણાદાયી પહેલનો શુભારંભ તાજેતરમાં અમદાવાદ થયો છે. ફાઉન્ડેશનના સ્થાપકો ક્ષિતિજ ઠાકોર (મો. નં.: ૯૮૨૪૪ ૨૪૨૧૨) તથા પરેશ શેઠ દ્વારા આયોજિત આ પુસ્તક પરબનું ભવ્ય ઉદ્‌ઘાટન અમદાવાદના મેયર શ્રી હિતેશભાઈ બારોટના હસ્તે થયું હતું.

આ પહેલનો મુખ્ય હેતુ સમાજમાં વાંચનની આદત વિકસાવવાનો છે, તથા દરેક વર્ગના લોકો સુધી પુસ્તકો સરળતાથી પહોંચાડવાનો છે.

## મુંબઈમાં અખિલ ટ્રસ્ટે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ કર્યું




મુંબઈની જાણીતી સેવાભાવી સંસ્થા અખિલ ટ્રસ્ટે મહારાષ્ટ્ર સ્ટેટ વિમેન્સ કાઉન્સિલ સંચાલિત 'બાપનું ઘર'ના ફોસ્ટર કેરમાં ભણતા આશરે ૨૫૦ બાળકોને લોંગ નોટબુક, સ્કૂલબેગ, કલર અને પેન્સિલબોક્ષ તેમજ ભૂમિતિ અને ભૂગોળના કંપાસબોક્ષ, તથા છત્રી વગેરેનું નિ:શુલ્ક વિતરણ કર્યું હતું.

આ ઉમદા કાર્ય દરમિયાન ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રીમતી રાખી માખરિયા, પ્રમુખ શ્રીમતી ઈન્દિરાબેન કિનારીવાલા, ટ્રસ્ટી શ્રીમતી આશા પારેખ, સમિતિ સભ્યો સર્વશ્રી વિરેન્દ્ર સુગંધીયા, પ્રયાગ કિનારીવાલા, શ્રીમતી સ્મિતાબેન શાહ, ભરતભાઈ શાહ, દિનેશ ભાટીયા, કૈલાશ શર્મા સહિત સમાજના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર સેવાકાર્યના આયોજન માટે શ્રીમતી દર્શના અશ્વિન મહેતાનો આર્થિક સહયોગ રહ્યો હતો.

અહેવાલ : ધર્મેશ વકીલ, મુંબઈ

## 'ફીલિંગ્સ' મેગેઝિનના લેખકો સંજય થોરાત 'સ્વજન' અને કેતન નાણાવટી ગાંધીનગર સાહિત્યસભાના પદાધિકારીઓ થયા





ગાંધીનગર સાહિત્યસભાની યુવાન ટીમ શ્રી સંજય થોરાતના નેતૃત્વ હેઠળ બિનહરીફ ચૂંટાઈ આવેલ હોઈ ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ તરીકે શ્રી સંજય થોરાત 'સ્વજન'ની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

'ફીલિંગ્સ'ના બીજા લેખક શ્રી કેતન નાણાવટી પણ ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી તરીકે પસંદગી પામ્યા છે. આમ ગાંધીનગર સાહિત્યસભાના બે મુખ્ય પદાધિકારીઓ 'ફીલિંગ્સ' પરિવારના લોકપ્રિય લેખકો હોઈ ફીલિંગ્સ ગૌરવ અનુભવે છે. ઉલ્લેખનીય છે કે, આ બંને લેખકો ફીલિંગ્સ પરિવાર સાથે લાંબા સમયથી સંલગ્ન છે તેઓને ઉજ્જવળ ભવિષ્યની અનેક-અનેક શુભકામનાઓ.

## વડોદરાના રોનીત જોશીનો ૧૦મો વિશ્વ રેકોર્ડ




જયપુર સ્થિત રિઝનલ સાયન્સ સેન્ટર ખાતે Influence Book of World Record દ્વારા વડોદરાના રોનીત જોશીને (૯ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર) આંખે પાટો બાંધીને બે કિલોમીટર સુધી એક પૈડાની સાઈકલ (યુનિસાઈકલ) ચલાવવાના અદ્દ્ભૂત કાર્ય બદલ મેડલ તથા સર્ટિફિકેટ એનાયત કરીને તેનું સન્માન કરવામાં આવ્યું હતું.

## અહિંસાના ઉપાસક નીતિન મહેતાને લંડનમાં સ્ક્રોલ ઓફ ઓનરથી સન્માનિત કરાયા



ભારતીય સંસ્કૃતિને વિશ્વમાં ગૌરવ અપાવતા સવાયા ગુજરાતી શ્રી નીતિન મહેતાને તાજેતરમાં લંડન ખાતે હાઉસ ઓફ કોમન્સમાં ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ જ્યુરિસ્ટ્સ દ્વારા 'સ્ક્રોલ ઓફ ઓનર' યાને પ્રશંસાપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી નીતિન મહેતા એક ઉત્તમ લેખક અને સામાજિક કાર્યકર્તા તરીકે વિશ્વના અલગ અલગ દેશોમાં પ્રવાસ કરી ભારતીય સમુદાયને એક મંચ પર એકત્રિત કરે છે. સમગ્ર વિશ્વમાં પ્રાણી કલ્યાણ માટે તથા શાકાહારનો વ્યાપ વધે જેથી જીવહિંસા ઘટે તે માટે વિવિધ કાર્યક્રમો, ઝૂંબેશો અને ઉત્તમ લખાણોના માધ્યમથી લોકોમાં જાગૃતિ લાવી રહ્યાં છે. 'ફીલિંગ્સ' દ્વારા પણ તેઓને 'ફીલિંગ્સ પ્રાઈડ ઓફ ઈન્ડિયા એવોર્ડ' અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા છે.

## એમ્બિવેલી સિટીમાં પૂ. શ્રી ધીરગુરુદેવનો ઐતિહાસિક ચાતુર્માસ પ્રવેશ





એમ્બિવેલી સિટીમાં પૂ. શ્રી ધીરગુરુદેવ અને પૂ. મીનાજી મ.સ.નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ ઉત્સવ યોજાયો હતો. દેશ-વિદેશના અનેક સંઘોના ભાવિકોની હાજરીથી શોભાયાત્રા ભક્તિમય બની રહી. અમીશા-નીરજ વોરા પરિવારે ઉપસ્થિત સૌનું હાર્દિક સ્વાગત કર્યું હતું. ધર્મસભામાં પૂ. ગુરુદેવે જીવનમાં હંમેશા ચહેરા પર સ્મિત અને આનંદથી જીવવાનો સંદેશ આપ્યો હતો.

આ પાવન પ્રસંગે અંગ્રેજી સહિત પાંચ ભાષામાં પ્રકાશિત 'દશવૈકાલિક સૂત્ર ગ્રંથ'નું ભવ્ય વિમોચન માલિનીબેન કિશોરભાઈ સંઘવી પરિવારના હસ્તે થયેલ. પૂ. મહાસતીજી દ્વારા શાસ્ત્ર ગાથાનું સમૂહગાન કરાવવામાં આવ્યું હતું. જૈન સમાજના અગ્રણીઓ શ્રી મહેન્દ્ર સંગોઈ, શ્રી નવીન દોશી તથા શ્રી યોગેશ લાઠિયા સહિત ઘણાં બધા મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ પ્રસંગ ભક્તિ, સેવા અને ગુરુવંદનાનો યાદગાર અવસર બની રહ્યો.



## વિશ્વ સંવાદ કેન્દ્ર દ્વારા પત્રકારોનું 'દેવર્ષિ નારદ પુરસ્કાર'થી સન્માન કરાયું



ચાલુ વર્ષે 'દેવર્ષિ નારદ પત્રકાર સન્માન' માટે વિશ્વ સંવાદ કેન્દ્ર, ગુજરાતની નિષ્ણાત સમિતિ દ્વારા જે વરિષ્ઠ પત્રકારોની પસંદગી કરાઈ હતી, તેમાં રિવોઈ ન્યૂઝ પોર્ટલ (REVOI)ના એક્ઝિક્યુટિવ એડિટર અલકેશ પટેલ સંદેશની વડોદરા આવૃત્તિના તંત્રી મયૂર પાઠક, ઈલેક્ટ્રોનિક મીડિયા એબીપી અસ્મિતાના રોનક પટેલ તથા ગુજરાત સમાચારના કૉલમ લેખક શિશિર રામાવતને 'દેવર્ષિ નારદ પત્રકારત્વ એવોર્ડ'થી નવાજવામાં આવ્યા હતા.

ગુજરાત સમાચારના મુંબઈ આવૃત્તિના હેડ શ્રી ભાલચંદ્ર જાનીનું આ પ્રસંગે વિશેષ સન્માન કરવામાં આવેલ. જ્યારે રેડિયો પત્રકારત્વ વિભાગમાં ફીવર એફએમના આર.જે. શ્રી હાર્દિક પ્રજાપતિને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

# Feelings મિર્ચી

## વાદળોની રાજનીતિ

આ વખતે તો વાદળ પણ નેતાના રંગે રંગાયા,
તમે ન આવ્યા તો સૂરજદાદા ય આકરા થયા,
ધરતી, માનુષ, નદી તરસે, પણ મેઘ ન દેખાયા.

ચૂંટણી સમયે છત્રી લઈ જેણે મત માગ્યા'તા,
મત લઈ, કામથી ભીંજાવાના વાયદા ભૂલાયા.

જગતના તાત આભે જુએ, નભ કોરું કોરું,
વીજળીના ચમકારામાંય જાણે કાપ મૂકાયા.

આકાશ પણ ભ્રષ્ટ ! થઈ વાદળની હેરાફેરી,
મોર થાક્યા ટહુકી, વાદળ તોય ન આવ્યા.

વાદળ શ્યામ છે, શ્રધ્ધા છે, વરસશે તો ખરા,
રાધાપ્રિય છે, નેતા નથી, નિયમ ન વિસરાયા.

પ્રજ્ઞેશ કહે નિરાશા હટી સાચકલા વાદળ છવાશે,
માધવ, આસ્થાના આંસુ હજુ નથી સુકાયા !

– ડૉ. પ્રજ્ઞેશ શાહ



પાણી પુરી મળે, ભેળ પુરી મળે,
છોલે પુરી મળે, રસ પુરી મળે,
શ્રીખંડ પુરી મળે, ખીર પુરી મળે
પણ.....
આ મોબાઈલને કારણે ઉંઘ પુરી ન મળે!

## અંતિમ સંસ્કારની ચિતા પર સળગેલો અહંકાર



પુણેની એક મોટી સ્મશાનભૂમિમાં બપોરના ૩ વાગ્યા હતા. 'રોહન' (ઉંમર ૩૫), અમેરિકાની એક મોટી સોફ્ટવેર કંપનીમાં વાઇસ પ્રેસિડન્ટ, ફ્લાઈટમાંથી ઉતરીને સીધો સ્મશાનભૂમિમાં આવ્યો હતો. તેના પિતા 'સદાશિવરાવ' (ઉંમર ૭૫)નું ગઈ કાલે રાત્રે અવસાન થયું હતું. હાથમાં લેપટોપ બેગ અને આંખે રેબેનના ચશ્મા પહેરેલો રોહન વારંવાર ઘડિયાળ જોઈ રહ્યો હતો.

'મોક્ષ ઈવેન્ટ મેનેજમેન્ટ'ના કર્મચારી સુમિતે તમામ તૈયારીઓ કરી દીધી હતી. રોહને પિતાના ચહેરા તરફ એક નજર કરી, આંખમાંથી બે ટીપાં આંસુ સરક્યાં અને તરત જ બોલ્યો, 'બધું તૈયાર છે ને? મારે સાંજે ૬ વાગ્યાની ફ્લાઈટ પકડવાની છે. કૃપા કરીને ઝડપથી બધું પૂર્ણ કરો.'

સુમિતને નવાઈ લાગી. જે પિતાએ દીકરાને ઉછેર્યો, તેમની ચિતાની પાસે ઉભા રહેવા પણ દીકરા પાસે સમય નહોતો.

વિધિઓ પૂર્ણ થઈ. રોહને અગ્નિ આપ્યો. ત્યારબાદ તેણે સુમિતને પૂછ્યું, 'તમારું બિલ કેટલું થયું? હું હમણાં જ ચેક આપી દઉં. અસ્થિવિસર્જન પણ તમે જ કરી દેજો.'

સુમિતે શાંતિથી કહ્યું, 'સાહેબ, બિલ તો પહેલેથી જ પેઈડ છે.' રોહન ચોંકી ગયો. 'કોણે ચૂકવ્યું?'

સુમિત બોલ્યો, પાંચ વર્ષ પહેલાં તમારા પિતા અમારી ઓફિસમાં આવ્યા હતા. તેમણે પોતાની અંતિમવિધિનું આખું પેકેજ બુક કરાવ્યું હતું અને કહ્યું હતું કે મારા દીકરાને કોઈ તકલીફ ન પડે. સાથે આ ચિઠ્ઠી પણ આપી હતી.

રોહને ધ્રૂજતા હાથથી ચિઠ્ઠી ખોલી.

'પ્રિય રોહન,

મને ખબર છે કે તું બહુ વ્યસ્ત છે. મારા અવસાન પછી તારે રજા, ટિકિટ અને મીટિંગની ચિંતા થશે. એટલે મેં મારી અંતિમવિધિની તમામ વ્યવસ્થા પહેલેથી જ કરી દીધી છે.

તું આવે તો સારું, ન આવે તો પણ મને કોઈ રંજ નથી.

ફક્ત એક વિનંતી... નાનપણમાં મેં તારો હાથ ક્યારેય છોડ્યો નહોતો. આજે અગ્નિ આપતી વખતે તારો હાથ કંપે નહીં.

જલદી પરત જા... તારી પત્ની રાહ જોઈ રહી હશે.

– તારો બાપ'

ચિઠ્ઠી વાંચતા જ રોહનના હાથમાંથી ચેકબુક પડી ગઈ. તે ઘૂંટણિયે બેસી રડી પડ્યો.

પિતાજી... મને માફ કરો. મેં કરોડો રૂપિયા કમાયા, પણ હું તો ગરીબ નીકળ્યો. મારા બાપાએ મરતાં પણ મારી મીટિંગનો વિચાર કર્યો... અને હું તેમના અંતિમ દર્શનનો હિસાબ કરી રહ્યો હતો.

તે દિવસે રોહન ફ્લાઈટ પકડી શક્યો નહીં. તે આખી રાત ચિતાની સામે બેસી રહ્યો. કારણ કે તેને સમજાયું કે 'પ્રીપેઈડ' ફક્ત સિમકાર્ડ હોઈ શકે, પિતાનો પ્રેમ નહીં. પિતાનો પ્રેમ તો હંમેશાં 'અનલિમિટેડ' હોય છે.

દુનિયામાં ગમે તેટલા મોટા બનો, પણ જેમણે તમારી લંગોટ બદલી, તેમના અંતિમ પ્રવાસમાં તેમની સાથે રહેવાનો સમય જરૂર કાઢજો. એજન્સી અંતિમવિધિ કરી શકે, પરંતુ આંસુ એજન્સીના નથી હોતા તે લોહીના સંબંધમાં જ હોય છે.

Owned & Published by Atul J. Shah
(Hi-Tech Vision) Feelings Multimedia Ltd., 102-104, Pacific Plaza, V.I.P. Road, Karelibaug, Vadodara - 390018. (M) 98253 28488 Editor : Atul Shah


Chandan®
MOUTH FRESHENER
Khaane ki Happy Ending!
MONSOON
Royal Freshness
Chandan
SPECIAL JEERAVATI
Chandan
KASHMIRI MUKHWAS
Sweety Imli
Chandan
PACK OF 50
Chandan
Khaane ki Happy Ending!
Elaichi Saunf
Cardamom and Fennel Mix
Satiate your taste buds
MOUTH FRESHENER
Chandan
Elaichi Saunf
For Export Dept
: exports@chandanmukhwas.com
: +91 8104107284
For Modern Trade Dept
: moderntrade@chandanmukhwas.com
: +91 8104107287
For Retail Dept
: retail@chandanmukhwas.com
: +91 8104107285
The house of Chandan hereby solicit enquiries for:
• Distributor / Retail Sales • Institutional Sales
• Hospitality • Pharmaceutical Chains • Corporate Gifts
Premium
Natural
Ethnic
▸Mouth Freshener, ▸Digestives, ▸Paan
▸Confectioneries ▸Superfood ▸Snacks
Reach us on /chandan.mukhwas /chandanmukhwas /chandanmukhwas
Products are also Available at /www.chandanmukhwas.com
blinkit
zepto
bigbasket A TATA Enterprise
instamart
DMart
Reliance SMART SUPERSTORE
METRO
Walmart
A TATA and TESCO Enterprise
star
amazon.in

NSE IPFT

Soch kar
Samajh kar
Invest kar

# રોકાણ કરતા પહેલાં સેબી ની વેબસાઇટ પર બ્રોકરની માહિતી તપાસી લો




સમજદાર બનો

હમણાં સ્કેન કરો